૨૦૪ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 30 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 February 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર, ૫ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦

લાડકી પૂર્તિ



આરોન જ્યોર્જની શાનદાર સદીની મદદથી ભારત અન્ડર-૧૯ વર્લ્ડ કપની ફાઈનલમાં ૮

# લોકસભામાં ડ્રામા: પીએમની સીટને ઘેરી વિપક્ષી મહિલા સાંસદોએ

## હુમલો કરવાનો ઈરાદો હોવાનો ભાજપનો આક્ષેપ: વિરોધ પક્ષોએ લોકસભા માથે લીધી: વડા પ્રધાનનું સંબોધન મોકૂફ રાખવા પડ્યું

નવી દિલ્હી: ભાજપના સાંસદ મનોજ તિવારીએ વિપક્ષના સાંસદોની ધાંધલધમાલને કારણે લોકસભાની કાર્યવાહી સ્થગિત થયા પછી આક્ષેપ કર્યો હતો કે વિપક્ષની મહિલા સાંસદોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની બેઠકને ઘેરી લીધી હતી અને તેઓ પર હુમલો કરવા માગતી હતી.

મોદી રાષ્ટ્રપ્રમુખના સંસદમાંના પ્રવચન બદલ આભાર માનતી દરખાસ્ત અંગે સાંજે પાંચ વાગ્યે બોલવાના હતા, પરંતુ વિપક્ષના ભારે શોરબકોરને લીધે ગૃહની બેઠક મુલતવી રાખવામાં આવતા મોદીનું પ્રવચન ટળ્યું હતું.

લોકસભામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સંબોધન મુલતવી રાખવામાં આવ્યું હતું. વિપક્ષના સતત હોબાળાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. વડાપ્રધાન મોદી ગુરુવારે લોકસભામાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપશે. નોંધનીય છે કે મોદી બુધવારે સાંજે પાંચ વાગ્યે લોકસભામાં પોતાનું ભાષણ આપવાના હતા પરંતુ વિપક્ષી સાંસદોના હોબાળાને કારણે આ અટકાવી દેવામાં આવ્યું હતું.

વિવિધ મુદ્દાઓ પર વિપક્ષ દ્વારા વારંવાર કરવામાં આવેલા હોબાળા વચ્ચે બુધવારે લોકસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. જ્યારે ભાજપના પી.પી. ચૌધરી પ્રસ્તાવ પર બોલવા માટે ઊભા થયા ત્યારે વિપક્ષી સભ્યો સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. ગૃહના અધ્યક્ષ સંધ્યા રાયે

(જુઓ પાનું ૨) ▶▶

## મુખ્ય ચૂંટણી કમિશનરને ઈમ્પીચ કરવા સંબધે વિપક્ષ સાથે મળીને ફેંસલો કરશે

નવી દિલ્હી: પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મંગળવારે ચૂંટણી પંચના વડા જ્ઞાનેશ કુમાર સામે મહાભિયોગ દરખાસ્ત લાવવાનું સૂચન કર્યું હતું. આના જવાબમાં કૉંગ્રેસના નેતા કે. સી. વેણુગોપાલે બુધવારે કહ્યું હતું કે મહાભિયોગ દરખાસ્ત અંગે વિરોધ પક્ષો સહિયારો નિર્ણય લેશે. સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવે પશ્ચિમ બંગાળમાં મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા (સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન, 'સર') સામેની લડતમાં મમતાને વ્યાપક ટેકો આપ્યો હતો. જોકે લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાધીએ આ અંગે ટિપ્પણી કરવાની ના પાડી હતી.

## 'તૂ ગદ્દાર': 'તૂ દેશકા દુશ્મન'

### સંસદના ગેટ પર રાહુલ ગાંધી અને ભાજપી સાંસદ રવનીતસિંહ વચ્ચે 'તૂતૂ-મૈં મૈં'

નવી દિલ્હી: વિપક્ષ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનને પગલે બુધવારે લોકસભાની કાર્યવાહી મુલતવી રાખવામાં આવ્યા બાદ વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કેન્દ્રિય પ્રધાન રવનીતસિંહ બિટ્ટુ વચ્ચે સંસદના પરિસરમાં શાબ્દિક ટપાટપી થઈ હતી. ઘટનાને પગલે બુધવારે લોકસભાની કામગીરી બપોરના ૧૨ વાગ્યા સુધી મોકૂફ રાખવામાં આવી હતી.

રાહુલ ગાંધી અને કૉંગ્રેસના સાંસદો વિપક્ષના આઠ સભ્યના સસ્પેન્શનનો વિરોધ કરવા જ્યાં એકઠાં થયાં હતાં ત્યાં એટલે કે સંસદના મેકર ટાવર નજીક આ ઘટના બની હતી.

કૉંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ રવનીતસિંહ બિટ્ટુ ગ્રૂપની પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે પ્રદર્શન કરી રહેલા સાંસદો પર એમ કહીને પ્રહાર કર્યા હતા કે એમ લાગી રહ્યું છે જાણે આ લોકો કારગિલનું યુદ્ધ જીતીને આવ્યા છે. રાહુલ ગાંધીએ એમ કહીને બિટ્ટુ પર વળતો પ્રહાર કર્યો હતો કે એક વિશ્વાસઘાતી અહીંથી

(જુઓ પાનું ૨) ▶▶



સંસદના દ્વાર પર કૉંગ્રેસી નેતા રાહુલ ગાંધી અને ભાજપના સાંસદ રવનીતસિંહ બિટ્ટુ વચ્ચે બોલાચાલી થઈ હતી. (એજન્સી)





લશ્કરના ભૂતપૂર્વ વડા મનોજ મુકુંદ નરવણેના પ્રગટ ન થયેલાં સંસ્મરણોની નકલ સંસદની બહાર દેખાડી રહેલા કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી. (એજન્સી)

## 'ચીનની ટૅન્કો ભારતમાં ઘૂસી ત્યારે મોદીએ જવાબદારી ખંખેરી'

### સંસદમાં ભૂતપૂર્વ લશ્કરી વડા મનોજ મુકુંદ નરવણેનું અપ્રકાશિત પુસ્તક લાવેલા રાહુલ ગાંધીએ એમાંનું કન્ટેન્ટ ટાંકીને દાવો કર્યો


નવી દિલ્હી: લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે લશ્કરના ભૂતપૂર્વ વડા મનોજ મુકુંદ નરવણેના 'પ્રગટ ન થયેલાં સંસ્મરણો' ટાંકીને દાવો કર્યો હતો કે ભારત-ચીનની ૨૦૨૦ની અથડામણ વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની જવાબદારી ખંખેરી નાખીને બધો દોષ નરવણે પર નાખ્યો હતો.

સંસદભવનમાં પત્રકારોને સંબોધતાં તેમણે નરવણેના પ્રગટ ન થયેલા સંસ્મરણોનું પુસ્તક બતાડીને કહ્યું હતું કે હું ભારતના યુવાનોને એ જણાવવા માગું છું કે સ્પીકર કહે કે આ પુસ્તક અસ્તિત્વમાં

(જુઓ પાનું ૨) ▶▶

## ગૅસ ટૅન્કર ઊંધું વળ્યું

## મુંબઈ-પુણે એક્સપ્રેસ વે ૨૪ કલાક ઠપ




મુંબઈ-પુણે યશવંતરાવ ચવાણ એક્સપ્રેસવે પર ખંડાલા ઘાટ સેક્શનમાં આડોશી ટનલ નજીક પ્રોપીલીન ગેસ વહન કરનારું ટેન્કર ઊંધું વળી જતાં ૨૪ કલાકથી વધુ સમય સુધી ટ્રાફિક સંપૂર્ણપણે ઠપ થઇ ગયો હતો. એક્સપ્રેસવે પર ટ્રાફિક જૅમને કારણે પચીસ કિલોમીટર સુધી વાહનોની લાંબી લાઇન જોવા મળી હતી અને બાળકો, વૃદ્ધો સહિત હજારો મુસાફરો ખોરાક-પાણી, શૌચાલયની સુવિધા તથા તબીબી સહાય વિના ફસાયેલા રહ્યાં હતાં. ટેન્કરમાંથી સતત જ્વલનશીલ ગેસ લીકેજ થવાને કારણે એનડીઆરએફ, એસડીઆરએફ અને બીસીપીએસના નિષ્ણાતોની ટીમને પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે તહેનાત કરવામાં આવી હતી. ઘટનાસ્થળે બીજું ટેન્કર મગાવીને અકસ્માતગ્રસ્ત ટેન્કરમાંથી ગેસ તેમાં ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. બુધવારે મોડી સાંજે વાહનવ્યવહાર ધીમી ગતિએ શરૂ કરવામાં આવ્યો હતો, એવું જાણવા મળ્યું હતું. ટ્રાફિક જૅમને ધ્યાનમાં રાખી બુધવારે એમએસઆરટીની ૧૩૯ બસ સેવા રદ કરવામાં આવી હતી. (એજન્સી)

(વિગતવાર અહેવાલ પાનું ૯)

## મોતની ઑનલાઇન ગૅમ: ત્રણ સગીર બહેનનું સુસાઇડ

### ગાઝિયાબાદમાં ત્રણ બહેનોને હતું કૉરિયન 'લવ ગૅમ' રમવાનું વ્યસન: ત્રણેએ નવમા માળેથી કૂદકો લગાવી દીધો





ગૅમિંગની લતને લીધે આપઘાત કરનાર ગાઝિયાબાદની બહેનોએ લખેલી સુસાઈડ નોટ. (એજન્સી)

ગાઝિયાબાદ: ઑનલાઇન ગૅમની લતને કારણે અહીં આવેલી એક બહુમાળી ઇમારતના નવમા માળેથી ૧૬ વર્ષની એક છોકરી અને તેની ૧૪ તેમ જ ૧૨ વર્ષની બે સાવકી બહેને નવમા માળેથી કૂદીને આત્મહત્યા કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આ ત્રણ બહેનને 'ટાસ્ક' આપતી કૉરિયાની ઑનલાઇન ગૅમ 'લવ ગૅમ'ની લત હતી અને તેઓ આ રમતને કારણે પોતાને 'કૉરિયાની રાજકુમારી' માનવા લાગી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આ ત્રણે બહેન પર કૉરિયાની સંસ્કૃતિની બહુ જ ખરાબ અસર હતી. તેઓને પોતાના મૉબાઇલ ફોનમાં કૉરિયાની ઑનલાઇન ગૅમ રમવાનું

(જુઓ પાનું ૨) ▶▶

### પપ્પા, સૉરી...

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં કૉરિયાની ઑનલાઇન ગેમની લતને કારણે નવમા માળેથી કૂદીને આત્મહત્યા કરનારી ત્રણ બહેને જે ડાયરી લખી હતી. તેમાં ઘણી નોંધ અને 'રડતું કૅરિકેચર' હતા.

તેઓએ લખ્યું હતું કે આ અમારા જીવનની વાસ્તવિકતા છે. આ ડાયરીમાં જે કંઇ લખ્યું છે, તે બધું વાંચી લેજો. આ બધું સાચું છે. અમને માફ કરજો. પપ્પા સૉરી.

ત્રણે બહેનોની ડાયરીમાં રડતી વ્યક્તિના ચહેરા દોરાયા હતા. તેઓ ઑનલાઇન રમતની લતમાં પોતાને ભારતીય નહિ, પરંતુ કૉરિયાની રાજકુમારીઓ ગણતી હતી.

માતા-પિતાએ આ છોકરીઓની ઑનલાઇન ગૅમની લત છોડાવવા તેઓના મૉબાઇલ ફોન લઇ લીધા હોવાનું કહેવાય છે. (એજન્સી)

## આગામી ૨૦-૨૫ વર્ષ ભારતનો યુગ હશે: બ્લેકરોકના સીઈઓ

મુંબઈ: આગામી ૨૦-૨૫ વર્ષ ભારતનો યુગ હશે અને ભારત આગામી દાયકાથી વધારે સમય ૮-૧૦ ટકાથી વિકાસ કરશે, એમ બ્લેકરોકના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર લૈરી ફિન્કે બુધવારે કહ્યું હતું.

'ઈન્વેસ્ટિંગ ફોર એ ન્યૂ ઈરા' પર અબજોપતિ મૂકેશ અંબાણી સાથે વાતચીત કરતા અમેરિકાની મલ્ટિનેશનલ ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપનીના સીઈઓએ કહ્યું હતું કે ભારતના યુગમાં આપણે લોકોને ભારતના યુગનો શું અર્થ થાય છે એ સમજાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તમે ભારતના વિકાસની વાત કરો તો આ ત્રિમાસિકની વાત નથી. આ દિવસ કે અઠવાડિયાની વાત નથી. આ વર્ષની વાત નથી, આ લાંબી ક્ષિતિજની વાત છે. આગામી

(જુઓ પાનું ૨) ▶▶

## અણુયુદ્ધનાં વાદળો: અમેરિકા અને રશિયા વચ્ચેની ન્યૂક્લિયર સંધિનો અંત

વૉશિંગ્ટન: અમેરિકા અને રશિયા વચ્ચેની અણુ શસ્ત્રો પરના અંકુશની છેલ્લી સંધિ ગુરુવારે પૂરી થશે. આને લીધ અડધી સદીથી વધારે સમયમાં પહેલી વાર બે અણુ મહાસત્તા પર અણુ હથિયારો બનાવવા પર કોઈ અંકુશ નથી.

ન્યૂ સ્ટાર્ટ (સ્ટ્રેટેજિક આર્મ્સ રીડકશન) ટ્રીટીની મુદત પૂરી થવાથી અનિયંત્રિત શસ્ત્રદોડ શરૂ થશે. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતીન વૉશિંગ્ટન તૈયાર થાય તો આ સંધિની મુદત એક વર્ષ વધારવા તૈયાર હતા, પરંતુ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ આને લંબાવવાની તરફેણમાં નહોતા. વાઈટ

(જુઓ પાનું ૨) ▶▶

## ચૂંટણી પંચના 'સર'થી લોકશાહીને બચાવો: મમતાની સુપ્રીમ કૉર્ટમાં અરજી

### મતદારયાદી સુધારણા પ્રક્રિયામાં દખલ દેવાય એની વિનંતી સાથે સર્વોચ્ચ અદાલતમાં દલીલ કરનાર મમતા પહેલાં સીએમ બન્યાં

નવી દિલ્હી: પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સર્વોચ્ચ અદાલતને મતદારયાદી સુધારણાની પ્રક્રિયા(સર)માં દખલગીરી કરીને લોકશાહી બચાવવા બુધવારે વિનંતિ કરી હતી. સર્વોચ્ચ અદાલતમાં દલીલ કરનાર મમતા બેનરજી પહેલાં સીએમ બન્યાં હતાં.

તેમણે આક્ષેપ કર્યો હતો કે મતદારયાદી સુધારણાની પ્રક્રિયામાં પશ્ચિમ બંગાળના લોકોને લક્ષ્ય બનાવીને તેઓને હેરાન કરાઇ રહ્યા છે.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકી ઔદ્યોગિક-કૃષિ પેદાશો પર ભારત ઝીરો ટૅરિફ લેશે: વૉશિંગ્ટન

ન્યૂ યોર્ક/વોશિંગ્ટન: અમેરિકાએ જણાવ્યું હતું કે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ તરફથી જાહેર કરાયેલા ટ્રેડ ડીલ હેઠળ ભારત અમેરિકન ઔધોગિક અને કૃષિ માલસામાનોની એક વિશાળ શ્રેણી પર ટૅરિફ ઘટાડીને શૂન્ય ટકા કરશે. અમેરિકાએ આને મોટી જીત ગણાવી હતી. સાથે કહ્યું હતું કે ભારત કેટલાક ચોક્કસ ક્ષેત્રો પર પોતાનું નિયંત્રણ યથાવત્ રાખશે જેને સુરક્ષા મળી છે.

અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીરે મંગળવારે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે સમય આવી ગયો છે અને હવે અમારી પાસે એક કરાર છે. અમે તેના પેપર ફાઈનલ કરીશું પરંતુ અમે

(જુઓ પાનું ૨) ▶▶

### સ્વદેશી ડેરી-કૃષિ ક્ષેત્ર સલામત: સરકારનો સંસદમાં પુનરોચ્ચાર

નવી દિલ્હી: વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે અમેરિકા સાથેના વેપાર-કરાર અંગે લોકસભા અને રાજ્યસભામાં નિવેદન કરતા દાવો કર્યો હતો કે અમેરિકા સાથેના વેપાર-કરાર સામે સ્વદેશી ડેરી અને કૃષિ ક્ષેત્ર રક્ષિત

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતનું રશિયન ઑઈલની ખરીદી બંધ કરવાનું વચન: વાઈટ હાઉસ

ન્યૂ યોર્ક/વોશિંગ્ટન: અમેરિકાના રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન અને કાર્યાલય 'વાઇટ હાઉસે' ભારત સાથેના નવા વેપાર કરારનું સ્વાગત કરતા કહ્યું કે ભારતે રશિયન તેલની ખરીદી બંધ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અમેરિકાના પ્રમુખ ક્ષેત્રોમાં ૫૦૦ અબજ અમેરિકન ડોલરનું રોકાણ કરવા માટે સહમતિ વ્યક્ત કરી છે. વાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે મંગળવારે આ નિવેદન આપ્યું હતું. પત્રકારો સાથેની વાતચીતમાં કેરોલિને કહ્યું હતું કે, "પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે

(જુઓ પાનું ૨) ▶▶

## અઢી કરોડ આધાર સરકારે નિષ્ક્રિય કર્યા

નવી દિલ્હી: યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ઓળખ દસ્તાવેજનો દુરુપયોગ અટકાવવા માટે અઢી કરોડથી વધુ મૃત વ્યક્તિઓના આધાર નંબર નિષ્ક્રિય કરી દીધા છે. આ જાણકારી બુધવારે સંસદમાં આપવામાં આવી હતી.

ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી રાજ્ય પ્રધાન જિતેન પ્રસાદે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું કે આધાર વિશ્વની સૌથી મોટી બાયોમેટ્રિક ઓળખ પ્રણાલી છે. જેમાં લગભગ ૧૩૪ કરોડ સક્રિય આધાર ધારકો છે.

પ્રસાદે જણાવ્યું કે આધાર ડેટાબેઝની ચોકસાઇ અને અખંડિતતા જાળવવા માટે રાષ્ટ્રવ્યાપી સફાઇ અભિયાનના ભાગ રૂપે યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા(યુઆઇડીએઆઇ) એ અત્યાર સુધીમાં અઢી કરોડથી વધુ મૃત વ્યક્તિઓના આધાર નંબરો નિષ્ક્રિય કર્યા છે. કોઇ વ્યક્તિના મૃત્યુ પછી સંભવિત ઓળખ છેતરપિંડી અથવા કલ્યાણકારી લાભો મેળવવા માટે આવા આધાર નંબરનો અનધિકૃત ઉપયોગ અટકાવવા માટે તેનો આધાર નંબર નિષ્ક્રિય કરવો જરૂરી છે.

રાજ્ય પ્રધાને જણાવ્યું કે ઓળખ છેતરપિંડીના જોખમને ઘટાડવા અને દેશમાં લાભોની લીક-પ્રૂફ ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતે અત્યાર સુધી વેનેઝુએલા પાસેથી ક્રૂડ કેમ ના ખરીદ્યું?

**ભારત** અને અમેરિકા વચ્ચે અંતે ટ્રેડ ડીલ એટલે કે વ્યાપાર કરારનું બધું નક્કી થઈ ગયું. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તો સોમવારે જ તેની જાહેરાત કરી નાખેલી પણ ભારતે ટ્રમ્પની વાતમાં હાજીયો નહોતો પૂરાવ્યો તેથી અવઢવ હતી. મંગળવારે સાંજે આપણા વ્યાપાર પ્રધાન પિયૂષ ગોયલે ટ્રમ્પની વાત સાચી હોવાનું જાહેર કર્યું પણ ભારત અને અમેરિકા વચ્ચેના ટ્રેડ ડીલની શરતો શું છે તેનો ફોડ ના પાડ્યો તેના કારણે હજુ અવઢવ તો છે જ.

ગોયલે કરારની શરતોની વાત કરવાના બદલે રાહુલ ગાંધી લોકોને ગેરમાર્ગે દોરે છે તેની પારાયણ શરૂ કરી દીધી. રાહુલ ગાંધીને ખોટા સાબિત કરવા માટે ગોયલે અમેરિકા સાથેના ટ્રેડ ડીલથી ખેડૂતો, માછીમારો, ઉદ્યોગો, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (એમએસએમઈ) વગેરેને બખ્ખાં થઈ જશે એ બધી વાતો પણ કરી પણ ખરેખર ડીલમાં શું છે તેની માંડીને વાત ના કરી. ગોયલે મોદીભક્તિ કરીને દાવો કર્યો કે, મોદીએ પોતાના ડોનલ્ડ ટ્રમ્પ સાથેના ગાઢ સંબંધો અને દોસ્તીનો ઉપયોગ કરીને ભારત માટે શક્ય શ્રેષ્ઠ કરાર કર્યો છે. મીડિયાએ બહુ ઘોંચપરોણા કર્યા પછી ગોયલે મગનું નામ મરી ના જ પાડ્યું ને કરારની વિસ્તૃત વિગતો તો ના જ આપી. માત્ર એટલું બોલ્યા કે, કરારને લગતી ટેક્નિકલ પ્રક્રિયાઓ પૂરી થઈ જાય પછી ઔપચારિક રીતે સંયુક્ત જાહેરાત કરાશે.

આ જાહેરાત ક્યારે કરાશે એ આપણને ખબર નથી પણ કોમેડી એ છે કે, કરારની વિગતો પૂરેપૂરી જાહેર થઈ નથી ત્યાં તો બહુમતી મીડિયાએ કરારને ઐતિહાસિક ગણાવીને તેનાં વખાણ શરૂ કરી દીધાં છે. ભેંસ ભાગોળે, છાસ છાગોળે ને ઘરમાં ધમાધમ જેવો માહોલ થઈ ગયો છે. ભારતને આ કરારથી કેવો જબરદસ્ત ફાયદો થશે ને ચીન-પાકિસ્તાન આ કરારથી બઘવાઈ ગયાં છે ત્યાંથી શરૂ કરીને ભારતના ક્યા ક્યા ઉદ્યોગોને ઘી-કેળાં થઈ જશે ત્યાં સુધીની વાતોનાં વડાં તળાવા માંડ્યાં છે.

આ વાતો કેવી દમ વગરની છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ વેનેઝુએલા પાસેથી ક્રૂડની ખરીદીમાં ભારતને થનારા કહેવાતા ફાયદાની વાતો છે. આ કરારમાં ટ્રમ્પે એક શરત એવી મૂકી છે કે, ભારત રશિયા કે ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ નહીં ખરીદી શકે. એક આડ વાત પણ કરી લઈએ. અમેરિકાના જાણીતા મીડિયા પર્સન ટકર કાર્લસને એવી કોમેન્ટ કરી છે કે, ભારત બહુ મોટો દેશ છે અને અમેરિકા ભારતને રશિય પાસેથી ક્રૂડના ખરીદવાની ફરજ ના પાડી શકે. આ પ્રકારની ફરજ પાડવી કે શરતો મૂકવી એ કોઈ પણ દેશના સાર્વભૌમત્વનું અપમાન છે. ટકરભાઈની વાત સો ટકા સાચી છે પણ આ વાત આ દેશને સમજાવી જોઈએ ને?

ખેર, મૂળ વાત પર પાછા આવીએ. ટ્રમ્પની ફાલતુ દલીલ એવી છે કે, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે છે તેના કારણે રશિયાનું અર્થતંત્ર બચી ગયું છે તેથી યુક્રેન પર બોમ્બ ઝીંક્યા કરે છે. આડકતરી રીતે ટ્રમ્પ રશિયાના યુક્રેન સામેના યુદ્ધ માટે ભારત સહિતના ક્રૂડ ઓઈલ ખરીદતા દેશોને દોષિત ઠેરવી રહ્યા છે. ચીન, બ્રાઝિલ વગેરે દેશો પણ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે જ છે પણ એ બધા દેશો ટ્રમ્પને ઘોળીને પી ગયા છે તેથી તેમના બકવાસને ગણકારતા નથી. આપણે ટૅરિફના કારણે રઘવાયા થયા તેમાં અમેરિકાના પગમાં આળોટી ગયા એટલે હવે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાનું બંધ કરીશું ને તેના બદલે વેનેઝુએલા પાસેથી ક્રૂડ ખરીદીશું.

અત્યાર લગી આપણે વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતા નહોતા કેમ કે વેનેઝુએલા પાસેથી ક્રૂડની ખરીદી ફાયદાનો સોદો નથી. હવે અમેરિકાનું ફરમાન છે એટલે આપણે વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ લેવું પડશે. મોદી સરકારે અમેરિકાનું ફરમાન માથે ચડાવ્યું છે એટલે અચાનક આપણા મીડિયાને વેનેઝુએલા પાસેથી ભારત ક્રૂડ ઓઈલ લેવાના ફાયદાનું બ્રહ્મજ્ઞાન થઈ ગયું છે અને વેનેઝુએલા પાસેથી કુડની ખરીદીના શું ફાયદા થશે તેની વાતોનો મારો શરૂ થઈ ગયો છે. આ વાતો મોં-માથા વિનાની છે પણ આ વાતની એ લોકોને કોઈ શરમ નથી. ભારત પહેલાં વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ નહોતું ખરીદતું કેમ કે વેનેઝુએલાના ક્રૂડની ક્વોલિટી સારી નથી. વેનેઝુએલાનું ક્રૂડ હેવી ક્વોલિટીનું હોવાથી તેને રીફાઈન કરવું અઘરું છે. ભારત પાસે સારી રીફાઈનરીઓ હોવાથી તેને રીફાઈન તો કરી શકાય પણ તેનો ખર્ચ વધારે આવે ને કચરો પણ વધારે નિકળે. વેનેઝુએલાના ક્રૂડમાં સલ્ફરનું પ્રમાણ પણ વધારે હોય છે તેથી તેમાંથી બનતાં પેટ્રોલ-ડીઝલ સારી એવરેજ ના આપે. બીજું એ કે, વેનેઝુએલાથી ક્રૂડને ભારત લાવવાનો ટ્રાન્સપોર્ટેશનને ખર્ચ પણ બહુ મોંઘો પડે. એક અંદાજ પ્રમાણે, બેરલદીઠ લગભગ ૪ ડોલરનો ખર્ચ વધી જાય. અત્યારે વૈશ્વિક સ્તરે ક્રૂડનો ભાવ ૬૦ ડોલરની આસપાસ છે એ જોતાં વેનેઝુએલાનું ક્રૂડ સાઉદી અરેબિયા, ઈરાક સહિતના દેશો કરતાં પાંચેક ટકા મોંઘું પડે.

અત્યારે બીજો મોટો પ્રશ્ન અમેરિકાની દખલગીરીનો પણ છે. પહેલાં વેનેઝુએલા સ્વતંત્ર હતું પણ હવે તેના ક્રૂડ પર અમેરિકાનો કબજો છે તેથી અમેરિકાની શરતે ને ભાવે ક્રૂડ લેવું પડે. રશિયા અને ઈરાન પાસેથી ક્રૂડની ખરીદીમાં આપણે આપણી શરતે ખરીદી કરતા હતા. ચૂકવણી રૂપિયામાં કરી શકતા ને આપણી ચીજો પણ બંને દેશોને આપી શકતા હતા. અમેરિકા તો ઉપરથી આપણને મૂંડી લેશે. ટેન્કરોના ઈન્સ્યોરન્સથી માંડીને ટ્રાન્સપોર્ટેશ સુધીનું બધું અમેરિકન કંપનીઓનું લેવું પડશે તેથી ખર્ચ વધશે. એ છતાં વેનેઝુએલાનું ક્રૂડ ખરીદવાથી ભારતને ફાયદો થશે એવી વાતો ચલાવાય છે. હે રામ!

અને આ તો હજુ શરૂઆત છે. આ કોરસ હજુ ઉગ્ર બનશે ને પછી શું શું જોવું પડશે તેનું ટ્રેલર પણ અત્યારે બતાવાઈ જ દેવાયું છે. મોદી અને ટ્રમ્પ વચ્ચે ૩૨ મિનિટની વાતચીત પછી કરાર અંગે સૈદ્ધાંતિક સહમતિ સધાઈ હતી. તેને કારણે કેટલાંક મીડિયાએ એવી હાસ્યાસ્પદ વાત પણ કરી નાખી છે કે, મોદીએ ૩૨ મિનિટમાં તો ટ્રમ્પને ઘૂંટણિયે પાડી દીધા. ગોયલે પોતે સ્વીકાર્યું છે કે, ડોનલ્ડ ટ્રમ્પે લાદેલી ટૅરિફના કારણે ભારતની નિકાસને મોટો ફટકો પડ્યો હતો તેથી ભારત પાસે અમેરિકા સાથે ટ્રેલ ડીલ કર્યા વિના છૂટકો નહોતો. એ છતાં મોદીએ ટ્રમ્પને ઘૂંટણિયે પાડી દીધા એવા દાવા કરાય તેને ચાપલૂસીની ચરમસીમા ગણવી કે બુદ્ધિનું પ્રદર્શન? ભલા માણસ, સરકાર સત્તાવાર રીતે કરારની વિગતો જાહેર કરે તેની રાહ તો જુઓ? વિગતો જાહેર કરાય પછી કરવાં હોય એટલાં વખાણ કરજો પણ અત્યારે તો વગર લગ્ને મંગળિયાં ગાઈને ભૂંડા ના દેખાશો.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, ગુરુવાર, તા. ૫-૨-૨૦૨૬, સંકષ્ટ ચતુર્થી, સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિર પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ (ગોરેગાંવ)

- ભારતીય દિનાંક ૧૬, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની રાત્રે ક. ૨૨-૫૬ સુધી, પછી હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૧૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૨ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૨, રાત્રે ક. ૨૦-૧૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ- ચતુર્થી. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૪૮, શ્રી સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિર પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ (ગોરેગાંવ-મુંબઈ), શુક્ર કુંભમાં મધ્યરાત્રે ક. ૨૫-૧૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સંકષ્ટ ચતુર્થી નિત્ય વ્રત-ઉપવાસ, વિશેષરૂપે શ્રી ગણેશપૂજા, ચંદ્રોદય સમયે ચંદ્રદેવતાનું દર્શન અને પૂજન, શ્રી ગણેશને ચુરમાના લાડુંનું નૈવેદ્ય અર્પણ, ચંદ્રોદય પછી એકટાણાંનું ભોજન, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશ ચંત્ર પ્રતિષ્ઠા પૂજા, અભિષેક, સૂર્યપૂજા, ધ્રુવદેવતાનું પૂજન, અર્યમા પૂજન, પીપળાનું પૂજન, મુંડન કરાવવું નહીં, નિત્ય થતાં દુકાન-વેપાર, નોકરી, દસ્તાવેજના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, ગણેશ મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ, પતાકા ચઢાવવી. રોપા વાવવા, બી વાવવું, સૂર્ય-શિવ, મહાલક્ષ્મી પૂજન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના, ચંદ્ર-શનિ પ્રતિયુતિ નિષ્ફળતાનો ભય, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ અતિશય ભોગ ભોગવનારા, બુધ-હર્ષલ ચતુષ્કોણ કઠોર સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, બુધ-હર્ષલ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર/કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# માનસિક રોગની જનેતા ભય અને ચિંતા

**દુનિયામાં** ભાગ્યે જ કોઈ એવો દેશ હશે જેની પ્રજા ભય અને ચિંતા વિનાની હશે! બેશક ભય અને ચિંતા માનસિક રોગની જનેતા હોઈ, તેમાંથી બહાર નીકળવા ભલા કોણ ઈચ્છતું નહીં હોય?

* દુનિયાના દરેક દેશના લોકો લેખની શરૂઆતમાં કહ્યું તેમ આ 'બીમારી'થી પરેશાન છે.

* તબીબી વિજ્ઞાને અસાધ્ય રોગોની દવા શોધી છે, પણ સતત પ્રયોગો કરતા રહેતા હોવા છતાં અને એક છૂપા, ભિતરને મનોમન કોરી ખાતા ડર જેવી 'માનસિક' બીમારીનો ઈલાજ શોધી કાઢવામાં જોઈએ તેવી સફળતા પ્રાપ્ત કરી શકેલ નથી. નિષ્ફળ રહી છે.

માનવજીવનના બે મુખ્ય પાસાં છે એક ભૌતિક અને બીજો રૂહાની. જીવનમાં પ્રાયોરિટી (પ્રાથમિકતા)નું ખૂબ જ મહત્ત્વ છે, તેમાં જો ખોટી પસંદગી કરીએ તો જીવન અસમતોલ બને છે. મોમીનોએ એવી ભૂલ કરી છે. ભૌતિક (મટેરિયલ) ક્ષેત્રને તેમણે પહેલો ક્રમ આપ્યો છે અને રૂહાની (સ્પ્રિટ્યુઅલ) ક્ષેત્રને તો સગવડિયો બનાવી દીધો છે. આવી ભૂલમાંથી જે અનિષ્ટો પેદા થયા છે, તેનાં પરિણામો નજરની સામે છે.

માલોદૌલત, સત્તા અને શોહરત હાંસલ કરવા માટે આંધળી દોટ મૂકી છે કે તેને પોતાની જાતનું ભાન નથી, આરોગ્યની પરવા નથી, કુટુંબ-કબીલા તો ઠીક પોતાના સર્જનહારને પણ યાદ કરવામાં બેધ્યાન રહે છે. આ વિનાશનો માર્ગ છે. તેમાંથી ઉમ્મતને પાછી વાળવી હોય તો પ્રાથમિકતાને બદલવી જોઈએ. ભૌતિક પ્રગતિને બીજો અને મઝહબી યાને રૂહાની બાબતોને પહેલો ક્રમ આપવો જોઈએ. મુસ્લિમ સમાજના આલિમો (જાણકારો), કુરાન મજીદ, હદીસ શરીફ અને શરીઆતનું જ્ઞાન ધરાવતા મુફ્તી સાહેબો, ઉચ્ચ કેળવણી હાંસલ કરેલ બુદ્ધિજીવીઓ વગેરેઓએ આ દિશામાં પહેલ કરવી જોઈએ તો જ ઉમ્મતે મોહમ્મદી સીધા માર્ગે આવી શકશે, જીવન સમતોલ અને સુખી બનશે.

આ સત્ય સનાતન છે. કદી મિથ્યા થવાનું નથી. જેટલું મોડું કરીશું તેટલો ભય અને ચિંતાનો આ રાક્ષસ માનસિક શાંતિ પીંખી નાખશે. ગુનાહોને અટકાવી શકાશે નહીં. હિંસા, આતંકવાદ, જંગ જેવા સંહારને પણ રોકી શકાશે નહીં. આ કોઈ મનઘડત કલ્પના નથી. આવું થઈ શકવાના આસાર સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

આવા વિનાશથી બચવાનો માત્ર એક જ ઉપાય છે, રબને - પાલનહાર - રોજી આપનારને સોચી-સમજીને બુદ્ધિપૂર્વક વિચારીને ઓળખીએ.

મોટાભાગની ઉમ્મત (જૂથ, સમૂહ જમાત) પરવરદિગારે આલમ, સૃષ્ટિના સર્જનહારનું નામ લે છે - રટણ કરે છે, દુઆ-બંદગી પણ કરે છે, પરંતુ આવા ઝિક્રે ઈલાહીમાં નેક નિયત અને ખુલુસ (શુદ્ધ નિખાલસતા)નો અભાવ જોવા મળે છે. કથની અને કરણીમાં જમીન-આસમાન જેટલું અંતર સ્પષ્ટ દેખા દે છે. પરિણામે અલ્લાહ કે જે સર્વ શક્તિમાન છે તે સમજવામાં અક્કલનો ઉપયોગ થતો નથી એટલે પરિણામ શૂન્યમાં આવે છે.

દરેક બાબત પર અલ્લાહનો સંપૂર્ણ કાબૂ છે. જન્મ, મરણ, ઉછેર, રોજી, આર્થિક તથા સામાજિક પરિસ્થિતિ વગેરે તેણે નક્કી કરેલ સ્થિતિને બદલવાની બંદાની કોઈ તાકાત નથી, તો પછી પોતાનું ડહાપણ ક્યાં ચાલે? જેના ફરિશ્તા (ઈશ્વરીય દૂત) વરસાદના એક એક બુંદ (ટીપાં)નો હિસાબ રાખતા હોય, જે રોમેરોમમાં વસેલો હોય, જે દરેક જીવનનું સાંભળતો હોય પછી બંદાની દુન્યવી ચિંતાનો ઉકેલ પણ એજ સુઝાડશે. આ હકારાત્મક વિચારસરણીમાં અક્કલનો ઈસ્તેમાલ અનિવાર્ય બની રહેવા પામે છે.

મહાન મનોવૈજ્ઞાનિક ડેલકોર્નેગી તો ત્યાં સુધી કહે છે, કે ચિંતાઓને નિયંત્રણમાં રાખવાનો એક પ્રયોગ એ છે કે ભારી મુશ્કેલી પ્રશ્નોની એક યાદી બનાવો અને તેને આઠ દિવસ ખાનામાં રાખી મુકો. નવમા દિવસે એ યાદી જોશો તો તેમાંથી પોણા ભાગના પ્રશ્નો એની મેળે ઉકલી ગયા હશે. હવે વિચારી જુઓઃ કોઈ પણ પ્રયત્ન કર્યા વગર આ પ્રશ્નો કોણ ઉકેલી આપે છે? બેશક! અલ્લાહ સિવાય કોની શક્તિ છે? નિમિત્ત બનનારને કોણ સુઝાડે છે? સિવાય અલ્લાહ!

અલબત્ત ચિંતા - ડરને દૂર કરવાની આ પ્રક્રિયામાં બંદાએ અલ્લાહને નિખાલસતાપૂર્વક યાદ કરતા રહેવું જોઈએ. સ્વભાવને આનંદી રાખી બુદ્ધિનો-સમજનો હરપળે ઉપયોગ કરો. કલ્પનાઓ, અપેક્ષાઓથી દૂર રહો, કારણ કે એ ચિંતા અને ડરની જનેતા છે. સાચી નિય્યતથી પાક પરવરદિગારની મદદ માગી સઘળા પ્રશ્નોનો બોજ એને હવાલે કરી, નિશ્ચિંત બની જાઓ પછી જુઓ ભય, ચિંતામાંથી મુક્ત થઈ શકાય છે કે નહીં?

**બોધઃ**

* શક્તિને થીજાવી દેનારા
* ભય અને
* ચિંતાને જ થીજાવો દો...!

***

દુનિયા કે અય મુસાફીર,
મંઝીલ તેરી કબર હૈ...!

આ પ્રસંગ તે સમયનો છે જ્યારે ઈસ્લામ તેની ચરમસીમાએ હતો. દુનિયાના મોટાભાગના દેશોમાં ઈસ્લામી શાસન હતું. ન્યાયના એ દિવસોમાં કંઈ કેટલાએ સૂફી ઓલિયા, સંતો, ફકીરો, દરવેશો પણ હતા, જેઓના ઈલ્મો જ્ઞાનથી પ્રજાને સચ્ચાઈનો માર્ગ મળતો તો શાસનકર્તાને નસીહત મળતી.

આવા એક વલીઓ અલ્લાહ હઝરત અમીર મઆવિયા રહમતુલ્લાહ અલયહેની સેવામાં નજરાનથી એક શખસ આવ્યો. તેની ઉંમર બસો વર્ષની હતી. તેને હઝરત અમીર મઆવિયાએ પૂછ્યું કે, 'તમે આ દુનિયાને કેવી જોઈ?'

જવાબમાં તે શખસે કહ્યું, 'થોડાંક વર્ષો મુસીબતમાં વીત્યાં, થોડાક વર્ષો સુખ અને રાહતમાં પસાર થયા. આમ દિવસ અને રાત તેની રફતારથી પસાર થતાં રહ્યાં. અય અમીર! પેદા થવાવાળા પેદા થતાં રહે છે અને મરવાવાળા મરી રહ્યા છે. બાળકો પેદા ન થાય તો મખ્લુક (સૃષ્ટિ) નામશેષ થઈ જાય, મોત ન હોય તો દુનિયામાં રહેવાની જગ્યા મળે નહીં. સૃષ્ટિના સમતુલન માટે આ ક્રમ એક વ્યવસ્થિત યોજના હેઠળ જારી છે અને કયામત સુધી જારી રહેશે.'

આવનાર આંગતુકનો જવાબ સાંભળીને અમીર મઆવિયાએ તે શખસને પૂછ્યું કે - 'તમારી કોઈ જરૂરત હોય તો કહો, હું તેને પૂરી કરી આપીશ!'

અમીરના આ સવાલના જવાબમાં એ શખસે કહ્યું - આપ મારી વિતેલી જિંદગીના દિવસો પાછા આપી શકો છો?' તેના જવાબમાં અમીર મઆવિયાએ કહ્યું કે - 'એ મુમકીન (સંભવિત) નથી.'

ત્યારે એ શખસે કહ્યું કે, 'આપ મારા મોતને રોકી શકો છો?'
તેના જવાબમાં અમીરે કહ્યું - એ મારા માટે અશક્ય છે.'

મતલબ એ કે, કોઈપણ અમીર સમ્રાટ, સત્તાધિશ, શક્તિશાળી... કોઈ કહેતા કોઈપણ ઈન્સાનની વિતેલી જિંદગીના દિવસો ન પાછા આપી શકે છે, ન તો તેના મોતને એક પળ માટે પણ રોકી શકે છે.

પયામે - મર્ગસે અય દિલ
તેરા ક્યું દમ નીકલતા હય,
મુસાફિર રોઝ જાતે હય
યેહ રાસ્તા ખૂબ ચલતા હય...

- જેને સાયન્ટિસો આજ સુધી વિજ્ઞાન સમજતા હતા તેઓ પણ આજે સ્વીકાર કરતા થઈ ગયા છે કે આ સૃષ્ટિના સર્જનહાર કોઈ અદ્ભુત, નિરાકાર, શક્તિશાળી છે.

સાપ્તાહિક સંદેશઃ

* સૃષ્ટિના સર્જકે નક્કી કરેલ આયુષ્ય દરમિયાન આખેરત; મૃત્યુલોકનો સામાન તૈયાર કરી લો.

* સામાનનો સરળ અર્થ થાય છે, અલ્લાહતઆલાએ આપેલ આજ્ઞા પર સાચા અર્થમાં અમલ કરવો, માર્ગ પર ચાલવું. આ કર્મ મોતને સુધારે છે.

## પહેલા પાનાનું ચાલુ

### 'લોકસભામાં

થોડીવારમાં કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી. બેનરો અને પ્લેકાર્ડ દર્શાવતા કોંગ્રેસ અને અન્ય વિપક્ષી સભ્યો હોબાળો કરવા લાગ્યા હતા. અગાઉ ભાજપના સાંસદ નિશિકાંત દુબે દ્વારા ગાંધી પરિવારને નિશાન બનાવતા કરવામાં આવેલી ટિપ્પણી પર થયેલા હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી સાંજે પાંચ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

અગાઉ જ્યારે બપોરે બે વાગ્યે ગૃહની કાર્યવાહી ફરી શરૂ થઈ ત્યારે ટીડીપીના સાંસદ હરીશ બાલાયોગીએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર પોતાનું ભાષણ ફરી શરૂ કર્યું. બાલાયોગી પછી અધ્યક્ષસ્થાને રહેલા કૃષ્ણા પ્રસાદ ટેનેટીએ દુબેને સંબોધનની તક આપી હતી. દુબેએ કહ્યું હતું કે રાહુલ ગાંધી એક અપ્રકાશિત પુસ્તક વિશે બોલવા માંગે છે પરંતુ તેઓ ગાંધી પરિવારને ઉઘાડા પાડવા માટે પુસ્તકોની શ્રેણી લઈને આવ્યા છે. જેવા દુબે પુસ્તકો અને તેમાં ગાંધી પરિવારના વિવિધ સભ્યો વિશે કહેવામાં આવેલી વાતો કહેવા લાગ્યા કે ટેનેટીએ કહ્યું કે તેઓ આની મંજૂરી આપશે નહીં કારણ કે સ્પીકરે પહેલેથી જ એવો નિર્ણય આપી ચૂક્યા છે કે જેમાં આ પ્રકારની ટિપ્પણીઓને મંજૂરી નથી. ટેનેટીએ નિયમ ૩૪૯ ટાંકીને આ વાત કરી હતી.સભા સ્થગિત થયા પછી કોંગ્રેસના સાંસદો સ્પીકર ઓમ બિરલાને મળ્યા અને દુબેને ગાંધી પરિવાર વિરુદ્ધ બોલવાની મંજૂરી આપવાના અધ્યક્ષના નિર્ણયનો વિરોધ કર્યો હતો. સંસદ ભવનની બહાર કોંગ્રેસના સાંસદોએ વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને રાષ્ટ્રપતિના અભિભાષણ પર બોલવાની મંજૂરી આપવાની માગણી સાથે પ્રદર્શન કર્યું હતું. અગાઉ ભૂતપૂર્વ સેના પ્રમુખ એમ.એમ. નરવણેની પ્રકાશિત ન થયેલી પુસ્તકમાંથી કેટલાક મુદ્દાઓ પર વિપક્ષી સભ્યો દ્વારા જોરદાર વિરોધને પગલે કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

### 'ચીનની ટેન્કો

નથી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ કહે છે કે આ પુસ્તક અસ્તિત્વમાં નથી. જોકે દેશના દરેક યુવાન જોઈ શકે છે કે આ પુસ્તક અસ્તિત્વમાં છે.

રાહુલે કહ્યું હતું કે નરવણેએ લદાખમાં શું બન્યું એની હકીકતો સિલસિલાબંધ લખી છે. મને કહેવામાં આવ્યું હતું કે લોકસભામાં તમે આ સંસ્મરણોના પુસ્તકમાંથી ટાંકી ન શકો. મુખ્ય વાત એ છે કે વડા પ્રધાને કહ્યું હતું કે 'જો ઉચિત સમજો વો કરો'. જનરલ નરવણેએ રાજનાથ સિંહને ફોન કરીને કહ્યું હતું કે ચીની ટેન્કો કૈલાશની ટોચ પર પહોંચી ગઈ છે, અમારે શું કરવું? રાજનાથ સિંહે પહેલાં જવાબ આપ્યો નહોતો. નરવણે એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા અધિકારી (અજિત ઢોબલ) અને રાજનાથ સિંહજીને પૂછ્યું હતું, પરંતુ તેઓએ જવાબ આપ્યો નહોતો. નરવણેએ રાજનાથને ફરી પૂછ્યું હતું અને રાજનાથે કહ્યું હતું કે હું ટોચના નેતૃત્વને પૂછીને કહીશ. ટોચના નેતૃત્વથી એવો સ્ટેન્ડિંગ ઓર્ડર છે કે જો ચીનનાં લશ્કરી દળો અંદર આવે તો અમને પૂછ્યા વગર ગોળીબાર ન કરવો. નરવણેજી અને લશ્કર ટેન્કો પર ગોળીબાર કરવા માગતા હતા, કારણ કે ટેન્ક ભારતની સીમામાં ઘૂસી હતી. નરેન્દ્ર મોદીએ સંદેશ આપ્યો કે તમને જે ઉચિત લાગે એ કરો. આનો અર્થ એ થયો કે આ વાત મારા વશની નથી, તમારે જે કરવું હોય એ કરો. (એજન્સી)

### 'તૂં ગદ્દાર'

પસાર થઈ રહ્યો છે એનો ચહેરો જુઓ. ત્યાર બાદ રાહુલે હસ્તધૂનન માટે બિટ્ટુ સમક્ષ હાથ આગળ કર્યો હતો અને કહ્યું હતું કે હેલો ભાઈ, મારા વિશ્વાસઘાતી મિત્ર. ચિંતા ન કરો તમે કોંગ્રેસમાં પાછા આવશો.

જોકે બિટ્ટુએ રાહુલ સાથે હસ્તધુનન કરવાનું નકારી કાઢ્યું હતું અને વળતો જવાબ આપતાં રાહુલને દેશના દુશ્મન લેખાવ્યા હતા. (એજન્સી)

### અમેરિકી ઔદ્યોગિક

ખાસ વાતો જાણીએ છીએ. અમે સંપૂર્ણ વિગતો જાણીએ છીએ. તે ખૂબ જ આકર્ષક તક છે. ગ્રીરે કહ્યું હતું કે અમેરિકા ભારત વિરુદ્ધ કેટલાક સ્તરનો ટૅરિફ ૧૮ ટકા જાળવી રાખશે કારણ કે અમારી તેમની સાથે વિશાળ વેપાર ખાધ છે. પરંતુ તેઓ વિવિધ કૃષિ ઉત્પાદનો, ઉત્પાદિત માલસામાન, રસાયણો, તબીબી ઉપકરણો વગેરે પર પોતાના ટૅરિફ ઓછા કરવા પર સહમત થયા છે. તે બંને દેશો માટે એક આકર્ષક તક છે.

કરારની વિગતો આપતાં ગ્રીરે કહ્યું કે ભારત સાથે હાલમાં ઔદ્યોગિક માલસામાન પર સરેરાશ ટૅરિફ લગભગ ૧૩.૫ ટકા છે.જે હવે લગભગ તમામ વસ્તુ માટે શૂન્ય થઈ જશે. કૃષિ ક્ષેત્રમાં સામાનની વિશાળ શ્રેણી છે. ભારત દુનિયાના તમામ દેશની જેમ અમેરિકા પણ સામેલ છે. ચોક્કસ મુખ્ય ક્ષેત્રોમાં તેઓ તેના પર નિયંત્રણ રાખશે. પરંતુ વિવિધ વસ્તુઓ માટે ટ્રી નટ્સ, વાઇન, સ્પિરિટ, ફળો, શાકભાજી, વગેરે માટે તે શૂન્ય થઈ જશે. આ એક મોટી જીત છે. યુએસટીઆરએ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે ભારત અમેરિકન ઔદ્યોગિક અને કૃષિ સામાનોની વિશાળ શ્રેણી પર ટૅરિફ ઘટાડીને શૂન્ય કરશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પનો ભારત સાથેનો ઐતિહાસિક સોદો અમેરિકન ખેડૂતો અને ઉત્પાદકોને અભૂતપૂર્વ બજાર પ્રદાન કરે છે.

### આગામી ૨૦-૨૫ વર્ષ

૨૦-૨૫ વર્ષ ભારતનો યુગ હશે. ભારતને મૂડીની આયાત માટે ઓછી જરૂરિયાત છે.

તેમણે કહ્યું હતું કે હું માનું છું કે વિદેશી રોકાણકારોને ભારતના યુગનો વિશ્વાસ છે માટે તેઓ મૂડીની આયાત કરે છે, પરંતુ કોઈ પણ દેશ માટે મૂળભૂત પાયો નિવૃત્તિની બચત પર સ્થાનિક અર્થતંત્રનું ઘડતર છે.

તેમણે કહ્યું હતું કે ભારત દસથી વધારે વર્ષમાં આઠ-દસ ટકાથી વિકાસ કરશે. આથી હું ભારતીયોને આમાં રોકાણ કરવાનું પ્રોત્સાહન આપું છું. (એજન્સી)

### મોતની ઑનલાઈન

બહુ જ મોટું વ્યસન હતું.

આ ત્રણે બહેન પોતાના માતા-પિતાની સાથે રહેતી હતી. તેઓના પિતા વિદેશી હૂંડિયામણનો વેપાર કરતા હતા. મોટી છોકરી વેપારીની પહેલી પત્નીથી થયેલી દીકરી હતી, જ્યારે બીજી બે છોકરી બીજી પત્નીથી થયેલી દીકરીઓ હતી.

પોલીસે જણાવ્યું હતું કે આ છોકરીઓને ઑનલાઇન રમતનું એટલું બધું વ્યસન હતું કે તેઓ પોતાને ભારતીય નહિ, પરંતુ કૉરિયન માનવા લાગી હતી. તેઓ પોતાને કૉરિયન રાજકુમારી ગણતી હતી. આ પરિવારને પોતાની દીકરીઓને ઑનલાઇન ગૅમ રમવાની લત હોવાની જાણ હતી અને તેઓના મૉબાઇલ ફોન લઇ લીધા હતા. આ ત્રણે છોકરીઓ મધરાતે પૂજાના રૂમમાં ગઇ હતી અને અંદરથી દરવાજો બંધ કરીને નવમા માળની બારીમાંથી કૂદી ગઇ હતી. (એજન્સી)

### ભારતનું રશિયન

ભારત સાથે વધુ એક મોટા વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તેમણે વડાપ્રધાન મોદી સાથે સીધી વાત કરી હતી. બંને દેશો વચ્ચે ખૂબ સારા સંબંધો છે. ભારત રશિયા પાસેથી તેલની ખરીદી બંધ કરશે અને અમેરિકા પાસેથી તેલ ખરીદવા માટે પણ પ્રતિબદ્ધ છે. સંભવતઃ વેનેઝુએલા પાસેથી પણ ભારત ખરીદી કરશે જેનો સીધો ફાયદો હવે અમેરિકા અને અમેરિકન લોકોને થશે.''તેણીએ કહ્યું હતું કે વડાપ્રધાન મોદીએ પરિવહન, ઊર્જા અને કૃષિ ઉત્પાદનો સહિત અમેરિકામાં ૫૦૦ અબજ અમેરિકન ડોલરનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. એટલા માટે ટ્રમ્પના કારણે વધુ એક શાનદાર વેપાર કરાર છે. અગાઉ કેરોલિને કહ્યું હતું કે સોમવારે બંને નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી,

### સ્વદેશી ડેરી

છે. તેમણે જણાવ્યું હતું કે આ કરાર 'મૅક ઇન ઇન્ડિયા' મિશનને નવું જોમ પૂરું પાડશે. અમેરિકા ખાતે ભારતીય માલસામાનની નિકાસ વધશે અને અમેરિકાની બજારોમાં ભારતીય કંપનીઓ વધુ સારી રીતે સ્પર્ધા કરી શકશે.

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાને જણાવ્યું હતું કે અમેરિકા સાથેના કરારમાં ભારતીય ડેરી, અન્ન અને કૃષિ ક્ષેત્રને કોઇ માઠી અસર ન થાય, તેનું ખાસ ધ્યાન રખાયું છે.(એજન્સી)

### ચૂંટણી પંચના

સાચા મતદારોને મતદારયાદીમાં રાખવા જ જોઇએ. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બૅન્ચે ચૂંટણી પંચ અને પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી કમિશનરને આ સંબંધમાં નૉટિસ આપીને તેઓની પાસે નવ ફેબ્રુઆરી સુધીમાં જવાબ માગ્યો હતો.મમતા બેનરજીએ સવાલ કર્યો હતો કે મતદારયાદી સુધારણાની પ્રક્રિયામાં પશ્ચિમ બંગાળ જેવી નીતિ આસામમાં શું કામ નથી અપનાવાતી? પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે અમને ક્યાંય ન્યાય નથી મળતો. મેં ચૂંટણી પંચને આ સંબંધમાં છ પત્ર લખ્યા હતા. મતદારયાદીમાં અનેક ગોટાળા છે. અમુક મતદારો અને તેઓના માતા-પિતાનાં નામ અલગ છે. કેટલાક મતદારના નામ ખોટા લખાયાં છે. (એજન્સી)

### અણુયુદ્ધનાં

હાઉસના સૂત્રોએ માહિતી આપી હતી કે ટ્રમ્પે એવો નિર્દેશ આપ્યો હતો કે હું અણુહથિયારો પર અંકુશ મૂકવા માગું છું, પરંતુ અણુહથિયારોને સીમિત કરવાની વાતચીતમાં ચીનને પણ સામેલ કરવું જોઈએ. અધિકારીએ કહ્યું હતું કે ટ્રમ્પ અણુહથિયારો પરના અંકુશ અંગે પોતાની સમયમર્યાદામાં નિર્ણય લેશે. બેઈજિંગે તેના વધી રહેલા અણુહથિયારો પર કોઈ પણ અંકુશનો વિરોધ કર્યો છે.

# પંચમહાલમાં ઓરીનો પ્રકોપ, ગોધરામાં ૧૧,000 બાળકને રસી અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસમાં ઓરીનો પ્રકોપ જોવા મળ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક અટકાયતી પગલાં લેવામાં આવી રહ્યાં છે. આરોગ્ય વિભાગના ૨૪૨ કર્મચારીઓની ટીમ દ્વારા મેગા વેક્સિનેશન ડ્રાઈવ ચલાવવામાં આવી છે. આ ટીમે અત્યાર સુધીમાં ગોધરા શહેરી વિસ્તારમાં કુલ ૧૧,૦૦૦ બાળકોને રસી પિવડાવી છે. આ સાથે જ ગોધરા અર્બન વિસ્તારમાં ૮૦% રસીકરણ પૂર્ણ થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પંચમહાલ જિલ્લામાં ઓરીના કુલ ૧૦ કેસ નોંધાયા છે, જેમાં ગોધરા અર્બનમાં ૬, હાલોલમાં ૩ અને વેજલપુરમાં ૧ કેસનો સમાવેશ થાય છે. આરોગ્ય વિભાગ દ્વારા ઘરે-ઘરે જઈને બાળકોનું હેલ્થ સર્વે પણ કરવામાં આવી રહ્યું છે. સાતપુલ, ગોધરા શહેરના ખાડી ફળિયા અને પટેલવાડા જેવા વિસ્તારોમાં રસીકરણ કેમ્પ યોજવામાં આવ્યા હતા. જિલ્લા આરોગ્ય અધિકારીએ પંચમહાલના નાગરિકોને અપીલ કરી હતી કે, ૦ થી ૫ વર્ષના જે બાળકોને હજુ રસી લેવાની બાકી હોય, તેઓ તાત્કાલિક નજીકના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર જઈને રસી મુકાવી લે.

# રાજકોટમાં વેપારીએ મિત્રના ઘરે રાખેલી ૧૨૬ કિલો ચાંદીની ચોરી કરી, ચાંદી બજારમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના સામાં કાંઠા વિસ્તારમાં આવેલ પેડક રોડ પર રણછોડનગર શેરી નંબર-૧માં રહેણાંક મકાનમાંથી એકાદ કરોડ કિંમતના ૧૦૦ કિલોથી વધુ ચાંદીના ઘરેણાંની ચોરી થતા ખળભળાટ મચી ગયો હતો. ૧ કરોડથી વધુની કિંમતના ચાંદીના દાગીનાની ચોરીની જાણ થતા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરતા રાત્રીના ૨થી ૨.૩૦ વાગ્યા આસપાસ ત્રણ જેટલા શખ્સો આવી ચોરીને અંજામ આપી કારમાં ઘરેણાં ભરી ફરાર થઈ ગયા હતા. આ ઉપરાંત પોલીસે આ ચોરી પાછળ કોઈ જાણભેદુ હોવાની શક્યતાની તપાસ શરૂ કરી છે અને ઘરના ઉપરના માળે રહેતા પરિવારને પણ પોલીસ સ્ટેશન લઇ જઈ પોલીસ દ્વારા પૂછપરછ શરૂ કરવામાં આવી છે. મળતી વિગતો અનુસાર, ફરિયાદી અતુલ લિંબાભાઈ ગુસા, જેઓ લાંબા સમયથી ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમના પરિચિત બિપિનભાઈના મકાનમાં (ચંપકનગર વિસ્તાર) રાખેલી આશરે ૧૨૦થી ૧૨૫ કિલોગ્રામ ચાંદીની ચોરી થઈ ગઈ હતી. ચોરીની જાણ થતાં જ અતુલભાઈ પટેલે તાત્કાલિક ધારાસભ્ય ઉદય કાનગડને જાણ કરી હતી, જે બાદ પોલીસની ઉચ્ચ અધિકારીઓ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચાંદીનો એક કિલોનો ભાવ ૨.૮૦ લાખ રૂપિયાની આસપાસ પહોંચી ગયો છે. ત્યારે ૧૪૦ કિલો ચાંદીની કિંમત કરોડોમાં હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ મામલે પોલીસે વિવિધ ટીમો બનાવીને સઘન તપાસ કરવામાં આવી રહી છે.

# રાજ્યમાં ડબલ ઋતુથી વાઈરલ ઇન્ફેક્શન, શરદી, ઉધરસ અને તાવના કેસોમાં ધરખમ વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ડબલ ઋતુની અનુભૂતિ થઈ રહી છે. વાતાવરણમાં સતત થઈ રહેલા ફેરફારને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. વહેલી સવારે અને રાત્રે કકડતી ઠંડી તો બપોરે અનુભવાતો અસહ્ય ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

આ 'મિક્સ સીઝન' હવે લોકોના સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ રહી છે. વાતાવરણમાં આવેલા આ પલટાને કારણે રાજ્યભરમાં વાઈરલ ઇન્ફેક્શન, શરદી, ઉધરસ અને તાવના કેસોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે હોસ્પિટલો ઊભરાઇ રહી છે.

અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેવા મોટાં શહેરોની સિવિલ હોસ્પિટલો તેમજ ખાનગી ક્લિનિકોમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આરોગ્ય વિભાગનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓપીડીમાં સામાન્ય દિવસો કરતાં ૨૦% થી ૨૫% સુધીનો વધારો નોંધાયો છે. ખાસ કરીને નાનાં બાળકો અને વૃદ્ધો આ બદલાતા હવામાનનો શિકાર વધુ બની રહ્યા છે.

# અમદાવાદ મનપાનું ૧૭,૦૧૮ કરોડ રૂપિયાનું ડ્રાફ્ટ બજેટ, માળખાકીય સુવિધાઓ વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર બંછાનિધિ પાનીએ વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ. ૧૭,૦૧૮ કરોડનું જંગી ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં માળખાકીય સુવિધાઓને વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સાથે શહેરીજનો પર કોઈ વધારાના વેરા નાખવામાં આવ્યા નથી, આથી તે પણ રાહતની વાત છે. જોકે અગાઉના નિયમ મુજબ વાર્ષિક ૨% ઑટોમેટિક ટૅક્સ વધારો યથાવત્ રહેશે.

શહેરની ટ્રાફિક સમસ્યામાં સુધારો કરવા માટે બજેટમાં રૂ.૧,૦૦૦ કરોડના ખર્ચે અનેક એલિવેટેડ કોરિડોર બનાવવાનું ડ્રાફ્ટ બજેટમાં પ્રસ્તાવિત છે, જેમાં નેહરુનગરથી શિવરંજની થઈ ઇસ્કોન સુધી અને બોપલ એસ.પી. રિંગ રોડથી ઘુમા સુધીના મહત્ત્વના પ્રોજેક્ટ્સ સામેલ છે. 'ફાટક મુક્ત અમદાવાદ' અભિયાન હેઠળ રૂ. ૭૭૫ કરોડના ખર્ચે પાંચ નવા રેલવે ઓવરબ્રિજ (ગેરતપુર, વટવા-વિંઝોલ, પુનીતનગર, મણિનગર અને સરખેજ) તથા રૂ.૨૨૫ કરોડના ખર્ચે ત્રણ નવા ફ્લાય ઓવરબ્રિજ (મેમ્કો, ભક્તિ સર્કલ અને સિલ્વર સ્ટાર જંક્શન) બનાવવાનું પ્રસ્તાવિત છે. સાબરમતી નદી પર હાંસોલથી કોટેશ્વર સુધી નવો રિવર બ્રિજ અને સુભાષ બ્રિજના નવીનીકરણનો પણ સમાવેશ થાય છે.

મહિલાઓ માટે બજેટમાં ખાસ જોગવાઈ કરતા ૨૫ નવા 'પિંક ટોયલેટ' (પશ્ચિમમાં ૧૧ અને પૂર્વમાં ૧૪) અને જોધપુર વિસ્તારમાં મહિલાઓ માટે સ્પેશિયલ જિમ બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આ સાથે વર્કિંગ વુમન માટે પાંચ નવા ઘોડિયાઘર અને બાળકો માટે ૧૦૦ નવી આંગણવાડીઓ બનાવવાનું આયોજન પણ મનપાનું છે. અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સનું યજમાન બન્યું છે ત્યારે સ્પોર્ટ્સ ક્ષેત્રે અમદાવાદને ગ્લોબલ બનાવવા છ મોટા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને પાંચ મિની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર કરાશે. શહેરના ૧૧ બ્રિજ નીચે ખાલી પડેલી જગ્યાઓમાં સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ માટે રૂ. ૨૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં પાણીના વિતરણને વધુ સુલભ બનાવવા માટે રૂ. ૪૭૪ કરોડના ખર્ચે ૧૫ નવા વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનો બનાવવામાં આવશે. આ સ્ટેશનો ગોતા, થલતેજ, રાણીપ, સૈજપુર, લાંભા, રામોલ-હાથીજણ, સરખેજ, નિકોલ કઠવાડા, વિરાટનગર મનમોહન, ગીતા-ગૌરી સિનેમા પાસે, વસ્ત્રાલ અને કમોડ ગામ ખાતે બનશે.

રૂ. ૮૦ કરોડના ખર્ચે 'અમદાવાદ સેફ અને સ્માર્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ' પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ વોટર સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવશે. અપગ્રેડેશનમાં વોટર ઑડિટ, એનર્જી ઑડિટ અને વોટર ઓપરેશન મેનેજમેન્ટના સોફ્ટવેર સુધારાઓનો સમાવેશ થાય છે.રિવરફ્રન્ટના વિકાસ માટે કરોડો રૂપિયાની જોગવાઈ કરાઈ છે. પશ્ચિમ કાંઠે રૂ. ૨૫૮ કરોડના ખર્ચે ટાગોર હોલ પાસે એક્ઝિબિશન કમ કન્વેન્શન સેન્ટર અને રૂ. ૧૦૦ કરોડના ખર્ચે નેહરુબ્રિજ-એલિસબ્રિજ વચ્ચે ફૂડ કોર્ટ (સેવરીઝ) બનશે. ફેઝ-૩ હેઠળ ઇન્દિરા બ્રિજથી નર્મદા કેનાલ સુધીના ડેવલપમેન્ટ માટે રૂ. ૧૦૦ કરોડ ફાળવાયા છે. રિવરફ્રન્ટ પર ટ્રોપિકલ ફોરેસ્ટ (રૂ. ૫૬ કરોડ), મ્યુઝિકલ ફાઉન્ટેન (રૂ. ૫૦ કરોડ) અને લાંબો લિનિયર ગાર્ડન પણ પ્રસ્તાવિત કરવામા આવ્યો હતો. મુસાફરો માટે રિવરફ્રન્ટના બંને કાંઠે લાલબસ બસ સેવા અને રૂ. ૧ કરોડના ખર્ચે વોટર મેટ્રોનો ફિઝિબિલિટી સ્ટડી હાથ ધરાશે, તેવી યોજના પણ મનપાની છે.

# ઓસ્ટ્રેલિયામાં રહેતા અમદાવાદના યુવકને ડિજિટલ અરેસ્ટ કરી સાયબર ગઠિયાઓએ ૪૮ લાખ રૂપિયા પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સહિત દેશભરમાં ડિજિટલ અરેસ્ટ કરી નિર્દોશ લોકો પાસેથી મોટી રકમની ઠગાઈની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે.ઓસ્ટ્રેલિયામાં રહેતા અમદાવાદના એક યુવકને મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે ડિજિટલ અરેસ્ટ કરી ઓસ્ટ્રેલિય ડૉલર સહિત રૂ. ૪૮ લાખ પડાવ્યા હોવાનું બહાર આવ્યું છે. અમદાવાદમાં રહેતા યુવકના પિતાએ અમદાવાદ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદના નારણપુરા મીરા અંબિકા રોડ પર રહેતા વૃદ્ધનો એક દીકરો ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહે છે. ૨૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સિડનીમાં રહેતા દીકરાને ભારતીય નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી હોવાનું જણાવી યુવકના મોબાઈલ નંબર અને બેન્ક એકાઉન્ટના આધારે કરોડો રૂપિયાનાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયા છે અને તેમાં દેશવિરોધી પ્રવૃત્તિઓ સંકળાયેલી હોવાનું કહી યુવકને ડરાવ્યો હતો. સાયબર ગઠિયાઓએ યુવકને ઓસ્ટ્રેલિયાની સ્થાનિક પોલીસ દ્વારા ધરપકડ કરાવવાની અને ભારત આવશે ત્યારે એરપોર્ટ પરથી જ પકડાઈ જવાની ધમકીઓ આપવામાં આવી હતી. આ દબાણને કારણે યુવક માનસિક રીતે ડરી ગયો હતો. ગઠિયાઓએ તપાસના નામે તેની તમામ બેન્ક વિગતો મેળવી લીધી હતી અને ઓસ્ટ્રેલિયામાં આવેલા તેના એકાઉન્ટમાંથી ૨૫,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડૉલર, એટલે કે અંદાજે ૧૪ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ સાથે અમદાવાદ નારણપુરા ખાતેની એક્સિસ બેન્કમાં રહેલી યુવકની ૩૪ લાખ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ પણ તોડાવીને ગઠિયાઓએ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. એક મહિના સુધી ચાલેલી આ 'ડિજિટલ એરેસ્ટ' બાદ યુવકને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થયો હતો. તેણે ઓસ્ટ્રેલિયામાં સાયબર સિક્યુરિટી વિભાગમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે અમદાવાદની બેન્કમાંથી રકમ જતી હોવાની જાણ થતાં પિતાએ બેન્કમાં તપાસ કરતા ૩૪ લાખ રૂપિયા ટ્રાન્સફર થઈ ગયાનું જાણવા મળ્યું હતું.

# વડોદરામાં યુવતીએ બિલ્ડિંગની છત પરથી પડતું મૂકી જીવન ટૂંકાવ્યું, આત્મહત્યાનું રહસ્ય અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા હવેલી રેસકોમ અપાર્ટમેન્ટમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીએ બિલ્ડિંગની છત પરથી મોતની છલાંગ લગાવતા ચકચાર મચી ગઈ હતી. જુવાન દીકરીના આ પ્રકારના અંતિમ પગલાથી પરિવાર સહિત આસપાસના રહીશોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મકરપુરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. આ સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

વડોદરાના મકરપુરા વિસ્તારમાં રહેતી ભૂમિબેન ભદાણી ૩૧ જાન્યુઆરીના રોજ પોતાના ઘરે હતી. અચાનક એપાર્ટમેન્ટ પરથી પડતું મૂકી દેતા જોરદાર અવાજ આવ્યો હતો જેના કારણે સોસાયટીના લોકો દોડી આવ્યા હતા અને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હતી. જેથી ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને યુવતીને હોસ્પિટલમાં ખસેડી હતી. જોકે ડોક્ટરે યુવતીને મૃત જાહેર કરી હતી.

ઘટનાની જાણ થતા જ મકરપુરા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને ઘટનાસ્થળેથી કોઈપણ પ્રકારની સુસાઈડ નોટ મળી આવી નથી. ત્યારે યુવતીએ કયા કારણોસર આટલું ભયાનક પગલું ભર્યું તે રહસ્ય હજુ અકબંધ છે. મોતનું કારણ જાણવા માટે પોલીસે પરિવારના સભ્યો અને ફ્લેટના અન્ય રહીશોની પૂછપરછ કરી રહી છે. તે ઉપરાંત પોલીસે યુવતીના મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની પણ તપાસ શરૂ કરી છે.

# ગુજરાતમાં પહેલી એપ્રિલથી આવક અને જાતિ સહિતનાં ૧૮ પ્રમાણપત્રો ઓનલાઈન મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પાટનગર ગાંધીનગર ખાતે રાજ્ય સરકારની મહત્ત્વપૂર્ણ કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમ કે આગામી ૧ એપ્રિલથી વિવિધ યોજનાઓના દાખલા અને પ્રમાણપત્રો ઓનલાઇન આપવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારના આ નિર્ણયથી ૮૦ લાખ લોકોને સીધો ફાયદો થશે.

રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, આજે યોજાયેલી રાજ્ય કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

શાળા શરૂ થતાં જ વિદ્યાર્થીઓ અને વાલીઓને આવકનો દાખલો, જાતિનું પ્રમાણપત્ર સહિત ૧૮ જેટલા વિવિધ પ્રમાણપત્રોની જરૂર પડતી હોય છે. આ માટે સરકારી કચેરીઓમાં મોટી લાઈનો લાગતી હતી અને વાલીઓને એડમિશનની ચિંતા સાથે દાખલાની સમયમર્યાદાની મુશ્કેલીઓ પણ ભોગવવી પડતી હતી.

આ સમસ્યાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ અધિકારીઓને સૂચના આપી છે કે આ સમગ્ર પ્રક્રિયા કેવી રીતે ઓનલાઇન અને ફેસલેસ બને તે સુનિશ્ચિત કરવામાં આવે. તેના પરિણામે ૭૦થી ૮૦ લાખ પરિવારને સીધો લાભ મળશે અને લોકોને અલગ-અલગ સરકારી કચેરીઓમાં દોડવું નહીં પડે.

# સુરતમાં લક્ષ્મી ગ્રૂપ સહિત અન્ય લોકો સામે ઈન્કમ ટેક્સની તપાસ યથાવત્, ૧૯૦૦ કરોડના બેનામી ટ્રાન્ઝેક્શન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં લક્ષ્મી ગ્રૂપ સહિત અન્ય લોકો સામે આવકવેરા વિભાગની ઇન્વેસ્ટિગેશન વિંગ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી સતત ૭ દિવસ સુધી યથાવત્ રહી હતી. જેમાં કુલ ૧૯૦૦ કરોડ રૂપિયાના બેનામી ટ્રાન્ઝેકશન શોધી કાઢવામાં આવ્યા છે. ૩૦થી વધુ બેંક લોકરોને હાલ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે.

તપાસના અંતે ૩૦ કરોડ રૂપિયાની રોકડ અને સોના-ચાંદીના દાગીના જપ્ત કરવામાં આવ્યા છે.

આવકવેરા વિભાગની તપાસમાં બહાર આવ્યું છે કે, સાથે ડુમ્મસ રોડ પર સૂચિત ફાઇવ સ્ટાર હોટલ પ્રોજેક્ટ માટે જમીન સોદામાં મોટા પાયે નાણાકીય ગેરરીતિઓ આચરવામાં આવી છે. ખાસ કરીને બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડી દ્વારા કરવામાં આવેલા આ સોદાએ હવે સરકારી એજન્સીઓમાં દોડધામ મચાવી દીધી છે.આ પ્રોજેક્ટ અત્યારે ડેવલપર્સ અને રોકાણકારો માટે ચર્ચાનો વિષય બન્યો છે.

૧૭,૦૦૦ વારનું વિશાળ ક્ષેત્રફળ ધરાવતી આ કિંમતી જમીનના સોદામાં નાણાકીય વ્યવહારોની પદ્ધતિએ શંકા જન્માવી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, સોદાની કુલ રકમમાંથી માત્ર પચીસ ટકા રકમ જ સત્તાવાર રીતે ચેકથી અથવા 'વ્હાઈટ'માં દર્શાવવામાં આવી છે. બાકીની ૭૫ ટકા રકમ કઈ રીતે અને કયાં માધ્યમથી ચૂકવવામાં આવી છે તે શોધવા માટે અધિકારીઓ મથી રહ્યા છે. આટલા મોટા પાયે રોકડ વ્યવહાર થવો તે ગંભીર કરચોરી તરફ સ્પષ્ટ સંકેત આપે છે. આગામી દિવસોમાં આ સોદા સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓને સમન્સ પાઠવીને પૂછપરછ માટે બોલાવવામાં આવશે.

# રાજ્યમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાનનો આગામી ૨૧ ફેબ્રુઆરીથી પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. જેમાં મુખ્ય પ્રધાને આ વર્ષે ચોમાસા પહેલા જળ અભિયાનનાં કામો ઝડપથી પૂર્ણ થાય તે માટે રાજ્યભરમાં સુજલામ સુફલામ જળ અભિયાન ફેબ્રુઆરી માસથી જ શરૂ કરવા સૂચના આપી હતી. જે અંતર્ગત આ અભિયાન આગામી તા. ૨૧ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે.

પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, પાણીને બચાવવા અને તેના સંગ્રહ માટે અનેક મહત્ત્વની યોજનાઓ અમલમાં મૂકી છે. જે અંતર્ગત મુખ્ય પ્રધાનના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં ૮ વર્ષથી જળ સંગ્રહની કામગીરી કરવા માટે રાજ્યના જુદા જુદા વિભાગોના સંકલનથી દર વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન હાથ ધરવામાં આવે છે. આ અભિયાન અન્વયે વરસાદ વહેલો આવે તો તે પહેલા પાણીનો સંગ્રહ થાય તે માટે તળાવો ઊંડા કરવાની કામગીરી દર વર્ષ કરતાં વહેલી શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત આગામી તા. ૦૩ માર્ચના રોજ રોજ હોળી છે, જેથી શ્રમિકો તહેવારને લઈને વતન જતાં હોવાથી કામગીરીમાં વિલંબ ન થાય તે માટે પણ આ અભિયાન વહેલા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ સુધી છેલ્લાં ૮ વર્ષમાં અંદાજે ૧૩,૯૯૪ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો છે તથા ૨૬૦ લાખ કરતાં વધુ માનવદિન થકી શ્રમિકોને રોજગારી આપવામાં આવી છે.

# દરેક દસ્તાવેજ દીઠ ૧૦૦ રૂપિયાની 'પ્રોસેસિંગ ફી' નક્કી, તાત્કાલિક અસરથી અમલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મિલકત અને જમીન મકાનના દસ્તાવેજોની નોંધણી માટે અરજદારે હવે વધુ રકમ ચૂકવવી પડશે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા મિલકત અને જમીન મકાનના દસ્તાવેજોની નોંધણીની પ્રક્રિયામાં એક મહત્ત્વપૂર્ણ વહીવટી ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ હવેથી રાજ્યમાં થતી દરેક 'ઈ નોંધણી' માટે અરજદારે નિયમિત ચાર્જ ઉપરાંત વધારાની પ્રક્રિયા ફી ચૂકવવી પડશે. આ નવા નિયમ હેઠળ દરેક દસ્તાવેજ દીઠ રૂ. ૧૦૦ ની 'પ્રોસેસિંગ ફી' નક્કી કરવામાં આવી છે, જેનો અમલ સમગ્ર રાજ્યમાં તાત્કાલિક અસરથી શરૂ કરી દેવામાં આવ્યો છે.

આ નિર્ણય 'નોંધણી અધિનિયમ, ૧૯૦૮ અંતર્ગત મળેલી સત્તાનો ઉપયોગ કરીને લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે વર્ષો જૂના એટલે કે ૩ ઓગસ્ટ, ૧૯૮૭ ના જાહેરનામામાં જરૂરી સુધારા વધારા કર્યા છે. મહેસૂલ વિભાગના આ સુધારા બાદ હવે સરકારી ફીના સત્તાવાર કોષ્ટકમાં ફેરફાર થયો છે. અગાઉના નિયમોમાં ઓનલાઇન નોંધણી માટે કોઈ અલગ પ્રોસેસિંગ ચાર્જની જોગવાઈ નહોતી, પરંતુ હવે ડિજિટલ સેવાઓના વ્યાપને ધ્યાનમાં રાખીને આ નવી ફી દાખલ કરવામાં આવી છે.

નવા સુધારા મુજબ, ફીના કોષ્ટકમાં ક્રમાંક ૨૮ બાદ એક નવો ક્રમાંક ૨૯ ઉમેરવામાં આવ્યો છે. આ નવી જોગવાઈ સ્પષ્ટ કરે છે કે હવેથી કોઈપણ પ્રકારના દસ્તાવેજની ઈ નોંધણી કરવામાં આવે ત્યારે સરકારને દસ્તાવેજ દીઠ રૂ. ૧૦૦ પ્રોસેસ ફી તરીકે આપવાના રહેશે. અત્યાર સુધી ઈ નોંધણીની પ્રક્રિયા વિનામૂલ્યે અથવા તો માત્ર રજિસ્ટ્રેશન ફી સાથે ઉપલબ્ધ હતી, પરંતુ હવે નાગરિકોએ આ નવા વહીવટી ખર્ચ માટે તૈયાર રહેવું પડશે.

દસ્તાવેજની નોંધણી કરાવતા નાગરિકોએ એ બાબતની ખાસ નોંધ લેવી પડશે કે આ ફી 'પ્રતિ દસ્તાવેજ' ના ધોરણે લાગુ પડશે. જો કોઈ વ્યક્તિ એક જ સમયે એકથી વધુ પ્રોપર્ટી અથવા સોદાના દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન કરાવી રહી હોય, તો તેણે દરેક દસ્તાવેજ માટે અલગ અલગ રૂ.૧૦૦ ચૂકવવા પડશે. આ ફી ઓનલાઇન પોર્ટલ પર દસ્તાવેજ અપલોડ કરતી વખતે અથવા પ્રોસેસ કરતી વખતે જ વસૂલવામાં આવે તેવી શક્યતા છે.

મહેસૂલ વિભાગે આ મામલે એક મહત્ત્વની સ્પષ્ટતા પણ કરી છે કે આ રૂ.૧૦૦ ની રકમ માત્ર પ્રોસેસિંગ ચાર્જ પેટે લેવામાં આવી રહી છે. દસ્તાવેજની નોંધણી માટે જે નિયમિત 'સ્ટેમ્પ ડ્યુટી' અને 'નોંધણી ફી' અગાઉ વસૂલવામાં આવતી હતી, તેના દરોમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. એટલે કે, લોકોએ જૂના નિયમિત ટેક્સ અને ફી તો ભરવાની જ રહેશે, પરંતુ તેની ઉપર આ વધારાના રૂ.૧૦૦ નો બોજ સોદા દીઠ ઉમેરાશે.

# રાજકોટ મનપાના બજેટે રડાવ્યા, પાણીવેરા અને કચરો એકઠો કરવાના વેરામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદવાસીઓને મહાનગરપાલિકાએ નવા કરવેરા ન નાખી રાહત આપી હતી, પરંતુ રાજકોટવાસીઓને મનપાએ રડતા છોડી દીધા હોવાનું જણાઈ રહ્યું છે. રાજકોટ મનપાના વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના ડ્રાફ્ટ બજેટમાં પાણીવેરા અને કચરો એકઠો કરવાના વેરામાં મોટો વધારો પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે.

રાજકોટ કમિશનર તુષાર સુમેરાએ રૂ. ૩૫૯૫.૭૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું. બજેટમાં વિકાસ અને પર્યાવરણને લગતા મોટા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, પરંતુ વધેલો પ્રસ્તાવિત વેરો ચર્ચાનું કારણ બન્યો છે. રાજકોટ મનપાએ લગભગ રૂ. ૯૫ કરોડનો કરબોજ નાગરિકો પર નાખ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાલમાં ઘરદીઠ રૂ. ૧૫૦૦ પાણીવેરો અને વ્યાવસાયિક દીઠ રૂ. ૩૦૦૦ પાણીવેરો વસૂલવામાં આવે છે, જે વધારી અનુક્રમે રૂ. ૨૪૦૦ અને રૂ. ૪૮૦૦ કરવામાં આવ્યો હતો. આવી જ રીતે ઘરે ઘરે કચરો એકઠો કરવાનો ચાર્જ રૂ. ૩૬૫ને બદલે રૂ. ૮૦૦ અને વ્યાવસાયિક એકમો માટે રૂ. ૧૪૬૦ને બદલે રૂ. ૩૨૦૦ પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે.

# મનસુખ વસાવા 'બોલ બચ્ચન', આદિવાસી મુદ્દે હંમેશાં મૌન રહ્યાઃ ચૈતર વસાવા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના રાજકારણમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપના ધારાસભ્ય મનુસખ વસાવા લગભગ અનેક બાબતે આમને સામને આવી જતા હોય છે. ત્યારે વધુ એક વાર આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ મનસુખ વસાવાને આડે હાથ લીધા હતા, એક જાહેર મંચ પરથી ચૈતર વસાવાએ કહ્યું હતું કે, ''મનસુખભાઈ આલફેલ બોલે છે અને જો કોઈને મળે તો હું જાહેરમાં ડિબેટમાં રાખવા તૈયાર છું તેમ કહી દેજો.'' તેમણે કહ્યું હતું કે મનસુખભાઈને રાજનીતિમાં ૩૬ વર્ષ થયા અને મને ૩૬ મહિના થયા. પણ આ દરમિયાન તેમણે સંસદમાં અને મેં વિધાનસભામાં કેટલા આદિવાસીઓના મુદ્દા ઉપાડ્યા, કેટલી રજૂઆતો અને કેટલા માટે અવાજ ઉપાડ્યો તેના પરથી બંનેનું પાણી મપાઈ જાય તેમ છે. તેમણે આરોપ કર્યો હતો કે, હું તેમની જેમ બોલ બચ્ચન નથી.

તેમણે આરોપ કર્યો હતો કે જ્યારે આદિવાસીઓના પ્રશ્ન ઉઠાવવાનું આવ્યું ત્યારે તેમણે મૌન ધારણ કરી લીધું હતું. ચૈતર વસાવાએ અનેક ઉદાહરણો આપ્યા હતા. તેમણે કહ્યું કે કેવડિયામાં આદિવાસીઓના ઝૂંપડાં પાડયા ત્યારે મનસુખ વસાવા મૌન રહ્યા હતા. આદિવાસીઓના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અટકાવી, નકલી કૉલેજ બહાર આવી ત્યારે પણ મનસુખ વસાવા મૌન રહ્યા હોવાનો આરોપ ચૈતર વસાવાએ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે માત્ર ચૈતર આમ અને ચૈતર તેમ જેવા જ નિવેદનો આપે છે. તેમણે આરોપ કર્યો હતો કે કદાચ મનસુખ વસાવાને ચૈતરના જ સપના આવતા હશે. તેમણે વાત કરી હતી કે મનસુખભાઈએ ખૂબ જ ભાજપ માટે કામ કર્યું, પરંતુ તેમનું પાર્ટીમાં કઇ ઊપજતું નથી. તેમણે દાવો કર્યો હતો કે મનસુખ વસાવાનું પાર્ટીમાં ચાલતું હોય તો નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ કોઈ આદિવાસીને બનાવો એટલે ખબર પડી જશે કે પાર્ટીમાં તમારું કેટલું ચાલે છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આગામી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં હારના સંકેતો અને ડિપોઝિટ જપ્ત થવાનો ડર જોઈને સાંસદની ઊંઘ હરામ થઈ ગઈ છે.

# સંસ્થા સમાચાર

## મહાશિવરાત્રી - પૂજન - અર્ચન - રુદ્રાભિષેકનો કાર્યક્રમ રવિવારે

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા મહાશિવરાત્રી પર્વ નિમિત્તે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સમૂહ રુદ્રાભિષેકનું આયોજન સમાજભવનમાં સવારે ૯.૦૦ કલાકથી કરવામાં આવશે. પૂજન સામગ્રી તથા ભાગ લેનાર યજમાનના ફરાળની વ્યવસ્થા 'સમાજ' દ્વારા કરવામાં આવે છે. જે શિવભક્તો આ આયોજનનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓ માટે મુખ્ય યજમાન પદે રૂ. ૧૧,૦૦૦/-, દ્વિતીય શ્રેણીમાં યજમાન પદે રૂ. ૫,૦૦૦/- અને અન્યને સમૂહમાં પૂજનમાં બેસનાર માટે રૂ. ૨,૫૦૦/- રહેશે. લાભ લેવા ઈચ્છતા હોય તેમણે પૂરા પૈસા ભરી 'સમાજ'ના કાર્યાલયમાં નામ નોંધાવવા વિનંતી છે. વધુ વિગત માટે 'સમાજ'ના કાર્યાલયનો સંપર્ક ફોન નં. ૯૧૩૭૪ ૦૭૯૫૯ પર કરવા વિનંતી.

# નાશિકમાં કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ: કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાશિકના સિન્નર તાલુકામાં આવેલી એક કેમિકલ ફેક્ટરીમાં બુધવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

જિલ્લા અધિકારીએ જણાવ્યું હતું કે સિન્નર તાલુકામાં માલેગાંવ એમઆઈડીસીમાં આગ લાગી હતી, જયાં વિમા એરોમેટીકસ ફેક્ટરીના પરિસરમાં મોટા પ્રમાણમાં કેમિકલ ભરેલા ડ્રમ હતા. આ કેમિકલ ધૂપની લાકડીઓ બનાવવા માટે વાપરવામાં આવતું હતું. કેમિકલને કારણે આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી. આગ એટલી ભીષણ હતી કે દૂર દૂર સુધી તેનો ધુમાડો દેખાઈ રહ્યો હતો. આગ લાગ્યા બાદ ફાયરબ્રિગેડ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ફેક્ટરીમાં અંદર ફસાઈ ગયેલા કર્મચારીઓને બહાર સુરક્ષિત કાઢ્યા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

### ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ

# મુલુંડના ફ્લાયઓવરનું કામ ઝડપથી પૂરું થતાં નાગરિકોને ટ્રાફિકથી મળશે રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ અંતર્ગત ગોરેગામની સાથે જ મુલુંડમાં મોટા પાયા પર કામ ચાલી રહ્યું છે. જોકે આ પ્રોજેક્ટને કારણે મુલુંડમાં અનેક જગ્યાએ ટ્રાફિક ડાઈવર્ટ કરવામાં આવ્યો હોવાને કારણે ભારે ટ્રાફિકની સમસ્યા નિર્માણ થઈ છે. તેથી મુલુંડમાં બાંધવામાં આવી રહેલા મુખ્ય બ્રિજની બંને બાજુએ તાનસા પાઈપલાઈન પર જે બે નાના ફ્લાયઓવર ઊભા કરવામાં આવી રહ્યા છે, તેમાંથી ટ્રાફિકની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉત્તર દિશા તરફનો તાનસા પાઈપલાઈન પરના નાના બ્રિજનું કામ ઝડપથી પૂરું કરીને તેને ૩૧મે, ૨૦૨૬ સુધીમાં ખુલ્લો મૂકવાનું આયોજન હોવાનું પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું.

મુલુંડ (પશ્ચિમ)માં ખિંડીપાડા પરિસરમાં ગુરુ ગોવિંદ સિંહ રોડ પર એલિવેટેડ રોડ સહિત ડૉ.હેગડેવાર ચોક પાસે કેબલ સ્ટેડ સ્ટ્રકચર સહિત ફ્લાયઓવર ઊભો કરવામાં આવી રહ્યો છે. તાનસા પાઈપલાઈનથી નાહુર રેલવે પુલ દરમ્યાન લગભગ ૧.૮૯ કિલોમીટર લંબાઈનો આ પુલ બાંધવામાં આવી રહ્યો હોઈ સંપૂર્ણ પ્રોજેક્ટની લંબાઈની દૃષ્ટિએ આ તબક્કો વધુ પડકારજનક બની રહ્યો છે. મુખ્ય બ્રિજ માટે કુલ ૪૮ થાંભલા પ્રસ્તાવિત હોઈ તેમાંથી ૩૯ થાંભલા ઊભા થઈ ગયા છે. તો મુખ્ય બ્રિજના કુલ ૪૭ સેકશનમાંથી ૧૦ સેકશનના કામ પૂરા થઈ ગયા છે. એ સાથે જ મુખ્ય બ્રિજની બંને બાજુએ તાનસા પાઈપલાઈન બે નાના ફ્લાયઓવર ઊભા કરવામાં આવી રહ્યા છે.

ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ પાલિકાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે, આ પ્રોજેક્ટ અંતર્ગત મુલુંડમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને ગોરેગામમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને સીધો જોડવામાં આવવાનો છે. લગભગ ૧૨.૨૦ કિલોમીટર લંબાઈના ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ ચાર તબક્કામાં વિકસાવવામાં આવી રહ્યો છે. ત્રીજા તબક્કામાં મુલુંડ પશ્ચિમમાં ખિંડીપાડામાં ગુરુ ગોવિંદ સિંહ રોડ પર એલિવેટેડ રોડ અને ડૉ.હેગડેવાર ચોકમાં કેબલ સ્ટેડ સહિત ફ્લાયઓવર સ્ટ્રકચરના કામનો સમાવેશ થાય છે.

બુધવારે મુલુંડ પશ્ચિમમાં સોનાપુર જંકશન પર સાઈટ વિઝિટ કરનારા એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટનો બીજો ભાગ એટલે મુલુંડમાં બનાવવામાં આવી રહેલા ફ્લાયઓવરનો સમાવેશ થાય છે. તાનસા પાઈપલાઈનથી નાહુર રેલવે સ્ટેશન સુધીનો ૧.૮૯ કિલોમીટર લંબાઈનો આ ફ્લાયઓવર બાંધવામાં આવી રહ્યો છે. પૂરા પ્રોજેક્ટની લંબાઈની દૃષ્ટિએ આ ફ્લાયઓવરનું કામ પડકારજનક છે. ડૉ.હેગડેવાર ચોક ખાતે ૧૨૦ મીટર લંબાઈનો આ પુલ કેબલ સ્ટેડ સ્વરૂપનો હોઈ મુલુંડ મેટ્રો-ચારની લાઈનની નીચેથી જવાનો છે. મુખ્ય ફ્લાયઓવર પ્રોજક્ટના કુલ ત્રણ ભાગ છે. મુખ્ય ફ્લાયઓવર તેમ જ પુલની બંને બાજુએ તાનસા પાઈપલાઈન પર ઊભા કરવામાં આવવાના બે નાના પુલનો સમાવેશ થાય છે.

# નાણાં વિભાગ સંભાળ્યા પછી દેવેન્દ્ર ફડણવીસનો મોટો નિર્ણય

## ખરીદી દરખાસ્તોને મંજૂરી આપવા પર પ્રતિબંધ

મુંબઈ: રાજ્યમાં સરકારી વિભાગો દ્વારા મનસ્વી અને બિનજરૂરી ખરીદીને રોકવા માટે મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કડક પગલાં લીધાં છે. નાણાં વિભાગનો હવાલો સંભાળતાની સાથે જ, દેવેન્દ્ર ફડણવીસે નવા ટેન્ડર બહાર પાડવા અને ખરીદી દરખાસ્તોને વહીવટી મંજૂરી આપવા પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો.

૧૫ ફેબ્રુઆરીથી કોઈ પણ ખરીદી દરખાસ્ત મંજૂર કરવામાં આવશે નહીં. ઉપરાંત, નાણાં વિભાગે તમામ વિભાગોને સૂચના આપી છે કે કોઈ નવા ટેન્ડર બહાર પાડવામાં આવશે નહીં, જેમાં ફર્નિચર રિપેર, ડ્રાઇવર મશીનો, કમ્પ્યુટર્સ, સાધનો, સ્પેરપાર્ટ્સ, ઑફિસ ભાડા, સેમિનાર, ભૌતિક વર્કશોપ જેવા ખર્ચનો સમાવેશ થાય છે. જો કે, દવાઓની ખરીદીને આ પ્રતિબંધમાંથી બાકાત રાખવામાં આવી છે. આરોગ્ય વિભાગ અને તબીબી શિક્ષણ વિભાગને દવાઓ ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત, કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ, તેના અંતર્ગત રાજ્યનો હિસ્સો તેમ જ બાહ્ય સહાયતા પ્રાપ્ત પ્રોજેક્ટ્સના ખરીદી પ્રસ્તાવોને પણ છૂટ આપવામાં આવી છે. નાણાં વિભાગે આરોપ લગાવ્યો હતો કે નાણાકીય વર્ષ પૂરું થઈ રહ્યું હોવાથી ઘણા વિભાગો ભંડોળ ખર્ચવા માટે ઉતાવળમાં ખરીદી કરી રહ્યા છે. આ આદેશ તમામ વહીવટી વિભાગો, તેમના હેઠળની કચેરીઓ, સરકારી કોર્પોરેશનો, સહાયિત સંસ્થાઓ તેમ જ શહેરી અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને લાગુ પડશે. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાણાં વિભાગની સમીક્ષા કર્યા પછી ખર્ચ નિયંત્રિત કરવાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. 'લાડકી બહિણ' યોજનાને કારણે રાજ્યના તિજોરી પર વધતા દબાણની પૃષ્ઠભૂમિમાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની શક્યતા છે.

રાજ્યનો નાણાં વિભાગ દિવંગત નાયબ મુખ્યપ્રધાન અજિત પવાર પાસે હતો. અજિત પવારના અવસાન પછી, સુનેત્રા પવારે નાયબ મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા.

# બીડમાં નેશનલ હાઈવે પર બર્નિંગ કાર: ચારનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બીડ જિલ્લામાં મંગળવાર મધરાત બાદ હાઈવે પર ચાલુ કારમાં શોર્ટસર્કિટ થઈને આગ ફાટી નીકળી હતી. આગમાં સવાર બે બાળક સહિત ચારનો ચમત્કારિક બચાવ થયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

હાઈવે ટ્રાફિક પોલીસે મંગળવારે રાતના ૧૨.૩૦ વાગ્યાની આસપાસ નેશનલ હાઈવે પર કારમાં આગ લાગ્યા બાદ તેમાં સવાર પતિ-પત્ની અને તેમના બંને બાળકોને બચાવી લીધા હતા.

પોલીસના જણાવ્યા મુજબ આ કાર પરભણી જિલ્લામાં આવેલા ગંગાખેડ તરફ જઈ રહી હતી ત્યારે ધુળે-સોલાપુર નેશનલ હાઈવે પર માંજરસુંબા ઘાટમાં તેમાં અચાનક આગ ફાટી નીકળી હતી.

કારમાં શોર્ટસર્કિટ થયા બાદ પણ તે હાઈવે પર દોડી રહી હતી અને તે બાબતે કારનો માલિક અજાણ હતો અને એ બાદ અચાનક કાર ઘાટ સેકશનમાં પહોંચી ત્યારે તેમાં આગ ફાટી નીકળી હતી. ભારે ટ્રાફિકથી ધમધમતા આ હાઈવે પર કારમાં આગ લાગ્યા બાદ થોડા સમય માટે વાતાવરણ તંગ થઈ ગયું હતું.

હાઈવે પર પેટ્રોલિંગ કરી રહેલા ટ્રાફિક પોલીસને આગની જાણ થતા તેણે તરત ઘટનાસ્થળે પહોંચીને કારમાં રહેલા પતિ-પત્ની સહિત બે બાળકને બળતી કારમાંથી બહાર કાઢયા હતા. હાઈવેની આજુબાજુ રહેલા સ્થાનિકોની મદદથી આગ પર નિયંત્રણ મેળવવામાં આવ્યું હતું અને બાદમાં કારને બાજુએ કરીને હાઈવે પરનો ટ્રાફિક રેગ્યુલર કરવામાં આવ્યો હતો.

નવમા પાનાનું ચાલુ

## ગેસ ટેન્કર

તરફના ટ્રાફિકને કેરેજવે પર વાળવામાં આવ્યો હતો અને લોકોને પોતાના ગંતવ્યસ્થાને પહોંચવામાં સાડાત્રણ કલાકને બદલે આઠથી નવ કલાક લાગ્યા હતા. મુંબઈ-પુણે એક્સપ્રેસવે ભારતનો પ્રથમ ૬ લેન પહોળો કોંક્રીટ, એક્સેસ-કન્ટ્રોલ્ડ ટોલ એક્સપ્રેસવે છે, જે ૯૪.૫ કિલોમીટર લાંબો છે અને તે મુંબઈ, રાયગડ અને નવી મુંબઈને પુણે સાથે જોડે છે. એક્સપ્રેસવે કન્ટ્રોલ રૂમના જણાવ્યા અનુસાર હાઇવે પર મંગળવારે સાંજે પાંચ વાગ્યાની આસપાસ પ્રોપીલીન ગેસ વહન કરતું ટેન્કર ઊંધું વળી ગયું હતું. રાયગડ જિલ્લામાં આડોશી ટનલ નજીક આ અકસ્માત થયો હતો. પૂરપાટ વેગે ટેન્કર હંકારી રહેલા ડ્રાઇવરે ઢાળને કારણે કાબૂ ગુમાવતાં ટેન્કર ટનલ નજીક ઊંધું વળી ગયું હતું અને તરત જ તેમાંથી ગેસ લીકેજ થવા લાગ્યો હતો, જેને કારણે વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો.

અકસ્માતની જાણ થયા બાદ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને કોઇ પણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે પોલીસે સુરક્ષાની દૃષ્ટિએ મુંબઈ તરફનો ટ્રાફિક કલાકો સુધી સંપૂર્ણપણે બંધ કરી દીધો હતો. અકસ્માતને કારણે મુંબઈ તરફનો ટ્રાફિક લગભગ બે કિ.મી. સુધી પુણે તરફ કેરેજવે પર વાળવામાં આવ્યો હતો. ટેન્કરમાંથી સતત થઇ રહેલા ગેસ લીકેજને કારણે સામાન્ય અવરજવર પુનઃસ્થાપિત થઇ શકી નહોતી, જેને કારણે પુણે તરફ જનારાં વાહનોની પણ લાંબી લાઇન લાગી હતી. મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા તથા મદદની રાહ જોઇ રહ્યા હતા. મધરાત સુધી પરિસ્થિતિ ભયાનક હોવાથી સુરક્ષાનાં કારણોસર હાઇવે બંને બાજુ બંધ કરી દેવામાં આવ્યો હતો. ગેસ લીકેજ ચાલુ હોવાથી પ્રશાસને પણ જોખમ લીધા વિના ટ્રાફિક બંધ કરવાનો નિર્ણય લીધો હતો. પુણે લેન પર ખાલાપુર ટોલ પ્લાઝા સુધી ટ્રાફિક જૅમ સર્જાયો હતો અને પુણે તરફ ૧૦થી ૧૨ કિલોમીટર સુધી વાહનોની લાંબી લાઇન જોવા મળી હતી, એમ પોલીસે કહ્યું હતું. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસના કન્ડક્ટરે મધરાતે જણાવ્યું હતું કે તેમની બસ અકસ્માતના સ્થળ નજીક લગભગ છ કલાકથી વધુ સમય સુધી અટવાયેલી રહી હતી અને મુસાફરોને ભોજન, પાણી તેમ જ શૌચાલયની સુવિધા મળી નહોતી. એક્સપ્રેસવે પર કલાકો સુધી અટવાયેલા ઘણા વાહનચાલકોએ સોશિયલ મીડિયા પર પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. કેટલાકે એક્સપ્રેસવેને 'પાર્કિંગ લૉટ' ગણાવ્યો હતો અને અન્ય લોકોને સલાહ આપી હતી કે જરૂર ન પડે ત્યાં સુધી મુસાફરી ટાળો. મહારાષ્ટ્ર હાઇવે ટ્રાફિક પોલીસે વાહનવ્યવહાર પૂર્વવત્ ન થાય ત્યાં સુધી મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર પ્રવાસ ટાળવાની વાહનચાલકોને સલાહ આપી હતી. ટ્રાફિકને કારણે પોલીસે કેટલાંક વાહનોને જૂના મુંબઈ-પુણે હાઇવે તરફ વાળ્યા હતા. ૧૫થી ૨૦ મિનિટના બ્લોક લગાવ્યા બાદ વાહનોને વિરુદ્ધ લેનમાંથી મુંબઈ તરફ જવા દેવામાં આવી રહ્યા હતા. દરમિયાન ઊંધા વળેલા ટેન્કરમાંથી ગેસ લીકેજ ચાલુ જ રહેતા નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ તેમ જ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના નિષ્ણાતોની ટીમોને ઑપરેશન સંભાળવા માટે બોલાવવામાં આવી હતી. સત્તાવાળાઓએ બાદમાં બીજું ટેન્કર ઘટનાસ્થળે મગાવ્યું હતું અને ઊંધા વળી ગયેલા ટેન્કરમાંથી ગેસ બીજા ટેન્કરમાં ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા હાથ ધરાઇ હતી. મધરાત બાદ સ્થિતિ હળવી થતાં અકસ્માતગ્રસ્ત ટેન્કરને ત્રીજી લેનમાં ખસેડવામાં આવ્યું હતું. ત્યાર બાદ મુંબઈ તરફ માત્ર એક જ લેન પર ટ્રાફિક શરૂ કરવામાં આવ્યો હતો.

## લાડકી બહિણ

બહિણ યોજનાનું નામ બદલીને પવારના નામ પર રાખવામાં આવે. હરિદ્વારમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે જણાવ્યું હતું કે 'ઘણી માગણીઓ છે.અમે સાથે બેસીને વિચારીશું કે તેના પર કેવી રીતે આગળ વધવું.' મિટકરીએ કહ્યું હતું કે અજિતદાદા રાજ્યની મહિલાઓના પ્રિય ભાઈ હતા. તેઓ રાજ્યભરમાં મુસાફરી કરતા ત્યારે તેમના હાથ રાખડીઓથી ભરેલા રહેતા. જો રાજ્ય સરકાર આ યોજનાનું નામ અજિતદાદાંચી લાડકી બહિણ યોજના રાખે તો એ તેમને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.' અજિત પવાર નાણાં પ્રધાન હતા ત્યારે તેમણે જુલાઈ ૨૦૨૪ માં જાહેર કરેલી લાડકી બહિણ યોજના ૨૧ થી ૬૫ વર્ષની વય જૂથની પાત્ર મહિલાઓને સીધા બેંક ટ્રાન્સફર દ્વારા દર મહિને ૧,૫૦૦ રૂપિયાની સહાય પૂરી પાડે છે. (પીટીઆઈ)

## એસટીની

હોવાનું બુધવારે સ્ટેટ ટ્રાન્સપોર્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું. સ્ટેટ ટ્રાન્સપોર્ટે જણાવ્યું હતું કે મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ખંડાલા ઘાટ સેકશન પાસે ગેસ ટેન્કર પલટી ખાઈ જવાને પગલે ૨૪ કલાકથી પણ વધુ સમય માટે હાઈવે પર બંને દિશામાં ટ્રાફિક જૅમ રહ્યો હતો. તેથી રાજ્યના જુદા જુદા વિસ્તારમાં આ હાઈવે પરથી જતી સ્ટેટ ટ્રાન્સપોર્ટની ૧૩૯ સબસેવા રદ કરવામાં આવી હતી, જેમાં ૭૩ ઈ-શિવનેરી બસસેવા હતી અને ૬૬ રેગ્યુલ બસ સર્વિસ હતી. હાઈવેના ટ્રાફિક જૅમને કારણે સાતારા ડિવિઝનની ૪૬, સોલાપુરની ૩૬, પુણેની ૨૦, સાંગલીની ૧૮, કોલ્હાપુરની ૧૩ અને પાલઘર સેકશનની ૧૨ બસ, થાણેથી ૧૧ અને મુંબઈ ડિવિઝનની સાત બસસેવા રદ થઈ હતી. મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવેનો ટ્રાફિક પૂર્વવત્ થવાની સાથે જ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસસેવા ફરી શરૂ કરી દેવામાં આવશે એવો દાવો સ્ટેટ ટ્રાન્સપોર્ટે કર્યો હતો.

## ગોળીબારમાં દેશી

આવ્યો હતો. રોહિત શેટ્ટીના જૂહુ સ્થિત શેટ્ટી ટાવર પર શનિવારની મધરાતે સ્કૂટર પર આવેલા શૂટરે પિસ્તોલમાંથી પાંચ રાઉન્ડ ફાયર કર્યા હતા. પોલીસને ઘટનાસ્થળેથી પાંચ ખાલી કારતૂસ મળી આવી હતી, જે તપાસ માટે ફોરેન્સિક લૅબોરેટરીમાં મોકલી દેવાઈ હતી. પોલીસ બેલાસ્ટિક રિપોર્ટની રાહ જોઈ રહી છે. દરમિયાન પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ગોળીબારમાં ૭.૬૨ એમએમની બૂલેટ્સનો ઉપયોગ કરાયો હતો. આ બૂલેટ્સનો ઉપયોગ મોટા ભાગે કૅલિબરમાં થાય છે. તેનો વ્યાસ અંદાજે ૦.૩૦૮થી ૦.૩૧૧ વચ્ચેનો હોય છે અને તેનો ઉપયોગ સામાન્ય રીતે રાઈફલ અને મશીન ગનમાં થાય છે. આ કૅલિબરની બે સામાન્ય વેરિયેન્ટ્સમાંથી એક એમ૧૪, એફએન એફએએલ અને એમ૬૦ તેમ જ બીજી એકે-૪૭ અને એસકેએસ જેવી રાઈફલમાં થાય છે. એક અધિકારીના કહેવા મુજબ આ બૂલેટ્સનું વજન સામાન્ય રીતે ૧૨૩થી ૧૭૫ ગ્રેન વચ્ચે હોય છે. તેનો વેગ અને ભેદક ક્ષમતા બહોળી હોય છે. આવી પિસ્તોલનો ગોળીબારમાં ઉપયોગ પોલીસ માટે ચિંતાનો વિષય બન્યો છે. શૂટરે ખરેખર કયા પ્રકારની પિસ્તોલ-બૂલેટ્સનો ઉપયોગ કર્યો તેની તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. ઘટનાસ્થળની તપાસ પછી પોલીસે અંદાજો લગાવ્યો હતો કે શેટ્ટી ટાવર નજીક શૂટર સાથે બિશ્નોઈ ગૅન્ગના અન્ય પણ સભ્ય હોવા જોઈએ. જોકે સીસીટીવી ફૂટેજમાં માત્ર શૂટર નજરે પડે છે. તપાસ દરમિયાન શૂટરની ઓળખ થઈ હોવાનો પણ દાવો કરાઈ રહ્યો છે. તેની શોધ માટે પોલીસની ૧૨ ટીમ અલગ અલગ સ્થળે મોકલવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## રોહિત શેટ્ટીના

બાન્દ્રામાં થયેલી એનસીપીના નેતા બાબા સિદ્દીકીના હત્યા કેસમાં ફરાર છે.

લૉરેન્સ બિશ્નોઈને જેલમાં પૂરવામાં આવ્યા પછી મહારાષ્ટ્રમાં શુભમ લોણકરે પોતાની ટોળકી બનાવી હોવાનું કહેવાય છે. આ ટોળકીના સભ્યો સાથે તે સોશ્યલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં રહે છે. અત્યારે લોણકર ચીનમાં સંતાયો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. ગોળીબારના કાવતરાને અંજામ આપવા માટે પુણેના યુવક પાસેથી આરોપી આદિત્ય ગાયકીએ ૩૦ હજાર રૂપિયામાં સ્કૂટર ખરીદ્યું હતું. સેકન્ડ હેન્ડ સ્કૂટરની કિંમત શુભમ લોણકરે જ પૂરી પાડી હોવાનું કહેવાય છે. પછી આ સ્કૂટર પુણેથી લોનાવલા સુધી પહોંચાડવાની જવાબદારી આરોપી સિદ્ધાર્થ યેનપુરે અને સ્વપ્નિલ સકટને સોંપાઈ હતી. લોનવલામાં તેમને શૂટર મળવાનો હતો, જેને સ્કૂટર સોંપવાનું હતું. જોકે શૂટર લોનાવલા ન પહોંચતાં યેનપુરે અને સકટ સ્કૂટર લઈને મુંબઈ આવ્યા હતા. આ કામ માટે તેમને માત્ર ૧૦ હજાર રૂપિયા આપવામાં આવ્યા હતા. આ રકમ આરોપી સમર્થ પોમાજી હસ્તક લોણકરે પહોંચાડી હતી. પોમાજીની સૂચનાથી જ સ્કૂટર મુંબઈ લાવવામાં આવ્યું હતું. ઘટનાના ૧૦ દિવસ અગાઉ સ્કૂટર મુંબઈ લાવીને શૂટરને આપવામાં આવ્યું હતું. પોલીસને શંકા છે કે ગોળીબાર પહેલાં શેટ્ટી ટાવરની રૅકી માટે પણ આ જ સ્કૂટરનો ઉપયોગ થયો હશે. પકડાયેલા આરોપીઓએ દાવો કર્યો હતો કે કોઈ કાવતરું ઘડવામાં આવ્યું છે અને એના ભાગ રૂપે જ સ્કૂટર ખરીદીને મુંબઈ લાવવાની કવાયત કરવામાં આવી હોવાની તેમને ખાતરી હતી, પરંતુ ટાર્ગેટ કોણ હતું તેની તેમને જાણ નહોતી.

# હિન્દુ મરણ

ભાણવડ નિવાસી જગજીવનભાઇ રવજીભાઈ ચોટાઈના સુપુત્રી પ્રસન્નબેન એ તા. ૩/૨/૨૬ મંગળવારના કૈલાશવાસ કરેલ છે. તે સ્વ. વલ્લભદાસ, સ્વ. મણિલાલ, અમૃતલાલના બહેન તેમજ સ્વ. રામકુવરબેન ગોપાલદાસ પોપટ, સ્વ. કાંતાબેન વલ્લભદાસ સૂચક તથા ગં.સ્વ. નર્મદાબેન રતનશીભાઈ મજીઠીયાના નાના બહેનનું બેસણું તા. ૫/૨/૨૬ ગુરુવારના રોજ જડેશ્વર મહાદેવ મંદિર, ૫/૪ પટેલ કોલોની, બીએસએનએલ ઓફિસની સામે, જામનગર મુકામે સાંજે ૪ થી ૫ રાખેલ છે.

રાજકોટ નિવાસી નિશાબેન વલ્લભભાઈ આડતીયાની સુપુત્રી (ઉં.વ. ૩૩) તે પ્રિતભાઈના બહેન તથા કિંજલબહેન, કાજલબહેન તથા બિંદીયાબહેનના બેન અને ધૈર્યના માતાશ્રી ૪/૨/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સદ્ગતની પ્રાર્થના સભા તા. ૫/૨/૨૬ને ગુરુવારના

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

મહાદેવ મંદિર, બાપા સીતારામ ચોક, રૈયા રોડ, રાજકોટ મુકામે સમય સાંજે ૪થી ૫ના રાખેલ છે.

મુ. ગોંડલ હાલ રાજકોટ સ્વ. ભાણજીભાઇ ગોકળદાસ આડતીયાના પુત્ર હરેશભાઇના ધર્મપત્ની અ.સૌ. હીનાબેન તે સ્વ. ભગવાનજીભાઈ ચત્રભુજ કારીયાની સુપુત્રી તા. ૪-૨-૨૬ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે હરદેવભાઈ, અ.સૌ. દિપ્તીબેન ભાર્ગવકુમાર પુજારાના માતૃશ્રી. સ્વ. ગીરીશભાઈ તથા જીતેનભાઈના બહેનનું બેસણું તા. ૫-૨-૨૬ને ગુરુવારના સાંજે ૪.૩૦થી ૫.૩૦ તેમના નિવાસસ્થાન અખીલ એપાર્ટમેન્ટ-૨, તિરૂપતિ પાર્ક રાજકોટમાં રાખેલ છે. પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

ભાનુબેન પ્રવીણભાઈ પરીખ (રોકડીયા) (ઉં.વ. ૮૬) તે સ્વ. પ્રવીણભાઈ પુરુષોત્તમ પરીખના પત્ની. તે અનીશભાઈ, રિંકુભાઈ તથા પિંકીબેનના માતુશ્રી. તે નૃપાબેન, શેફાલીબેન તથા સરિતકુમારના સાસુ તા. ૪-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૬-૨-૨૬ના ૫.૩૦થી ૭.૩૦ દરમિયાન રાખવામાં આવી છે. ઠે. એવરેસ્ટ ચેમ્બર બિલ્ડિંગ, ૩૩૨ માઉન્ટ પ્લેસન્ટ રોડ, સીએમના બંગલાની સામે, મલબાર હિલ, મુંબઈ-૪૦૦ ૦૦૬. પ્રાર્થનાસભા બાદ લૌકિક પ્રથા બંધ છે.

**વીસા વાયડા વણિક**

હાલ (વિલે પાર્લા)ના સ્વ. નિર્મલાબેન શાંતિલાલ શાહના પુત્ર મંજુલભાઈ (ઉં.વ. ૭૯) ૩-૨-૨૬ના મંગળવારે શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. મમતાબેન (માલિનીબેન)ના પતિ. ખ્યાતિ અને હેમાલીના પિતા. આનંદ ત્રિવેદી અને ગૌરાંગ શાહના સસરા. વીર તથા રેયાંશના નાના. જયશ્રી નરેન્દ્ર કોઠારીના ભાઈ. પિયરપક્ષે સ્વ. અરવિંદાબેન રવીકાંત ગાંધીના જમાઈ. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી પરજીયા પટણી સોની**

ગામ સાભરાઈ નિવાસી હાલ મુલુંડ સોની લક્ષ્મીદાસ મણીલાલ ધકાણ (ઉં.વ. ૮૫) તા. ૩-૨-૨૬ના રામશરણ પામ્યા છે. તે સ્વ. સોની મણીલાલ મોતીરામ ધકાણના પુત્ર. તે સ્વ. જખુભાઈ કલ્યાણજી ગંધરીયાના જમાઈ. તે ભાનુબેનના પતિ. તે સ્વ. કિશોર, ગિરીશ, નીતાના પિતાશ્રી. તે અલ્પાબેન, સ્વ. સ્મિતાબેન, દુર્ગાબેન, મહેશભાઈના સસરા. તે સ્વ. નાનાલાલભાઈ, વસંતભાઈ, વિનોદભાઈ, સુરેશભાઈ, સ્વ. ઝવેરબેન, વિમળાબેન, મંજુલાબેન, રસીલાબેન, મુક્તાબેન, કાશ્મીરાબેનના ભાઈ. તે કરણ અને શ્રુતિના દાદા. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

ગામ કારીતરાઈ હાલે મુલુંડના રહેવાસી, સ્વ. ગોમતીબેન ચીંગજી ચોથાણીના સુપુત્ર સુંદરજીભાઈ (ઉં.વ. ૮૭) તા. ૩-૨-૨૬ના રામશરણ પામેલ છે. તે નિર્મળાબેનના પતિ. તે અનિલ, સ્વ. ઉમેશ, માયાના પિતા. તે ક્રિષ્ણા અને રમેશ પરસોતમ ચંદેના સસરા. તે સ્વ. ડુંગરશી, સ્વ. હીરજી, સ્વ. ગોવિંદજી, સ્વ. કાનજી, સ્વ. તુલસીદાસ, સ્વ. રામજી, સ્વ. જમનાબેન, સ્વ. મણીબેનના ભાઈ. તે દેવકાબેન માવજી મેઘજી અડવા ગામ વર્લીના જમાઈ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૫-૨-૨૬ ગુરુવારના ૫.૩૦ થી ૭.૦૦. ઠે. શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આર. આર. ટી. રોડ, મુલુંડ (વે.), મુંબઈ-૮૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટીયા**

ગામ અમરેલી હાલ બોરીવલી, સમીર ગોપાલદાસ સંપટ (ઉં.વ. ૫૩) તા. ૨/૨/૨૬ના શ્રીજીશરણ પામ્યા છે. મૌસમીબેનના પતિ. રમાબેન અને સ્વ. ગોપાલદાસ લીલાધર સંપટના પુત્ર. જયેશભાઇ અને દિપાબેન દિપેનભાઈ કાપડિયાના ભાઈ. જયરાજભાઇ પરિમલભાઈ સંપટ મોરબીવાળાના જમાઈ. દેવાંશીબેનના દિયર. દિપેનભાઈના સાળા. બન્ને પક્ષની પ્રાર્થના સભા તા. ૫/૨/૨૬ના સાંજે ૬.૦૦ થી ૮.૦૦. જી. એચ. હાઈસ્કૂલ, એમ. જી. રોડ, બોરીવલી (ઈ).

**દશા સોરઠીયા વણિક જ્ઞાતિ**

ગં. સ્વ. દિવ્યલતા ધીરજલાલ સાંગાણી (ઉં.વ. ૯૨), સ્વ. ધીરજલાલ જીવનદાસ સાંગાણીના પત્ની ગોરેગામ, મુંબઈ, તા. ૧-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેઓ સ્વ. પ્રાણલાલ અને ભાગીરથીબેન શ્રીમાંકરની દીકરી. તેઓ ભરત, અ. સૌ. ચારુ સુરેશભાઈ માયાણી, અ. સૌ. હર્ષા ભરતભાઇ રાજકોટિયા અને સ્વ. ધીમંતના માતા. તેઓ પારુલ, સુરેશભાઈ, ભરતભાઈ અને પ્રીતિના સાસુ. સ્વ. ચંદુભાઈ, સ્વ. હરસુખભાઇ, સ્વ. ઈશ્વરભાઈ, સ્વ. મૃદુલાબેન નટવરલાલ માધાનીના ભાભી. લૌકિક ક્રિયા તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ મહુવા વાળા હાલ ભાયંદર, કાંતિભાઈ મોહનભાઇ પીઠવા (ઉં.વ. ૭૪) રવિવાર, તા. ૧/૨/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેઓ સ્વ. ભારતીબેનના પતિ. તેઓ સંદીપભાઈ, કિરણભાઈના પિતાશ્રી તથા પારુલબેન, કૌશલબેનના સસરા. તેઓ સ્વ. નવનીતભાઈ, વિનોદભાઈ, મંજુલાબેન નાનજીભાઈ ચૌહાણ, જયશ્રીબેન વિનોદભાઈ પરમાર, ભાવનાબેન હર્ષદભાઈ મકવાણાના ભાઈ. તેઓ સ્વ. હરજીવન પ્રેમજી સિધ્ધપુરા (ભાવનગરવાળા)ના જમાઈ. પ્રાર્થના સભા તા. ૫/૨/૨૬ ગુરુવારના સાંજે ૫ થી ૭. સ્થળ: લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિર પાસે, બોરીવલી (ઇસ્ટ).

**દશા સોરઠિયા વણિક**

સ્વ. ધીરજલાલ ધનજીભાઈ સાંગાણી (ઉં.વ. ૮૩) ગામ: જાબાળ, હાલ: કાંદિવલી તે તા. ૧/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે નલીનીબેનના પતિ. સ્વ. લલીતાબેન મનસુખભાઈ સૂપતાણીના જમાઈ. સ્વ. રંભાબેન ધનજીભાઈ સાંગાણીના પુત્ર. તે રીટા (રુચિ), ભાવેશ, સોનલ, જિગ્નેશના પિતાશ્રી. તે સ્વ. શૈલેશભાઈ ધાબળીયા, અરવિંદકુમાર માંડવિયા, માયા અને હેમાલીના સસરા. સ્વ. કાંતિભાઈ, સ્વ. રતિભાઈ, કિશોરભાઈ, શાંતિભાઈ, સવિતાબેન મહેન્દ્રકુમાર ગાંધી અને કાજલબેન ભરતકુમાર માંડાણીના ભાઈ. પ્રાર્થના સભા તા. ૬/૨/૨૬, શુક્રવાર સમય: સાંજે ૪:૦૦ થી ૬:૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, બોરીવલી લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ ટોકીઝની સામે બોરીવલી (વેસ્ટ).

**કપોળ**

રાજુલાવાળા, હાલ કાંદિવલીના, મહેન્દ્ર શામળદાસ સંઘવી (ઉં.વ. ૮૬), તે મયુરિકા સંઘવીના પતિ. સ્વ. શાંતાબેન શામળદાસ સંઘવીના પુત્ર. ઉષ્મા, ભાવેશ, મનીષના પિતાશ્રી. તારકભાઇ, ફાલ્ગુની, શેફાલીના સસરા. નીલ, મિહિરના દાદા. સ્વ. કિશનદાસ, સ્વ. જશુબેન, સ્વ. ભારતી, સ્વ. જયંતના ભાઈ. મહુઆવાળા

# જૈન મરણ

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શરદકુમાર પ્રતાપરાય કામદારના ધર્મપત્ની પન્નાબેન. તેમજ સ્નેહલના મમ્મી અને સ્વ. બાબુલાલ ભગવાનજી ગોહેલ પનવેલના દિકરી અને મૂળજીભાઈ ખોડીદાસ દોષી પાર્લાની ભાણેજનું મંગળવાર, તા. ૩/૨/૨૬ના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુ દાન અને ચર્મ દાન કરેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નેસડી સાવરકુંડલા નિવાસી હાલ વસઈ ચિરાગ વિજયભાઈ ઉમેદરાય ગોડા (ઉં.વ. ૩૫) મંગળવાર તા. ૩-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેનના પુત્ર. તે ઈશિતાબેનના પતિ. તે રોનકના ભાઈ. તે રાજુ, દિલીપ, પરેશ, રીટાબેન ભાવિકકુમાર શાહના ભત્રીજા. તે મહેશભાઈ હિંમતલાલ સરવૈયાના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૬-૨-૨૬ના ૩થી ૭ રાખેલ છે. ઠે. સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ, માણેકપુર, વસઈ રોડ (વેસ્ટ).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ પેથાપર હાલે લાકડીયાના હીમાબેન ગેલાભાઈ કરમણ છેડાના પુત્ર સ્વ. શાંતીલાલ છેડા (બાબુભાઈ) (ઉં.વ. ૬૮). મંગળવાર, તા. ૩/૨/૨૬ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. કલ્પનાબેનના પતિ. અંકિત અને સેજલના પિતાશ્રી. સચિન અને પાયલના સસરા. તનિષ્કાના દાદાશ્રી. માતુશ્રી કમળાબેન વેલજી હરખચંદ ફરીયાના જમાઈ. પ્રાર્થના સભા: શુક્રવાર, તા. ૬-૨-૨૬ સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે, પ્રાર્થના સ્થળ : કરસન લધુ હોલ, દાદર (વેસ્ટ).

**દશા શ્રીમાળી ઝાલાવાડી સ્થા જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદિવલી કાંતિલાલ જગજીવનદાસ મહેતા (ઉં.વ. ૯૬) તે ૩/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેનના પતિ. સ્વ. લલ્લુભાઇ, સ્વ. પ્રાણલાલ, સ્વ. રસિકભાઈ, સ્વ. રંભાબેન તથા પ્રભાબેનના ભાઈ. હરિલાલ અંબાલાલ વોરાના જમાઈ. મોનાબેન ચેતનભાઈ મહેતા, પ્રિતી જીતેન્દ્ર શાહ, બીના તુષાર મહેતા, સુજાતા મનીષ શાહના પિતા. હિતાર્થ, ડોલી, વિધિ, જય, ધયવંત, ગૌરવ મનાલી તથા જીમિતના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાગલપુરના રમીલાબેન લક્ષ્મીચંદ ગોગરી (ઉં.વ. ૭૦) તા. ૩-૦૨-૨૬ મંગળવારના અવસાન પામેલ છે. સ્વ. મેકાબાઈ ભવાનજીના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદ (મણીલાલ)ના ધર્મપત્ની. રાહુલ, મનીષના માતા. સ્વ. સાકરબેન ખીમજીના પુત્રી. ચુનીલાલ, સુરેશ, સ્વ. અમૃતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમીલા લક્ષ્મીચંદ ગોગરી, ૦૦૧, એકવીરા સદન, બોલિંજ ટેલિફોન એક્સચેન્જની સામે, બોલિંજ, વિરાર વેસ્ટ.

ડુમરાના ડો. કિરણ તલકશી કારાણી (ઉં.વ. ૮૨) તા. ૨-૨-૨૬ના અવસાન પામેલ છે. સાકરબાઇ ખીમજી મોરારજીના પુત્રવધૂ. સ્વ. ડો. તલકશીના ધર્મપત્ની. અતુલ, અશ્વીની, આશિષના માતુશ્રી. વિમલાબાઇ કૃષ્ણકુમાર ડીંગેના સુપુત્રી. મીના મંગેશ, શૈલજા અરવિંદ પ્રધાન, નીતીન મોરેશન ડીંગેના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. : અશ્વીની પાધ્યે, ટ્રેન્કવીલ બે, કાશીના દુરુ માર્ગ, દાદર (વે).

કોટડા (રોહા)ના વિસનજી ધારશી પાસડ (ઉં.વ. ૮૦) તા. ૩-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ખેતબાઈ ધારશી આસુના પુત્ર. જવેરબેનના પતિ. પ્રીતી, ભાવના, કવિતા, પુનમ, બીજલના પિતા. મુરજી, સુંદરજી, નવલ, પુષ્પા, હરખચંદના ભાઈ. ગોધરા ખેતબાઈ પાસુ હિરજીના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. ૨ થી ૩.૩૦.

બાડાના કસ્તુર ખીમજી વીરા (ઉં.વ. ૮૪) તા. ૩/૨/૨૬ વાપી મધે અવસાન પામેલ છે. રાણબાઇ ઉમરશીના પુત્રવધૂ. ખીમજીના પત્ની. લાયજા મકાબાઇ રતનશીના દિકરી. ચંદન, હસમુખ, રૂપલના માતા. હિરબાઇ, દમયંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. હસમુખ વીરા, ચિંતન સોસાયટી, વાપી- ૩૯૬૧૯૫.

પત્રીના ભરત ગડા (ઉં.વ. ૬૪) તા. ૩-૨-૨૬ના અવસાન પામ્યા છે. વીરાબાઇ વેલજીના પૌત્ર. હેમકુંવર (નાનબાઇ) હીરજીના પુત્ર. રંજન, ભારતી, મનસુખ, રોહીતના ભાઇ. પત્રીના લક્ષ્મીબેન ખીમજી ખીંશીના દોહીત્ર. ભુજપુરના રેખા (શાંતા) રાજનના ભાણેજ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રોહીત હીરજી ગડા, ૯/૫, સહકાર નગર, એમ.એમ.જી.સી. માર્ગ, રોયલ ઇન્ડસ્ટ્રીયલની સામે, વડાલા (વેસ્ટ).

નવીનારના પ્રભા રાજેશ કુંવરજી વોરા (ઉં.વ. ૬૬) તા. ૨-૨-૨૬ના અવસાન પામેલ છે. ભાનુબેન કુંવરજીના પુત્રવધૂ. રાજેશના પત્ની. બ્રિજેશ, ટફીના માતુશ્રી. મણીબેન મગનલાલ સતીયાના પુત્રી. હેમચંદ, કાંતિલાલ, પ્રવિણ, રાજેશ, રમેશ, કસ્તુરબેન ધનજી, સરલાબેન નેમચંદના બેન. પ્રાર્થના : છત્રપતિ શિવાજી મહારાજ નાટ્ય મંદિર, ૩જે માળે, એન.સી. કેલકર રોડ, દાદર (વે.), મુંબઈ-૨૮. ટા. ૨ થી ૩.૩૦.

સ્વ. હેમલતા લક્ષ્મીદાસ વોરાના જમાઈ. તા. ૩-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

સ્વ. જયેશ નટવરલાલ શાહ તે ૨૮/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે હાલ પુના સ્વ. હંસાબેન નટવરલાલ શાહના પુત્ર. વિજલબેનના પતિ. હિમાની મિહિરકુમાર સાંગાણી તથા સાહીલના પિતા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સૌરાષ્ટ્ર લેઉવા પટેલ**

ગામ માવવણ સ્વ. વલ્લભભાઈ સવજીભાઈ હિરપરા પટેલ (ઉં.વ. ૧૦૩) તે જીવીબેનના પતિ. નલિન, રજની, નરેશ તથા વિલાસના પિતા. હંસા, સરોજ, ભારતી તથા વિપુલકુમારના સસરા. મનોજ, તુષાર, વર્ષા, પારૂલ, હર્ષિદા, ચિરાગ, નિકુંજ તથા રેશ્માના દાદા. ધ્રુવી, વાણી, દેવ, ક્રિષા, યુવાન, પ્રત્યુક્ષના પરદાદા. તે ૧/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૫/૨/૨૬ના ૫ થી ૭ કલાકે પી ડી ખાખ્ખર બેન્કવેટ હોલ, લક્ષ્મીનારાયણ કમ્પાઉન્ડ, નૂતન સ્કૂલની પાસે, માર્વે રોડ, મલાડ વેસ્ટ.

**ચારગામ દશા પોરવાડ વણિક**

સ્વ. હસમુખલાલ પૂનમચંદ શેઠના ધર્મપત્ની સરોજબેન (ઉં.વ. ૭૮) તે હિમાંશુ, અલ્પેશ તથા ફાલ્ગુનના માતુશ્રી. માનસી તથા દીપેનના સાસુ. ભરતભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, હરીશભાઈ, સ્વ. સુશીલાબેન, સવિતાબેન, શકુંતલાબેન, સ્વ. મૃદુલાબેનના ભાભી. સ્વ. મહેશભાઈ, સુધીરભાઈ, યોગેશભાઈ, સ્વ. હિતેન્દ્રભાઇ, સ્વ. મીનાબેનના બહેન. તે ૩/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. બેસણું ૫/૨/૨૬ના રોજ ૫ થી ૭ કલાકે લોહાણા મહાજનવાડી, શંકર મંદિર પાસે, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## વધતા જતાં જીવનની સાથે પેટ પણ કેમ વધી રહ્યું છે?

### વધતું જતું પેટ એ માત્ર ઉંમર વધવાની નિશાની નથી, પણ બેદરકારીનો બોલતો પુરાવો છે




વીસીના વળાંક પર જ્યારે યુવાન હોય ત્યારે જે શરીર લોખંડ જેવું મજબૂત અને કસાયેલું લાગતું હોય છે તે જ શરીર ત્રીસી કે ચાલીસીના ઉંબરે પહોંચતા સુધીમાં કેમ બેડોળ થવા લાગે છે? ખાસ કરીને ભારતીય પુરુષોમાં એક સામાન્ય વલણ જોવા મળે છે કે જેમ જેમ તેમનું કરિયર અને જવાબદારીઓ વધે છે, તેમ તેમ તેમનું પેટ પણ બહાર આવવા લાગે છે. આ માત્ર દેખાવની સમસ્યા નથી, પણ એક ગંભીર સ્વાસ્થ્ય ચેતવણી છે જેને વિજ્ઞાન 'સેન્ટ્રલ ઓબેસિટી' અથવા 'વિસરાલ ફેટ' કહે છે.

પુરુષોમાં પેટ વધવાનું સૌથી મોટું વૈજ્ઞાનિક કારણ હોર્મોન્સમાં આવતો બદલાવ છે. ત્રીસ વર્ષની ઉંમર પછી પુરુષોમાં ટેસ્ટોસ્ટેરોન હોર્મોનનું સ્તર દર વર્ષે લગભગ ૧% જેટલું ઘટવા લાગે છે. આ હોર્મોન સ્નાયુઓના નિર્માણ અને ચરબીના દહન માટે જવાબદાર છે. જ્યારે તેનું સ્તર ઘટે છે, ત્યારે શરીર સ્નાયુઓ ગુમાવે છે અને ચરબી સંગ્રહવાની પ્રક્રિયા ઝડપી બને છે. તે સમયે આપણું મેટાબોલિઝમ (ચયાપચયની ક્રિયા) પણ ધીમું પડી જાય છે, જેનો અર્થ છે કે જે ખોરાક વીસીમાં સરળતાથી પચી જતો હતો, તે હવે શરીરમાં ચરબીના સ્વરૂપે જમા થાય છે. ખાસ કરીને ભારતીય પુરુષોની શારીરિક રચના એવી હોય છે કે ચરબી સૌથી પહેલા પેટના ભાગે જ જમા થાય છે. આ પેટની અંદરની ચરબી એટલે કે વિસરાલ ફેટ, લિવર અને કિડની જેવાં અંગોની આસપાસ વીંટળાઈ જાય છે, જે ટાઈપ-૨ ડાયાબિટીસ અને હૃદયરોગનું મુખ્ય કારણ બને છે.

આધુનિક જીવનશૈલી પણ આમાં ઘી હોમવાનું કામ કરે છે. આજના સમયમાં પુરુષોનું કામ મોટે ભાગે લેપટોપ સામે બેસીને કરવાનું હોય છે. શારીરિક શ્રમ ઘટ્યો છે અને તેની સામે 'કેલરી ઇન્ટેક' વધ્યો છે. ઓફિસમાં મીટિંગો દરમિયાન પીવાતી ચા-કોફી, સમોસા કે અન્ય નાસ્તાઓ અજાણતા જ શરીરમાં સેંકડો વધારાની કેલરી ઉમેરે છે. વધુમાં, પુરુષોમાં કામનું દબાણ અને સ્ટ્રેસ (તણાવ) એક મહત્ત્વનું પરિબળ છે. જ્યારે વ્યક્તિ તણાવમાં હોય ત્યારે શરીરમાં 'કોર્ટિસોલ' નામનો હોર્મોન વધે છે. સંશોધનો કહે છે કે કોર્ટિસોલનું ઊંચું પ્રમાણ સીધું જ પેટની ચરબી વધારવા સાથે જોડાયેલું છે. તણાવને કારણે ઊંઘમાં અનિયમિતતા આવે છે, અને ઓછી ઊંઘ લેવાથી ભૂખ લગાડતા હોર્મોન્સ સક્રિય થાય છે, જેના પરિણામે મોડી રાત્રે જમવાની કે જંક ફૂડ ખાવાની ઈચ્છા વધુ જાગે છે.

દારૂનું સેવન પણ પેટ વધવા માટે જવાબદાર છે, જેને આપણે સામાન્ય ભાષામાં 'બિયર બેલી' કહીએ છીએ. દારૂમાં કેલરીનું પ્રમાણ ખૂબ ઊંચું હોય છે અને જ્યારે લિવર આલ્કોહોલને પ્રોસેસ કરતું હોય છે, ત્યારે તે ચરબી બાળવાનું બંધ કરી દે છે. આથી, તે સમયે લેવાયેલો ખોરાક સીધો જ ચરબીમાં રૂપાંતરિત થાય છે. વળી, ભારતીય ભોજનમાં કાર્બોહાઈડ્રેટ્સ (રોટલી, ભાત, ખાંડ) નું પ્રમાણ વધુ હોય છે, જે જો યોગ્ય રીતે વપરાય નહીં તો પેટ પર ટાયર જમા કરવાનું કામ કરે છે.

જોકે આ સમસ્યામાંથી બહાર આવવું અશક્ય નથી. સમાધાનની શરૂઆત જાગૃતિથી થાય છે. સૌ પ્રથમ, પુરુષોએ પોતાના આહારમાં પ્રોટીનનું પ્રમાણ વધારવું જોઈએ અને રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સ તથા ખાંડનો ત્યાગ કરવો જોઈએ. પ્રોટીન લેવાથી સ્નાયુઓ જળવાઈ રહે છે અને લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. શારીરિક કસરત તરીકે માત્ર ચાલવું પૂરતું નથી- અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ વેઈટ ટ્રેનિંગ કે સ્ટ્રેન્થ ટ્રેનિંગ કરવી અનિવાર્ય છે, કારણ કે સ્નાયુઓ જેટલા મજબૂત હશે એટલી જ ચરબી ઝડપથી બળશે. જીવનમાં તણાવ ઘટાડવા માટે પ્રાણાયામ કે મેડિટેશનનો સહારો લેવો જોઈએ જેથી કોર્ટિસોલનું સ્તર નિયંત્રણમાં રહે. રાત્રે સાત થી આઠ કલાકની ગાઢ ઊંઘ લેવી એ પેટ ઘટાડવા માટે કોઈ પણ જિમ જેટલી જ અસરકારક સાબિત થાય છે.

એટલે કે, વધતું જતું પેટ એ માત્ર ઉંમર વધવાની નિશાની નથી, પણ બેદરકારીનો બોલતો પુરાવો છે. જો તમે આજે તમારા પેટના ઘેરાવા પર ધ્યાન નહીં આપો, તો આવતીકાલે તમારે દવાઓ અને હોસ્પિટલોના ચક્કર કાપવા પડશે.

શિસ્તબદ્ધ ભોજન, નિયમિત કસરત અને સકારાત્મક માનસિકતા જ તમને ચાલીસી કે પચાસીમાં પણ ફિટ અને આત્મવિશ્વાસથી ભરપૂર રાખી શકે છે. યાદ રાખો કે તંદુરસ્ત પિતા અને તંદુરસ્ત પતિ જ પરિવારની સાચી સુરક્ષા છે. ■

દર સપ્તાહે વાંચો વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
લાડકી
પુરુષ
વીક એન્ડ
તન-મન-ધનથી રહો તરોતાજા
મેટિની
ઉત્સવ
ઈન્ટરવલ
દરરોજ કંઈક નવું-દરરોજ કશું અનોખું!



## ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પત્ની પતિથી મોટી હોય તો ચાલે?

*ડિયર હની,*

આપણા સમાજમાં પતિની ઉંમર પત્ની કરતાં વધારે હોય એવું જ મોટાભાગે જોવા મળે છે. ક્યારેક બંને વચ્ચે ઉંમરનો તફાવત વધુ હોય તો ય ચાલી જાય છે, બહુ બહુ તો ટીકા કે મશ્કરી થાય, પણ પત્નીની ઉંમર પતિથી મોટી હોય તો સમાજને સમસ્યાથાય છે.

આવું કેમ? એવો પ્રશ્ન બધાને થવો જોઈએ.

તારા અને મારા વચ્ચે ચાર સાડા ચાર વર્ષનો તફાવત છે. દુનિયામાં લગભગ આ રેશિયો પતિ પત્ની વચ્ચે હોય છે એવું સંશોધન થયું છે. આપણે ત્યાં પતિ પત્નીથી ચાર વર્ષ જ નહિ, પણ પાંચ પંદર વર્ષ મોટો હોય એવું બને છે. ભારતમાં જ નહિ, પણ આખી દુનિયામાં બને છે. એવાં લગ્નો સફળ થાય છે? આ વિષે પણ સંશોધનો થયાં છે. જોકે લગ્ન એ બે વ્યક્તિ વચ્ચે પ્રેમ અને વિશ્વાસનો નાતો છે. એમાં ઉંમર ક્યારેક બાધક બને છે ક્યારેક એ નડતું નથી.

સમાજ સ્વીકારે કે ના સ્વીકારે, પણ પતિ મોટો હોય અને પત્ની નાની હોય અને એ લગ્ન જીવન ટકી જતું હોય તો પત્ની મોટી હોય એવા કિસ્સામાં પણ લગ્ન જીવન ટકી જાય છે. કેટલાક જાણીતા કિસ્સાઓ છે. ઐશ્વર્યા અભિષેક બચ્ચનથી બે વર્ષ મોટી છે. પ્રિયંકા ચોપરા તો નીક જોનાસ કરતાં દસ વર્ષ મોટી છે. બિપાસા બાસુ કરણસિંહ કરતાં ત્રણ વર્ષ મોટી છે. સોહા અલી ખાન કુણાલ કરતાં પાંચ વર્ષ મોટી છે. આમ છતાં આ બધાનાં લગ્ન જીવન સારી રીતે ચાલી રહ્યા છે. એમને સંતાનો પણ છે.

સચિન તેંડુલકર અને અંજલિનો દાખલો લો. અંજલિ ડૉક્ટર છે અને સચિનથી છ વર્ષ મોટી છે. તેમનું લગ્નજીવન દાયકાઓથી અતૂટ રહ્યું છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનો ખૂબ જ ચર્ચિત કિસ્સો છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન તેમના પત્ની બ્રિજિટ મેક્રોન કરતાં ૨૪ વર્ષ નાના છે ! મેક્રોન જેવા કિસ્સા બહુ ઓછા છે.

આપણા પરિવારમાં જ એક કિસ્સાની વાત તને ખબર છે. એમાં વાત ત્યાં જ અટકી પડી હતી, કારણ કે દીકરી દીકરા કરતાં દોઢેક વર્ષ મોટી હતી અને સંબધ કરવો કે નહિ એ મુદે ચર્ચા ચાલી હતી પણ આખરે બંને પરિવાર એકબીજાને એકદમ ઓળખે એટલે લગ્ન થયા અને બંનેનું લગ્ન જીવન એકદમ મજાનું રહ્યું છે.

બાકી તો ભારતીય સમાજમાં હજુ પણ વર્ષો જૂની પરંપરાઓ અને માનસિકતા ઘર કરી ગઈ છે.આપણા સમાજમાં હંમેશાં એવું માનવામાં આવે છે કે પુરુષ પત્ની કરતાં મોટો અને વધુ અનુભવી હોવો જોઈએ. જ્યારે પત્ની મોટી હોય ત્યારે સમાજને લાગે છે કે તેનાથી પુરષનું વર્ચસ્વ ઓછું થઈ જશે. સ્ત્રીઓમાં ઉંમર વધવાની સાથે માતૃત્વ ધારણ કરવાની ક્ષમતામાં ફેરફાર આવે છે, તેવું કારણ આગળ ધરીને ઘરના વડીલો નાની ઉંમરની વહુ પસંદ કરવાનો આગ્રહ રાખતા હોય છે. એવી એક સામાન્ય માન્યતા છે કે સ્ત્રીઓ પુરુષો કરતા જલદી પરિપકવ થઈ જાય છે. તેથી જો પત્ની મોટી હોય તો બંનેની વિચારસરણીમાં મેળ નહીં બેસે એવો ડર સમાજને લાગે છે.

મોટાભાગના કિસ્સાઓમાં પરિવારના સભ્યોને જોડી સામે વાંધો નથી હોતો, પણ સગાવહાલાં કે પાડોશીઓ મજાક ઉડાવશે અથવા ટોણા મારશે તેવા ડરથી પત્ની મોટી હોય તેવાસંબંધોને સ્વીકારવામાં આવતા નથી.

જોકે, સમય બદલાઈ રહ્યો છે. આજના શિક્ષિત અને આધુનિક યુગમાં ઘણી યુવા પેઢી આ વાતોને મહત્વ આપતી નથી. પ્રિયંકા ચોપરા-નિક જોનાસ કે સચિન-અંજલિ તેંડુલકર જેવા ઉદાહરણએ સાબિત કર્યું છે કે જો બે વ્યક્તિ વચ્ચે સમજદારી હોય, તો ઉંમરનો તફાવત કોઈ મહત્ત્વ ધરાવતો નથી.

લગ્નનું ટકવું ઉંમરના આંકડા કરતાં માનસિક તાલમેલ પર વધુ આધાર રાખે છે. જો બે વ્યક્તિ વચ્ચે પ્રેમ, આદર અનેએકબીજાને સ્પેસ આપવાની તૈયારી હોય, તો ૧ વર્ષનો તફાવત હોય કે ૨૦ વર્ષનો, સંબંધ મજબૂત જ રહે છે. દિલીપ કુમાર અને સાયરા બાનુની જોડી બોલિવૂડના ઈતિહાસમાં 'એવરગ્રીન' ગણાતી અને ઉંમરના તફાવત છતાં અત્યંત સફળ ગણાતી જોડી છે. તેમનો કિસ્સો સાબિત કરે છે કે જો પ્રેમ નિષ્ઠાવાન હોય, તો વર્ષોનો તફાવત માત્ર એક આંકડો બની જાય છેન તો રાજેશ ખન્ના અને ડિમ્પલનો કિસ્સો નિષ્ફળ રહ્યો.

જોકે એક વાત તો છે દિલીપ કુમારના કિસ્સામાં સમાજને વાંધો નહોતો, કારણ કે અહીં પતિ મોટો હતો. પરંતુ, કલ્પના કરો કે જો સાયરા બાનુ ૨૨ વર્ષ મોટાં હોત તો કદાચ તે સમયે સમાજે આટલી સરળતાથી સ્વીકાર્યું ન હોત. વાત સાચી છે. અલબત, આજના સમયમાં આ વિચારસરણીમાં થોડો બદલાવ આવ્યો હોવા છતાં પણ પુરુષપ્રધાન માનસિકતા ગઈ નથી.

તારો બન્ની.

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી


## એકલતાને કરો બાય બાય...

માણસ સામાજિક પ્રાણી છે. સામાન્ય રીતે માનવીને એકલા રહેવું નથી ગમતું. એકલતા માણસને વિચલિત કરી મૂકે છે. એકલતા એટલે સંગાથનો અભાવ. આ એક એવી અનુભૂતિ છે, જે લોકોને- ખાસ કરીને વૃદ્ધોને અકળાવતી હોય છે. આ એક ગંભીર સમસ્યા છે જે વ્યક્તિને પોતાની અંદર જ સીમિત કરી દે છે. કવયિત્રી અક્ષણા ચોકસી લખે છે :

*'એકલતા એટલે...'*
*ભડકા વગરનો ધુમાડો*
*ઓરડાની દીવાલો ઉપર લીંપાયેલો,*
*દેખાય નહીં*
*પણ પળે પળે હાજરી પૂરીને*
*એ ન બળે પણ આંખ બાળે*
*એ છોડોને છાટો પણ આંસુઓને પાળે*
*એકલતા એટલે....*
*ગયેલાંની લીલીછમ યાદોનો ડૂમો*
*મૌન રહેતી ન સંભળાતી બૂમો*
*ડૂમો તો ડૂસકે ડૂસકે વરસે,*
*પણ બૂમો ?*
*એ તો બોલાશના પડઘાને તરસે...*

ઘરમાં એકલા થઇ ગયેલા વૃદ્ધ કોઇ સાથે વાત કરવા તરસતા રહે છે. એકલતા બહુ ભારે છે. કહેવાય છે કે જંગલમાં ઝાડવું પણ એકલું ન હજો. ખરેખર એકલા રહેવું બહુ મુશ્કેલ છે, પણ જો કોઇ એકલું હોય તો પરિસ્થિતિને સ્વીકારીને એકલતાને એકાંતમાં ફેરવી નાખવી જોઇએ, નહીં તો પછી ડિપ્રેશનનો શિકાર થઇ જવાય. કેટલાય વૃદ્ધજનો જેઓ એકલા રહેતા હોય તેઓ કકળાટ કરતા હોય છે, 'એકલા નથી ગમતું, આખો દિવસ શું કરવાનું ? કોઇ વાતચીત કરવા વાળું હોય તો ગમે. અમારે તો કોઇની રાહ જોવાની નથી કે રાત પડે કોઇ આવશે.

અરે, કોઇ બેલ મારીને આવવા વાળુ પણ નથી ઘરે. આખા દિવસમાં એકવાર કામવાળી બેલ મારીને આવે એ આવે. બસ- પછી કોઇ આવે ને જાય. એકલતાથી કંટાળીને ઘણાં સિનિયર સિટીઝન વૃદ્ધાશ્રમમાં રહેવા ચાલી જાય છે, જેથી ત્યાં સમવયસ્કોનો સંગાથ મળે, વાતચીત થઇ શકે, રમતગમત કે પૂજાપાઠ જેવી




પ્રવૃત્તિઓ થઇ શકે. એકલા જીવવું અઘરું છે....

આજે એક એવી વ્યક્તિની વાત કરવી છે, જેમણે એકલતાને એકાંતમાં પરિવર્તિત કરી દીધી છે. ૭૬ વર્ષની વયે તે એકલા બહુ આનંદથી જીવે છે. મનપસંદ પ્રવૃત્તિ કરે છે અને ગમતાનો ગુલાલ કરે છે. એકલા આનંદથી જીવે છે એનો અર્થ એ નથી કે સ્વર્ગસ્થ થયેલા પોતાના જીવનસાથીને તે વિસરી ગયા છે. ના, રે ના... તેમના જીવનસાથી તેમના દિલમાં વસે છે. તેમની સાથે વાત કરીએ તો દરેક દસ-વીસ વાકય પછી તે પોતાના જીવનસાથીનો ઉલ્લેખ કરશે જ કરશે. આ વ્યક્તિ છે ડો. સરોજ. તે પણ છેલ્લાં થોડાં વર્ષોથી એમણે પ્રેક્ટિસ છોડી દીધી છે. ડોક્ટર તરીકેની પ્રેક્ટિસ છોડ્યા પછી તે સેવાના માર્ગે વળી ગયાં . અમેરિકા જઇને પોલિએટીવ કેરનો અભ્યાસ કર્યો , જેના અંતગર્ત જેમની બીમારી અસાધ્ય હોય અને બચવાની આશા લગભગ નહીંવત હોય તેમનું કાઉન્સેલિંગ કરવાનું. તેમનું દર્દ ઓછું થાય તેવી વાતો કરવાની તેમની સંભાળ રાખવાની.

આ ક્ષેત્રે ડો. સરોજે ઘણું કામ કર્યું. અમેરિકામાં હોસ્પિટલમાં કામ કર્યું. આ હોસ્પિટલમાં ઘર જેવા માહોલમાં દરદીની સારવાર થાય છે. કેન્સર જેવી બીમારીમાં છેલ્લાં સ્ટેજ પર પહોંચી ગયેલા દરદીઓની બાકી રહેલી જિંદગીને ઓછી પીડાદાયક બનાવવાનું કામ અહીં થાય છે. અહીં 'ક્યોર' ને નહીં- 'કમ્ફર્ટ' ને મહત્ત્વ આપવામાં આવે છે. અહીં દર્દીને ભાવનાત્મક પ્રયત્ન કરવામાં આવે છે. જીવનના અંતકાળે દર્દીને અને એના પરિવારને ઇમોશનલ સપોર્ટ આપવામાં આવે છે.

ડો. સરોજે આ કામ નિષ્ઠાપૂર્વક કર્યું પછી ભારત આવીને ટાટા હોસ્પિટલમાં પણ તેમણે palliative care ( અંગ્રેજી શબ્દો છે ) વિભાગમાં કામ કરીને દર્દીઓના જીવનમાં આશાની-પ્રેમની-સંતોષની જયોત જગાવવાનું કાર્ય કર્યું. હવે થોડાં વર્ષોથી બધાંમાંથી નિવૃત્ત થયા પછી પતિ સાથે કવોલિટી ટાઇમ વિતાવવા હતાં એ દરમિયાન પતિનું અચાનક હાર્ટએટેકથી અવસાન થયું. કોઇ દિવસ એકલા રહ્યાં ન હતાં. પિયર-સાસરી બંને વસ્તારી પણ પતિના અવસાન સાથે સાવ એકલાં પડી ગયાં. બહુ દુઃખમાં ડૂબી ગયાં, પણ બુદ્ધિશાળી હોવાથી વિચાર્યું જવાના હતા તે તો ગયા હશે પાછા આવવાના નથી. મનને વાળ્યું. જયારે ડોક્ટરની પ્રેક્ટિસ કરતા હતા. કેન્સર પેશન્ટની સેવા કરતા હતા. ત્યારે પત્રકારત્વ અને લેખન પણ કરતા હતાં. લેખન તો ચાલુજ હતું. હવે વધારે ઊંડા ઊતરીને આધ્યાત્મિક લેખન ચાલુ કર્યું. હોસ્પિટલમાં થયેલા અનુભવો વિશે લખ્યું. સવારે બ્રહ્મ મુહૂર્તમાં ઊઠીને ધ્યાન, યોગ અને કસરત કરવાનું ચાલુ કર્યું. ચિંતન અને મનનમાં જાતને પરોવી. મિત્રો સાથે ફોન-કોલ્સ કરીને સ્ફૂર્તિમય થતા ગયા. પોતાની જાતના કલ્યાણાર્થે પ્રવૃત્તિઓ શરૂ કરી.

ડો. સરોજ વાનપ્રસ્થ જીવન જીવે છે. સાદો ખોરાક, સાદાં વસ્ત્રો, પહેરવાનું પસંદ કરે છે. મોટા ભાગે સફેદ વસ્ત્રો. સારું જીવન ઉચ્ચ વિચાર એ એમનો જીવનમંત્ર છે. પોતાની જાત સાથે વાત કરીને જીવવાને કારણે તેઓ ખુશ રહી શકે છે. એકલા હોવાને તેમને કોઇ પ્રોબ્લેમ નથી. એકલતાને એકાંતમાં પરિવર્તિત કરીને તેઓ જીવનની ગહેરાઇને સમજવાનો પ્રયત્ન કરતા રહે છે. જીવનની સચ્ચાઇને સમજવા માટે રિસર્ચ વર્ક કરવામાં તે દિવસનો મોટાભાગનો સમય ગાળે છે.

રિસર્ચ પૂર્ણ થયે તેનું ફરીથી વ્યવસ્થિત આલેખન કરીને પુસ્તક રૂપે પ્રકાશિત કરશે. તેમને આ કામ કરવાની બહુ જ મજા આવે છે. આને કારણે તેમને એકલતા લાગતી નથી અને કોઇની કંપનીને જરૂર પણ પડતી નથી.

બસ, આવાં ડોકટરની કથા તમે સાંભળી. હવેથી આપણે બધાં પણ એકલતાનાં રોદણાં રડવાનું બંધ કરીને મનગમતી પ્રવૃત્તિ કરીશું. બરાબરને? ■

# લાડકી

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# ડૉ. રૂખમાબાઈ ભીખાજી

## બાળ-વિવાહ અટકાવવા લગ્નની સંમતિનો કાયદો બદલવા ફરજ પાડી...

**બાળલગ્નથી લઈને મહિલા તબીબ બનવા સુધીની એક આગવી સંઘર્ષ કથા**

ભારતમાં ઓગણીસમી સદીનો સમયગાળો અનેક રીતે પરિવર્તનકાળ હતો. એક બાજુ ભારતના સ્વતંત્રતા સંગ્રામની સૌથી મહત્ત્વની અગનજ્વાળા ૧૮૫૭માં પ્રગટી, તો બીજી બાજુ સ્ત્રીઓના અધિકારો અને તેની સ્વતંત્રતા માટે એક અલગ અને સમાંતર સંગ્રામ ચાલી રહ્યો હતો. જે રીતે સન ૫૭ના બળવાએ આઝાદીની ચળવળને એક નવી દિશા આપી, તેવી રીતે આ સદીમાં એક એવી લાડકીનો જન્મ થયો, જેનો જીવન સંઘર્ષ બાળવિવાહ પર અંકુશ મુકતા કાયદાને જન્મ આપવામાં નિમિત્ત ઠર્યો. આ લાડકીનું નામ ડૉ. રૂખમાબાઈ ભીખાજી- જેમની બાળ વયે વિવાહિતા બનવાથી ડોક્ટર બનવા સુધીની તેની જીવન કથા પ્રેરણાદાયક છે.

રૂખમાબાઈ ભીખાજીનો જન્મ ૨૨ નવેમ્બર, ૧૮૬૪ ના રોજ જયંતીબાઈ અને જનાર્દનને ત્યાં થયો હતો. રૂખમાબાઈ હજી છ વર્ષની પણ નહોતી થઇ ત્યારે તેના પિતાનું અકાળ અવસાન થયું. તેમના પતિના અવસાન પછી, જયંતીબાઈએ વિધુર સખારામ અર્જુન સાથે લગ્ન કર્યા, જે મુંબઈના એક પ્રખ્યાત ચિકિત્સક અને સામાજિક કાર્યકર હતા. રૂખમાબાઈની માતા સુથાર સમુદાયના હતાં અને સદ્ભાગ્યે તે સમયે સુથાર સમુદાયમાં વિધવાઓના પુનર્લગ્નની મંજૂરી હતી. તેના સાવકા પિતા ગ્રાન્ડ મેડિકલ કોલેજના પ્રોફેસર હતા. તે સમયની પ્રથા મુજબ લગ્ન નાની વયમાં જ થઇ જતા. આ પ્રવર્તમાન પરંપરા પ્રમાણે, રૂખમાબાઈના લગ્ન ૧૧ વર્ષની ઉંમરે ૧૯ વર્ષના દાદાજી ભીખાજી સાથે થયા. પ્રથા મુજબ બાળલગ્નમાં બંધાયેલી દીકરી કુમારિકા અવસ્થા પસાર કરે પછી તેને સાસરે વળાવવા આવતી. તે પરંપરા મુજબ તે પણ માતા-પિતા સાથે જ રહી. રૂખમાબાઈના સાવકા પિતા રૂઢિવાદી નહોતા, અને ઉચ્ચ શિક્ષિત હોવાથી દીકરીઓને શિક્ષિત કરવા બાબતે ઉદારમતવાદી હતા. તેથી તેમણે રૂખમબાઈને શિક્ષણ આપવાનું નક્કી કર્યું.

ઉપરાંત, સમકાલીન સામાજિક ધોરણોથી અલગ, રૂખમાબાઈના પતિ દાદાજી રૂખમાબાઈના પરિવાર સાથે ઘરજમાઈ બનીને રહેશે અને બદલામાં તેનું ભરણપોષણ અને શિક્ષણ કરાવીને તે 'યોગ્ય વ્યક્તિ' બનાવવામાં આવશે તેવી સંમતિ બે પરિવારો વચ્ચે થઇ હતી.


લગ્નના છ મહિના પછી, રૂખમાબાઈ રજસ્વલા થતા, તેનો પરંપરાગત ગર્ભધાન કાર્યક્રમ યોજાયો જે લગ્નની ધાર્મિક વિધિ પૂર્ણ થવાનો સમય હતો, પરંતુ સુધારાવાદી વલણ ધરાવતા પ્રખ્યાત ચિકિત્સક ડૉ. સખારામ અર્જુને તેના માટે મંજૂરી ન આપી, કારણ કે રૂખમાબાઈ હજી બાળકી હતી.

રૂખમાબાઈનો પતિ દાદાજી ૨૦ વર્ષનો થયો હતો. તેણે ઈચ્છા જાહેર કરી કે, રૂખમાબાઈ તેની સાથે તેના ઘરે રહેવા જાય. દાદાજીને પેલી 'યોગ્ય વ્યક્તિ' બનવાની વાત સામે પણ વાંધો હતો. ૨૦ વર્ષની ઉંમરમાં તે કોલેજમાં હોવો જોઈતો હતો, ત્યારે એ માંડ છઠ્ઠા ધોરણમાં પહોંચ્યો હતો. તેની સંગતના કારણે તે આળસુ અને આડે રસ્તે ચઢ્યો હતો. બીજી તરફ તેના વ્યવહારના કારણે પત્ની અને તેના પરિવારે રૂખમાબાઈને સાસરે વળાવવાની ના પાડી. તે જ વર્ષોમાં રૂખમાબાઈએ ફ્રી ચર્ચ મિશન લાઇબ્રેરીમાંથી પુસ્તકોનો ઉપયોગ કરીને ઘરે અભ્યાસ કર્યો. તેમના પિતાના ધાર્મિક અને સામાજિક સુધારકો સાથેના જોડાણને કારણે, તેઓ વિષ્ણુ શાસ્ત્રી પંડિત જેવા અગ્રણી વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા, જે તે સમયે પશ્ચિમ ભારતમાં મહિલા હિતોના પ્રબળ સમર્થક હતા, તેમજ યુરોપિયન પુરુષો અને સ્ત્રીઓએ તેમને ઉદાર સુધારાવાદનો પરિચય કરાવ્યો. તેમની માતા સાથે, તેઓ નિયમિતપણે પ્રાર્થના સમાજ અને આર્ય મહિલા સમાજની સાપ્તાહિક સભાઓમાં પણ હાજરી આપતા હતા.

દાદાજીએ નારાજ થઈને માર્ચ ૧૮૮૪ની શરૂઆતમાં કોર્ટમાં અરજી દાખલ કરી. આ રીતે, ભારતનો સૌથી પ્રભાવશાળી અને પ્રસિદ્ધ કેસ 'ભીખાજી વિ. રૂખમાબાઈ, ૧૮૮૫' શરૂ થયો. રૂખમાબાઈએ કોર્ટમાં ન્યાયાધીશની સામે પણ પતિ સાથે રહેવાનો ઇનકાર કર્યો. રૂખમાબાઈએ કોર્ટને કહ્યું કે એ દાદાજી સાથે રહેવા કરતાં જેલમાં જવાનું પસંદ કરશે. ન્યાયાધીશે પણ અંગ્રેજ કાયદાઓનો હવાલો આપી રૂખમાબાઈની તરફેણમાં ચુકાદો આપ્યો. આ સામે પણ અપીલ થઇ. અંગ્રેજ કાયદા હિન્દુ પરંપરાનું સન્માન કરતા નથી અને તેણે સમજતા નથી તેવી દલીલ ચાલી. વર્તમાનપત્રોમાં અને સમાજમાં પણ જોરદાર ચર્ચા ચાલી.

કોર્ટની ટ્રાયલ પહેલાં અને દરમિયાન 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'માં 'અ હિન્દુ લેડી' ઉપનામ હેઠળ લખાયેલા લેખોની શ્રેણીએ પણ જાહેર ચર્ચાને વેગ આપ્યો. પાછળથી એવું બહાર આવ્યું કે આ લેખના લેખક બીજું કોઈ નહીં પણ રૂખમાબાઈ સ્વયં હતી!

બહેરામજી મલબારી અને પંડિતા રમાબાઈ તેના બચાવમાં આવ્યાં અને રૂખમાબાઈ સંરક્ષણ સમિતિની રચના કરી. ચાર વર્ષના સંઘર્ષ પછી, જુલાઈ ૧૮૮૮ માં, ભીખાજી સાથે સમાધાન થયું અને તેણે બે હજાર રૂપિયાની ચુકવણી સાટે રૂખમાબાઈ પરનો પોતાનો દાવો છોડી દીધો.



આ સંઘર્ષનું જમા પાસું એ કે, આ કેસ દ્વારા પેદા થયેલી પ્રસિદ્ધિ અને ચર્ચાએ ૧૮૯૧માં 'સંમતિ વય અધિનિયમ' લાગુ કરવામાં મદદ કરી, જેણે તે સમયે સમગ્ર બ્રિટિશ ભારતમાં સંમતિની ઉંમર ૧૦ થી બદલીને ૧૨ વર્ષ કરી.

કોર્ટ કેસ પૂરા થયા પછી રૂખમાબાઈ આખરે શિક્ષણ મેળવવા માટે મુક્ત થયા. બોમ્બેમાં કામા હોસ્પિટલના બ્રિટિશ ડિરેક્ટર એડિથ પેચે ફિપ્સનના સમર્થન હેઠળ, રૂખમાબાઈ ૧૮૮૯માં લંડન સ્કૂલ ઓફ મેડિસિન ફોર વુમનમાં અભ્યાસ કરવા માટે ઇંગ્લેન્ડ ગયાં.

શિવાજીરાવ હોલકરે 'પરંપરાઓ સામે દખલ કરવાની હિંમત દર્શાવવા' માટે ૫૦૦ રૂપિયાનું પ્રશસ્તિ અનુદાન આપ્યું. તેમના શિક્ષણ દરમિયાન, તેમણે ગ્લાસગો, બ્રસેલ્સ અને એડિનબર્ગની યાત્રા કરીને લાયકાત મેળવી અને ૧૮૯૪માં સ્નાતક થયા. ત્યારબાદ જ્યારે એ હોસ્પિટલમાં કામ કરવા માટે ભારત પાછા આવ્યા ત્યારે તે ભારતના પ્રથમ પ્રેક્ટિસ કરતી મહિલાઓમાંથી એક ડોક્ટર બન્યા. ૧૮૮૬માં ડોક્ટર કાદમ્બિની ગાંગુલી અને આનંદી ગોપાલ જોશી એ પ્રથમ ભારતીય મહિલા હતી જેમણે તબીબી ડિગ્રી મેળવી હતી, પરંતુ માત્ર ગાંગુલી જ તબીબી પ્રેક્ટિસ કરવા લાગ્યા, જેના કારણે રૂખમાબાઈ બીજી મહિલા બની જેમણે તબીબી ડિગ્રી મેળવી અને તબીબી પ્રેક્ટિસ કરી. તેમણે સુરતની મહિલા હોસ્પિટલમાં મુખ્ય તબીબી અધિકારી તરીકે કામ કર્યું. ત્યાર બાદ, રાજકોટની જનાના (મહિલા) રાજ્ય હોસ્પિટલમાં કામ કર્યું અને ૧૯૨૯માં નિવૃત્તિ સુધી ત્યાં સેવા આપી. તેમણે રાજકોટમાં રેડ ક્રોસ સોસાયટીની સ્થાપના કરી.

નિવૃત્તિ પછી રૂખમાબાઈએ બોમ્બેમાં સ્થાયી થવાનું પસંદ કર્યું. તેમણે બાળ લગ્ન અને મહિલા અધિકારો પર પણ લેખન કર્યું અને લોકોને જાગૃત કરવાના પ્રયત્નો કર્યા.

તેમના શબ્દોમાં તેમની વ્યથા અને હિંમતની વાત કહીએ તોઃ 'બાળ લગ્નની આ દુષ્ટ પ્રથાએ મારા જીવનની ખુશીનો નાશ કર્યો છે. તે મારી અને તે વસ્તુઓ વચ્ચે આવે છે જેને હું બીજા બધા કરતાં વધારે મહત્ત્વ આપું છું - અભ્યાસ અને માનસિક શિક્ષણ. મારી ભૂલ વિના હું એકલતા માટે તૈયાર છું; મારી અજ્ઞાની બહેનોથી ઉપર ઉઠવાની મારી દરેક ઇચ્છાને શંકાની નજરે જોવામાં આવે છે અને તેનું સૌથી અવિચારી રીતે અર્થઘટન કરવામાં આવે છે...'

ડૉ. રૂખમાબાઈની જીવનકથા દ્રઢ નિશ્ચય, આત્મસન્માન અને હિંમતની કથા છે, જેણે સ્ત્રીની સંમતિ અને પ્રગતિના અધિકારના ઇતિહાસને ગતિ આપી. તેમણે પોતાના અધિકારો માટે ઊભા રહીને એક વારસો આપ્યો. તેમની કથા કદાચ ઘણા લોકોના જીવન સુધી પહોંચી ન હોય, પરંતુ તે હજુ પણ લોકો માટે પ્રેરણાદાયક છે... ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# દાસ્તાન-એ-CCTV




હવે તો ઍપાર્ટમેન્ટ હોય કે બંગલો કે પછી સોસાયટી, દરેકે દરેક જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા ફરજિયાત મૂકવા જ પડે છે. નાના- મોટા રોડ, રસ્તા, બગીચા, હોટલ, શાળા, મહાશાળા, મંદિર, આશ્રમ કે પછી પોલીસ સ્ટેશન અને હોસ્પિટલથી લઈ કબ્રસ્તાન સુધી સી.સી.ટી.વી. કેમેરા મૂકવા ફાયદાકારક છે.

હમણાં અમારી સોસાયટીમાં એક બંગલામાં માજી એકલાં રહે. એમના ઘરમાં આખો દિવસ એક ફૂલઝડી જેવી કામવાળી કામ કરે અને જાણે હીરોઈન હોય એમ ઘરમાં ઉપરછલ્લું કામ કરી બારીએ ઊભી ઊભી આવતાં જતાં પંખીઓને ચણ નાખતી રહે. ખોટા રવાડે ચડેલી એ કામવાળીએ માજીના ઘરમાંથી પ્યોર ડાયમંડના ઘરેણાં ચોર્યાં અને રફુચક્કર થઈ ગઈ. એ તો સારું કે સી.સી.ટી.વી. કેમેરામાં એ છોકરી ઘરની બહાર નીકળીને એના બોયફ્રેન્ડને પોટલી આપતી દેખાઈ ગઈ. એ કેમેરામાં એ પહેલાંના આગલા દિવસોના સી.સી.ટી.વી ફૂટેજ જોયા તો એમાં એક બહાર રખડતું પંખી રોજ એ કામવાળી સાથે જે રીતે અટકચાળા કરતું હતું એ જોઈને કઈ રીતે પ્લાન ઘડાયો એના પુરાવા મળી ગયા. એ પછી પેલા કંજૂસ માજીએ તરત જ સી.સી.ટી.વી. કેમેરા મુકાવી દીધા અને કોઈ યંગ છોકરી નહીં, પણ એક આધેડ બહેનને કામ કરવા અને સાથે રહેવા માટે રાખી લીધાં.

આજથી વીસેક વર્ષ પહેલાં આવા કેમેરા પ્રચલિત નહોતા , પણ હવે તો નાના- મોટા સ્કેમ, ધોળે દહાડે લૂંટફાટ અને રાત્રે પણ ચોરીઓનું પ્રમાણ વધી ગયું છે. નવા ફ્લેટમાં જતાં પહેલાં નેહાબહેનને એમના ફ્લેટમાં કેમેરા ફીટ કરવા માટે મયંકભાઈએ સમજાવ્યાં હતાં. પણ નેહાબહેને 'ખર્ચ કેટલો થશે એ ખબર છે? મારો ભાઈ કહેતો હતો કે મેં દસ વર્ષથી મુકાવ્યા છે, પણ કશા કામના નથી. બહેન, તું ખોટો ખર્ચો કરીશ નહીં..., '

જોકે બીજે દિવસે જ સવારે પેપરની હેડલાઇન વાંચી નેહાબહેન ગભરાયાં. એટલામાંકામવાળી કે જેને મયંકભાઈ બી.બી.સી. ન્યૂઝ કહેતા એ મધુબહેને આવી ન્યૂઝ આપ્યા કે 'બાજુ ની સોસાયટીમાં ધોળે દિવસે ચોરી થઈ ને દસ લાખનાં ઘરેણાં અને પાંચ લાખ રોકડાનજર સામે લઈને ભાગી ગયા. ભરી બંદૂકના નાળચે લૂંટ કરી! બોલો... બંગલામાં સાત જણા હતા, પરંતુ એકેયથી ચૂં કે ચાં ના થયું... '

નેહાબહેને ઝડપથી માઇક્રોમાં ચા ગરમ કરીને મધુબહેનને હાથમાં આપી અને પૂછ્યું,

'તે પછી શું થયું? '

નેહાબહેનને હવે પોતાનું પ્રેશર લો થતું હોય એમ લાગ્યું. બીજું કે મયંકભાઈની સી.સી.ટી.વી. મૂકવાની ઑફર નેહાબહેને ઠુકરાવી દીધી હતી. એટલે હવે બધી જ તવાઈ નેહાબહેન પર જ આવશે. ફરી પૂછપરછ ચાલુ કરી દીધી.

'તેં મધુ, તું હો બંગલામાં કામ કરવા જાય છે એ જ બંગલામાં ચોરી થઈ કે પછી બીજા બંગલામાં?'

'હું હજી કામ કરીને બીજા બંગલામાં પહોંચી એટલામાં જ આ બાજુ ચોરી થઈ ગઈ. તરત જ પોલીસની બે- ચાર ગાડી ને કૂતરાં હાજર થઈ ગયાં. આજુબાજુના બધા બંગલામાં પોલીસે પૂછપરછ કરી ને મને તો વગર લેવે દેવે પોલીસચોકીમાં લઈ ગયાં. બોલો, તમને હું ચોર જેવી લાગું છું? હું તો ચોરી થઈ ત્યારે હાજર પણ નહોતી. જેણે કરી હશે એમની કરહે અને મને વારે વારે એકનું એક પૂછહે... તમે કંઈ જોઈલું? કેટલા હતા? કેવા દેખાતા હતા? મ જોયા જ નહોતા, પછી કેટલા ને કેવાનો સવાલ જ કયાં આવે છે ?'

'પોલીસ બીજું શું કહેતા હતા? '

'એમણે બંગલામાં સી.સી.ટી.વી. કેમેરા ચેક કર્યા. પણ હેઠિયો કંજૂસ! તે કામવાળાને બીવડાવવા હારુ હનિવારીમાંથી બગડેલા જૂના કેમેરા ખાલી શો માટે મૂકેલા હતા. પોલીસે ઘરનાંને રિમાન્ડ પર લીધાં, એટલે હેઠાણીએ હેઠની કંજૂસાઈની વાત કરી દીધી. હવે મને,માળીને, રસોઈવાળાને, ડ્રાઇવરને અને ધોબીને, બધાને ખબર પડી ગઈ કે કેમેરા નકલી હતા.

એટલે હવે ચિંતા નથી!'

'એટલે ચિંતા નથી... એટલે તું બંગલામાં... તેં તો કંઈ ખોટું કર્યું નથી ને?'

'ના, ના, હેઠાણી બા, તમારા હમ ખાઈને કેવ છું કે મેં તો કંઈ ખોટું કામ કર્યું નથી. તમારા તો હું, ભગવાનના હમ પન ખાવા તૈયાર છું.'

પાછળ ઊભેલા મયંકભાઈને હવે મેદાનમાં આવવાનો મોકો મળી ગયો અને એ પણ તલવાર લઈને મેદાનમાં કૂદી પડ્યા.

'જોયું... જોયું.? મોટી પોતાના ભાઈના ઉદાહરણ આપતી હતી! હવે જોયું ને...? ભારેમાંના સી.સી.ટી.વી. કેમેરા મૂક્યા હોત તો બંગલામાં ચોરી કરનાર ટોળકીની ઓળખ પોલીસને મળી જતે અને એમની શોધમાં પણ ગતિ આવતે. શો ખાતર ના કેમેરા તે કોઈ મૂકતું હશે? '

'હા મયંકભાઈ, અમને બીવડાવવા હારુ જૂના બગડેલા કેમેરા મૂકેલા. પોલીસે તો બંગલાના એક એકને બોલાવીને ખૂબ ખખડાવ્યાં. આજે તાત્કાલિક હાચા કેમેરા લગાવવાની સૂચના આપી છે. એ તો હારું થીયું એવા જૂઠા નકલી કેમેરાને કારણે કેટલાક બચી હો ગીયા...હાશ , ભગવાન! જોકે હવે તો હાચા કેમેરા છે. એટલે આપણે તો હીધાં કામ પતાવીને ચાલતી જ પકડવાની ટેવ પાડવી પડહે.'

એટલામાં ડોરબેલ રણક્યો અને બારણું ખૂલતાં જ સામે ચાર - પાંચ પોલીસ જોઈને મધુ આઘીપાછી થઈ ગઈ. આવીને સીધું પૂછ્યું, ;

'આપના ફ્લેટમાં કેમેરા છે? બહારની રોડ સાઇડ લોબીમાં કેમેરા છે?'

'ના સાહેબ, એક પણ કેમેરા નથી. '

'કેમ નથી મુકાવ્યા? ચોરી થાય એની રાહ જુઓ છો? જાતની સેફ્ટી માટે આટલું પણ નથી થતું? ચાર - પાંચ લાખનું ઇન્ટિરિયર કરાવવું છે ને કેમેરા ફીટ કરાવવાના પૈસા ગણો છો કે શું? ';

'ના... ના... સાહેબ, સાવ એવું તો નથી જ '

'તો પછી કેવું છે?

પોલીસોની એકસરખી આટલી બધી પૂછપરછથી ગભરાઈ ગયેલા મયંકભાઈની જીભ થોથવાવા લાગી.

'સા...હે...બ, હું તો કેમેરા લગાવવા ઉત્સુક હતો જ. પણ... '

'પણ શું? ચોર આવે, થોડો પ્રસાદ આપી જાય, તમને થોડા હલકા કરી જાય, પછી પોલીસ આવે, તમને ધમકાવે. એ પછી કેમેરા મૂકીને પોલીસ ઉપર ઉપકાર કરવાના છો? '

'ના... ના, સાવ એવું તો નથી. પણ...'

'તો શું? તમારી પત્નીએ ના કહી હતી કે કેમેરા નહીં પણ ઝુમ્મર મુકાવો... ચોરની તો શી તાકાત છે કે આપણા ફ્લેટમાં આવે...? '

'ના... ના... સાહેબ, સાવ એવું પણ નહીં. પણ... '

અને એ સાથે નેહાબહેને હિંમત એકઠી કરી પોતાની ભૂલ કબૂલી કે પોતે જ પોતાના પતિને કેમેરા મૂકવાની ના કહી હતી. પણ હવે કાલ સુધીમાં કેમેરા મુકાવી જ દઈશું.

પાછલી લોબીમાં મોઢું સંતાડીને ઊભેલી મધુને થયું, આ તો બંને ઘરમાં કેમેરા લાગી જવાના... હવે નાની - મોટી હાથસફાઈ પણ કરવી મુશ્કેલ થવાની. પોલીસના ગયા પછી મયંકભાઈ અને નેહા વચ્ચે ચોર - સિપાહીની રમત નહીં, પરંતુ યુદ્ધ શરૂ થઈ ગયું. અને મધુએ એક ઝાડુ આમ ને એક ઝાડુ તેમ મારીને કેમેરા લાગે તે પહેલાં નાની મોટી સફાઈ કરીને ચાલવા માંડ્યું. વહેલું આવે ઘર! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# સાચું નેતૃત્વ કોને કહેવાય ?

## એની પણ એક આગવી ગરિમા હોય છે

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની આર્યા મહેતાને બધાં ઓળખતાં. એનું નામ સવારની પ્રાર્થનાસભાઓમાં ગૂંજતું રહેતું. વાર્ષિકોત્સવમાં ઈનામોની વણઝાર લાગતી. નોટિસ બોર્ડ તો જાણે એનો કાયમી અડ્ડો. બેડમિન્ટનમાં નેશનલ વિજેતા, બોર્ડની પરીક્ષામાં ટોપર અને સ્કૂલની હેડગર્લ... એ એક એવી સ્ટુડન્ટ, જેનો અવાજ ડિબેટ કોમ્પિટિશનમાં આખા ઓડિટોરિયમને શાંત કરી દેવા સક્ષમ હતો. આર્યા એવા વિદ્યાર્થીઓમાંની એક હતી, જેનો શિક્ષકો ગર્વથી ઉદાહરણો આપતા. પેરેન્ટ્સ પોતાના બાળકોને એના જેવું બનવા માટે દબાણ કરતાં. જેના ઘરના કબાટ ટ્રોફીથી છલકાતા રહેતાં અને ફાઇલ્સ પ્રમાણપત્રોથી.



આવી અદ્દલ કોઈ ડ્રીમ સ્ટુડન્ટની કાર્બન કોપી જેવી આર્યા આમ કોઈ પર્ફેક્શનનું લેબલ લઈ નહોતી ફરતી. એ પોતાના ઈમ્પર્ફેક્શન થકી વધુ જાણીતી બનેલી. એનું કામ અસ્ત-વ્યસ્ત હોવા છતાં ફાઈનલ રિઝલ્ટ ધમાકેદાર જ આવતું. ટૂંકમાં દશેરાના દિવસે આર્યાનો અશ્વ પૂરપાટ દોડતો.

જોકે આ બધા વચ્ચે આર્યાની ખરી ઓળખ હતી એનો સંયમ. ગુસ્સાને કાબૂમાં રાખવાની કળા એને હસ્તગત હતી એટલે એ ટીનએજમાં ઉછાંછળા થયેલા અન્ય હમઉમ્ર છોકરા-છોકરીઓની સરખામણીએ ઠરેલ અને ઠાવકી જણાતી.

જોકે એના ઠાવકાપણાંની અગ્નિપરીક્ષા ત્યારે થતી જ્યારે ક્લાસમાં 'કજિયાખોર જીયા' તરીકે ઓળખાતી સહાધ્યાયી સામે સંયમ રાખવાનો વારો આવતો. જીયાની જબાન તીખી હતી. લાપરવાહી રગેરગમાં વહેતી. ઊંચા અવાજે બોલતી, બધાંને ધાકધમકી આપતી ફરે એવી એ છોકરી મજાકના નામે દરેક વાક્યે અપશબ્દો બોલવામાં માહેર. આજકાલ ટીનએજ વર્ષો દરમિયાન છોકરાઓ માફક છોકરીઓમાં પણ અપશબ્દો બોલવાનું પ્રમાણ વધતું જાય છે. આર્યાને પણ એ બોલતાં આવડતું, પરંતુ એ શાંતિથી સંયમપૂર્વક માત્ર એટલા માટે સાંભળી લેતી, કારણ કે એ સ્કૂલની હેડગર્લ હતી. શિસ્તમાં રહેવું એ એની ફરજ હતી. મહિનાઓ સુધી આર્યા એને નજરઅંદાઝ કરી આવેલી. સહુ એના ધૈર્યની પ્રશંસા કરતાં કે,' યાર, તારી જગ્યાએ અમે હોઈએ તો આવું બિલ્કુલ ના ચલાવી લઈએ. મૌન એ તારી તાકાત છે દોસ્ત, પરંતુ જ્યારે મૌનને બહુ લાંબા સમય સુધી ખેંચવામાં આવે ત્યારે એ દર્દ ઉપાડે છે...'

આખરે એક સમય આવ્યો જ્યારે પાણી સર પરથી વહી ગયું. એ દિવસે રિસેસ દરમિયાન જીયાએ હદ વળોટી. જુનિયર્સની સામે હલકી કક્ષાના શબ્દો થકી એણે જાણીજોઈને આર્યાનું અપમાન કર્યું. અંતે આર્યાના સંયમનો બાંધ તૂટી ગયો. સામેથી આવેલા અપશબ્દોની વણઝાર સામે એ એક જ અપશબ્દ બોલી અને એના નસીબ બળ્યાં તે એ જ સમયે કો-ઓર્ડિનેટર મેડમ ત્યાંથી પસાર થયાં. આર્યાએ કચકચાવીને જીયાને એની જ ભાષામાં જવાબ આપ્યો હતો. એ સાંભળી ત્યાં હાજર રહેલા બધાં સ્તબ્ધ થઈ ગયા. એ તો ઠીક, પણ તકલીફ એ થઈ કે ટીચરે માત્ર આર્યાનો જવાબ જ સાંભળેલો. એ પહેલાં મહિનાઓથી કરાતી એની ઉશ્કેરણી અંગે ના કોઈને ખ્યાલ હતો. ના એને ખુલાસો આપવાની તક આપવામાં આવી.

સજા સ્વરૂપે એની પાસેથી હેડગર્લનો બેજ ખૂંચવી લેવાયો. રિપોર્ટમાં લખાય ગયું કે એક હેડગર્લ તરીકે આ પ્રકારનું વર્તન અયોગ્ય ગણાય. જો હેડગર્લ થઈ આ રીતે વર્તન કરશે તો અન્ય વિદ્યાર્થીઓ એની પાસેથી શું શીખશે? શાળાનું પ્રતિનિધિત્વ કરનાર પાસે આ પ્રકારની ગેરવર્તૂણૂકની અપેક્ષા ના હોય.

જે બેજ એના કોટ પર ગર્વથી લાગેલું રહેતું, એ આજે પ્રિન્સિપલના કબાટમાં કેદ હતું. એ રાત્રે આર્યા પોતાના રૂમમાં ટ્રોફીઓને ઘૂરતી બેઠી હતી. જાણે કે દોષ આપી રહી હોય. પહેલીવાર એ બધું એને વ્યર્થ લાગી રહ્યું હતું. પેરેન્ટ્સે તો મોં સીવી લીધેલું. ના ગુસ્સો, ના ખીજ. બસ, એમના ચહેરાઓ પર નિરાશા વર્તાતી. એમનું મૌન આર્યાને મન સજા કરતાં પણ વધુ પીડાદાયક હતું. એ દિવસે એને જીવનનું એક કડવું સત્ય સમજાય ગયું. ' માત્ર એક પળ વર્ષોની મહેનત પર પાણી ફેરવી શકે છે.'

દિવસો વીતતાં ગયાં. આર્યાએ ક્લાસમાં જવાબ દેવાનું બંધ કરી દીધું. એ વાદ-વિવાદથી દૂર રહેવા લાગી. જે છોકરી ક્યારેક નીડરતાનો પર્યાય હતી, એ હવે એક-એક શબ્દ તોળી-તોળીને બોલતી. એમ કરતાં મહિનાઓ વિત્યાં. એન્યુઅલ ઈન્ટર સ્કૂલ ડિબેટનું ટાણું આવ્યું. આર્યા વગર ટીમ પહેલાંજ રાઉન્ડમાંથી બહાર ફેંકાય શકે એવી હાલત હતી. નવી હેડગર્લના તો હાંજા ગગડી ગયેલા.

અંતે આર્યાને બોલાવવામાં આવી. એ મંચ પર ઊભી થઈ. એણે દલીલો શરૂ કરી. એના અવાજમાં ના ગુસ્સો હતો. ના કોઈ અભિમાન. હતી તો જાતને સાબિત કરવાની તાલાવેલી. એના શબ્દો ચોતરફ ફરી વળ્યાં. એનું ઝનૂન જોઈ ઓડિટોરિયમમાં શાંતિ છવાઈ ગઈ. એની ધારદાર દલીલોએ સામેની ટીમના છોતરાં ઉડાડી દીધાં. એ દિવસે ઝેવિયર્સની ટીમ જીતી. સ્કુલનું નાક કપાતાં બચી ગયું. આર્યાને એનો બેજ પાછો મળ્યો. આ વખતે ઈનામ તરીકે નહીં, પરંતુ એની મેચ્યોરિટીના માન સ્વરૂપે. સ્ટેજ પર જ આર્યાએ બેજને છાતીસરસો ચાંપ્યો. આજે એનો ભાર ના લાગ્યો, કારણ કે એ શીખી ગયેલી કે, સાચું નેતૃત્વ પછડાટના ડર સાથે ના થઈ શકે. એનું ખરું જોમ તો પડીને ફરી ગરિમાપૂર્વક ઉઠવામાં સમાયેલું છે. ■

કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# હું બાંગ્લાદેશનું યોગ્ય નેતૃત્વ ન કરી શકી એવો આક્ષેપ

**નામઃ** શેખ હસીના વાઝેદ
**સમયઃ** ૨૦૨૫
**સ્થળઃ** અજ્ઞાત સ્થળ, દિલ્હી, ભારત
**ઉંમરઃ** ૭૮ વર્ષ

જે ઉંમરે હું દિલ્હીમાં રહીને મારી સુરક્ષા માટે ઝઝૂમી રહી છું એ જોતાં મને એવું સમજાય છે કે, ભારત મને બહુ લાંબા સમય માટે અહીં નહીં રાખે. મેં પહેલાં લંડન જવાનો પ્રયાસ કર્યો, પરંતુ યુનાઈટેડ કિંગડમ દ્વારા મારા રાજકીય આશ્રય મેળવવાની દરખાસ્તને નકારી કાઢવામાં આવી. યુએઈ, સાઉદી અરેબિયા, બેલારૂસ કે કતારમાં પણ જો મને આશ્રય મળ્યો હોત તો મેં સ્વીકાર્યો હોત. મારો ભત્રીજો ફિનલેન્ડ રહે છે એટલે મેં ત્યાં જવાનો પણ પ્રયત્ન કરી જોયો. મારો દીકરો સાજીદ વાઝેદ યુએસમાં રહે છે, પરંતુ યુએસ સરકારે બાંગ્લાદેશના મારા શાસન દરમિયાન મારી આકરી ટીકા કરી એટલું જ નહીં, ૩ વખત મને યુએન દ્વારા નોટિસ આપવામાં આવી, એથી યુએસ જવાનો પ્રશ્ન ઊભો થતો નથી.


શેખ હસીના

૧૯૯૧માં બીએનપીનો વિજય થયો, પરંતુ હું ૩ જગ્યાએથી ચૂંટણી લડી એમાંથી ૨માં હારી ગઈ. મેં મારી હાર સ્વીકારીને આવામી લીગના પક્ષ પ્રમુખ તરીકે રાજીનામું આપ્યું, પરંતુ મને પક્ષના નેતાઓએ વિનંતી કરીને પ્રમુખ તરીકે ચાલુ રહેવા આગ્રહ કર્યો. ૧૯૯૪માં બાંગ્લાદેશના રાજકારણે એક જબરજસ્ત વળાંક લીધો. મગુરારમાં ચૂંટણી યોજાઈ, પરંતુ બીએનપીના ઉમેદવારો ગોટાળા કરીને જીત્યા. ૧૯૯૪થી સંસદનો બહિષ્કાર કરવાની શરૂઆત થઈ. જેનું નેતૃત્વ મેં લીધું. ખાલિદા ઝિયા અને મારી વચ્ચે અહીંથી પહેલી તિરાડ પડી. અત્યાર સુધીમાં મને સમજાઈ ગયું હતું કે, ખાલિદા ઝિયાએ મારો ઉપયોગ કરીને પોતાની સત્તા સ્થાપી-પરંતુ હવે એ નહીં ચાલે એવું અમે સૌએ મળીને નક્કી કર્યું. એક અઠવાડિયાની હડતાળ પાડવામાં આવી અને ૧૯૯૫ના અંતમાં અનેક સંસદ સભ્યોએ સામૂહિક રીતે રાજીનામું આપ્યું. જૂન, ૧૯૯૬થી હું વડા પ્રધાન તરીકે પહેલા કાર્યભાર સાથે ઓફિસમાં દાખલ થઈ. ભારત સાથે ૩૦ વર્ષની પાણી વહેંચણી સંધિ પર હસ્તાક્ષર કર્યા. ઈન્ડેમ્નિટી એક્ટ રદ થયો. ચિત્તાગોંગ વિસ્તારમાં બળવાનો અંત લાવીને મેં યુનેસ્કોનો શાંતિ પુરસ્કાર જીત્યો. ૧૯૯૮માં બંગબંધુ બ્રીજ મેગા પ્રોજેક્ટ પૂરો કરીને નવી ઔદ્યોગિક નીતિ શરૂ કરી જેના પરિણામે બાંગ્લાદેશના અર્થતંત્રમાં જબરજસ્ત સુધારો થયો. ૫મી પંચવર્ષીય યોજનામાં બેરોજગાર મહિલાઓ પર ધ્યાન આપીને અમે એક નવી જ દિશા ખોલી. એ સિવાય પણ અનેક નવી યોજનાઓ રજૂ કરીને અમે બાંગ્લાદેશને એક નવા વિશ્વમાં પ્રવેશ કરવા તૈયાર કર્યો. આ બધા છતાં ૨૦૦૧ની સામાન્ય ચૂંટણીમાં બીએનપી અન્ય પાર્ટીઓ સાથે અલાયન્સ કરીને ૨૩૪ બેઠકો જીતી. મારા પતિના વતનની સીટ પણ હું હારી ગઈ. રાષ્ટ્રપતિ અને કાર્યકારી સરકારની મદદથી ચૂંટણીમાં ગોટાળા કરીને ફોર પાર્ટી અલાયન્સ (બીએનપી)એ પોતાની સરકાર બનાવી. અમે ફરી એક વાર વિરોધ પક્ષમાં ગોઠવાયા.

એ સમય દરમિયાન રાજકીય અશાંતિ અને હિંસામાં વધારો થયો. ૩ સાંસદને ગોળી મારવામાં આવી. આવામી લીગની જાહેરસભામાં ગ્રેનેડનો હુમલો થયો. જેમાં ૨૪ પાર્ટી વર્કર્સના મોત થયા. બીએનપીના વરિષ્ઠ ઉપાધ્યક્ષ તારીક રહેમાન સહિત અનેકને દોષિત ઠરાવવામાં આવ્યા જોકે, એ કેસને હાઈ કોર્ટમાં લઈ જઈને એમને નિર્દોષ જાહેર કરીને છોડાવવા માટે ખાલિદા ઝિયાએ ખૂબ મહેનત કરી.

૨૨ જાન્યુઆરી ૨૦૦૭ના રોજ યોજાનારી ચૂંટણી પહેલાના મહિનાઓ રાજકીય અશાંતિ અને વિવાદોથી ભરેલા હતા.ઓક્ટોબર ૨૦૦૬ માં ખાલિદા ઝિયાની સરકારના અંત પછી, વિરોધ પ્રદર્શનો અને હડતાળ થઈ, જે દરમિયાન આગામી મહિનામાં ૪૦ લોકો માર્યા ગયા, કારણ કે કાર્યકારી સરકારનું નેતૃત્વ કોણ કરશે તે અંગે અનિશ્ચિતતા હતી. કાર્યકારી સરકારને બધા પક્ષોને ટેબલ પર લાવવામાં મુશ્કેલી પડી. આવામી લીગ અને મારા સાથીઓએ વિરોધ કર્યો અને આરોપ લગાવ્યો કે કાર્યકારી સરકારે બીએનપીની તરફેણ કરી.જાન્યુઆરી, ૨૦૦૭માં બાંગ્લાદેશની સ્થિતિ એટલી ખરાબ થઈ કે રાષ્ટ્રપતિ યાજુદ્દીન અહેમદને કટોકટી જાહેર કરવાની સ્થિતિ ઊભી થઈ. લેફ્ટ. જનરલ મોઈનઉદ્દીન અહેમદે સરકારનો કબજો લઈ લીધો. રાજકીય પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને ફકરુદ્દીન અહેમદ સેનાના સમર્થનથી ફરી એક વાર કંટ્રોલ લઈ શક્યા.

૧૮ એપ્રિલ ૨૦૦૭ ના રોજ, સરકારે મારા પાછા ફરવા પર પ્રતિબંધ મૂક્યો, કારણ કે તેમણે ઉશ્કેરણીજનક નિવેદનો આપ્યાં હતાં અને મારા પાછા ફરવાથી અવ્યવસ્થા થઈ શકે છે. આને એક કામચલાઉ પગલું કહેવાયું. કાર્યકારી સરકાર ખાલિદા ઝિયા દેશ છોડવા માટે પણ પ્રયાસ કરી રહી હતી.મેં સ્વદેશ પાછા ફરવાનું વચન આપ્યું હતું, અને ૨૨ એપ્રિલ ૨૦૦૭ ના રોજ, હત્યાના આરોપમાં મારી ધરપકડ માટે વૉરંટ જારી કરવામાં આવ્યું હતું.આ 'સંપૂર્ણપણે ખોટો અને બનાવટી' કેસ હતો. કોર્ટમાં આરોપો સામે પોતાનો બચાવ કરવાની માગણી કરી. ૨૩ એપ્રિલ ૨૦૦૭ ના રોજ, ધરપકડ વૉરંટ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું,અને ૨૫ એપ્રિલ ૨૦૦૭ ના રોજ, મારા બાંગ્લાદેશ પ્રવેશ પરનો પ્રતિબંધ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.યુનાઇટેડ સ્ટેટ્સ અને યુનાઇટેડ કિંગડમમાં ૫૧ દિવસ વિતાવ્યા પછી, ૭ મે ૨૦૦૭ ના રોજ હું ઢાકા પાછી ફરી, જ્યાં હજારો લોકોના ટોળા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. મેં એરપોર્ટ પર જ પ્રેસ કોન્ફરન્સ સંબોધી, પત્રકારોને કહ્યું કે સરકારે મને પાછી બોલાવવામાં આટલો વિલંબ ન કરવો જોઈતો હતો.

૧૬ જુલાઈ ૨૦૦૭, મારી ધરપકડ મારા ઘરેથી કરવામાં આવી. મને ઢાકાની સ્થાનિક કોર્ટમાં લઈ જવામાં આવી.મારા પર ખંડણીનો આરોપ મૂકવામાં આવ્યો. જામીન નકારવામાં આવ્યા. મને જેલમાં રાખવામાં આવી. આ ધરપકડ રાજકીય રીતે પ્રેરિત હતી.૧૭ જુલાઈ ૨૦૦૭ના રોજ,ભ્રષ્ટાચાર વિરોધી પંચે મને અને ખાલિદા ઝિયા બંનેને નોટિસ મોકલી, અમને એક અઠવાડિયામાં અમારી સંપત્તિની વિગતો પ્રદાન કરવા સૂચના આપી. ૧૧ એપ્રિલના દિવસે મારી વિરુદ્ધ હત્યાના આરોપ દાખલ કરવામાં આવ્યા. ૨ સપ્ટેમ્બર, પાવર પ્લાન્ટના બાંધકામ અને બીજા કોન્ટ્રાક્ટમાં મને ભ્રષ્ટાચારી સાબિત કરવામાં આવી. આ બધી પરિસ્થિતિમાં મારો દીકરો, મારી બહેન રેહાના અને મારા પિતરાઈ ભાઈ શેખ સલીમને પણ સંડોવવામાં આવ્યાં. રાજકીય ઉતાર-ચઢાવની વચ્ચે મારી તબિયત એટલી બગડી કે મને મેડિકલ કારણોસર જેલમાંથી છોડવી પડી. સારવાર માટે મારે યુનાઈટેડ સ્ટેટ્સ જવું પડ્યું જ્યાં લગભગ ૨ મહિના સુધી હોસ્પિટલમાં રહીને મેં મારી તબિયતની કાળજી લીધી. ૬ નવેમ્બર, ૨૦૦૮ના દિવસે હું પાછી આવી. 'ગ્રાન્ડ અલાયન્સ'ના બેનર સાથે હુસૈન મોહમ્મદ ઈર્શાદના નેતૃત્વ સાથે અમે ચૂંટણીની જાહેરાત કરી... આ એજ મોહમ્મદ ઈર્શાદ હતા જેની સામે મેં અને ખાલિદા ઝિયાએ જંગ છેડી હતી.

૬ જાન્યુઆરી, ૨૦૦૯ના દિવસે મેં બીજા કાર્યકાળ માટે વડા પ્રધાન તરીકે શપથ લીધા, પરંતુ બાંગ્લાદેશ રાઈફલ્સના બળવામાં અનેક લોકો મૃત્યુ પામ્યા. લશ્કરી અધિકારીઓ સાથેની મારી મુલાકાતનું રેકોર્ડિંગ બહાર પડ્યું, જેને કારણે ફરી એક વાર ભ્રષ્ટાચારનો આરોપ સળગ્યો. આ રાજકીય આવન-જાવન, આરોપો-પ્રતિઆરોપો અને બાંગ્લાદેશના આર્થિક ઉતાર-ચઢાવની વચ્ચે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં બાંગ્લાદેશનું દેવું સો બિલિયન પહોંચી ગયું. આ ફક્ત ૧૦ જ વર્ષમાં બન્યું. સૌએ એને માટે મને જવાબદાર ઠેરવી અને મારા શાસનકાળ દરમિયાન હું બાંગ્લાદેશનું યોગ્ય રીતે નેતૃત્વ ન કરી શકી એવો આક્ષેપ મારા પર કરવામાં આવ્યો.

ફરી એક વાર જૂન, ૨૦૨૪માં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા. પોલીસ શસ્ત્રદળો, આવામી લીગ, જુબો લીગ અને છાત્ર લીગના સભ્યો હિંસક થઈ ગયા જેને પરિણામે ૨૦૦૦થી વધારે લોકો મૃત્યુ પામ્યા અને ૨૦ હજારથી વધુ ઘાયલ થયા. વિરોધ પ્રદર્શનના આયોજકોએ મારા રાજીનામાની માગ કરી. ૫ ઓગસ્ટ, ૨૦૨૪ એ મેં રાજીનામું આપ્યું. મારે ભારત ભાગી જવું પડ્યું. પહેલાં કાર પછી હેલિકૉપ્ટર અને અંતે વિમાન દ્વારા હું મહામુશ્કેલીએ ભારત પહોંચી...

હવે હું ભારતમાં જ છું. નથી જાણતી કે, હવે શું થવાનું છે. મારી સામે અનેક કેસીસ ખોલવામાં આવ્યા છે. અનેક ભ્રષ્ટાચારના આરોપો, ખંડણીના આરોપો અને બીજા આક્ષેપો સાથે હું આજે અહીં ભારતમાં આશ્રય લઈને મારા દેશ પાછા ફરવાની રાહ જોઈ રહી છું. આજ સુધી મારા પર ૧૯ હત્યાના પ્રયાસ થયા છે. ૨૦૦૪ના જાહેરસભાના ગ્રેનેડ હુમલા દરમિયાન થોડા સમય માટે મેં સાંભળવાની શક્તિ ગુમાવી હતી. મારી પાસે સ્પેશિયલ સિક્યોરિટી ફોર્સની આજીવન સુરક્ષા છે, પરંતુ ઈન્દિરા ગાંધીને જેમ એમના જ સુરક્ષાકર્મીએ મારી નાખ્યા એમ હું પણ આજની તારીખે કોઈના પર ભરોસો કરી શકું એમ નથી...

વતનથી દૂર, રાજકારણમાંથી નિષ્કાશિત, અપમાનિત અને આક્ષેપોનો સામનો કરી રહેલી હું મારા વતન પાછા ફરવાની પ્રતીક્ષા કરી રહી છું.

(સમાપ્ત) ■

---

ફોકસ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

## શુભ મંગલમ્ વૅડિંગ બજેટ વિશેષ ટિપ્સ

**દીકરીનાં લગ્ન સાથે દરેક માતા-પિતાનાં કંઈક અરમાન જોડાયેલાં હોય છે જેના માટે તેઓ ઘણાં વરસોથી પ્લાનિંગ અને બચત કરતાં હોય છે.**

- ★ જ્યારે લાડલી દીકરીનાં લગ્નની વેળા આવે છે ત્યારે પોતાના બજેટમાં સારામાં સારી વ્યવસ્થા કરવાની ઈચ્છાની સાથે મનમાં ક્યાંક એક ડર હોય છે કે કોઈ ભૂલ થઈ ન જાય.
- ★ ઘણી વખત પૂરતી માહિતીના અભાવમાં લોકો બિનજરૂરી ખર્ચા કરી બેસે છે. આ પ્રકારની પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે વૅડિંગ બજેટ નક્કી કરવું બહુ જરૂરી બની જાય છે.
- ★ લગ્નની તૈયારી શરૂ કરતી વખતે આટલું ધ્યાન રાખવું:
- ★ લગ્નની તૈયારી શરૂ કરતાં પહેલા એક વીક માર્કેટ સર્વેમાં લગાવો.
- ★ આ કામ માટે તમે તમારાં સગાં-સંબંધી અથવા કોઈ મિત્રની સલાહ લઈ શકો છો.
- ★ જેમને ત્યાં થોડા સમય પહેલાં જ લગ્નપ્રસંગ યોજાયો હોય તેમની મદદ લઈ શકાય.
- ★ કંકોતરી હોય કે લગ્નસ્થળ.
- ★ બેન્ડ હોય કે પછી આઉટફિટ લગ્નથી જોડાયેલી નાની-નાની વસ્તુઓના બુકિંગ પહેલાં તેના ભાવ જાણી લો કે કઈ જગ્યાએ મળે છે.
- ★ લગ્ન માટેની ખરીદી કરવા માટે રિટેલ માર્કેટને બદલે હોલસેલ માર્કેટમાં ખરીદી કરવા જાવ તેમજ તમારા લગ્નના બજેટનો અડધો ભાગ તમારી દીકરીની જ્વેલરી માટે રાખો.

**કારણ**

- ★ જ્વેલરી શૃંગારની સાથે સાથે તમારી દીકરીને આર્થિક સુરક્ષા પણ આપે.
- ★ તમારા લગ્નનું બજેટ લિમિટેડ હોય તો તમે લગ્નના બજેટમાં
- ★ ડીજે
- ★ ફ્લોરિસ્ટ
- ★ બ્યુટિશિયન
- ★ મેંદી આર્ટિસ્ટ અને
- ★ ટૂરના ખર્ચમાં આરામથી કાપ મૂકી શકો છો તેમ જ
- ★ તમારી જરૂર મુજબ તમારા બજેટમાં નાના-મોટા ફેરફાર કરી બજેટનું બેલેન્સ જાળવી શકો છો.



**...અને વહાલી લાડકી પૂર્તિની વાચક બહેન દીકરીઓ!**

- ★ છેલ્લે સૌથી જરૂરી વાત, જેના કારણે મોટાભાગના લોકોના બજેટમાં વધારો થઈ જતો હોય છે અને પાછળથી અફસોસ કરવાનો જ રહે છે.
- ★ ક્યારેક બીજા લોકોની વાતમાં આવી બિનજરૂરી ખર્ચ ન કરો.
- ★ કાયમ પોતાની આર્થિક પરિસ્થિતિ જોઈને જ ખર્ચો કરવો જોઈએ જેથી કોઈ પાસે હાથ લાંબો કરવાની જરૂર ન પડે.

**વૅડિંગ બજેટ માટે આ વિશેષ ટિપ્સ શુભ મંગલમ્ બને એવી સૌ વાચક બહેનોને શુભેચ્છા.**

---

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# મહિલાઓમાં પ્રિય રેડી બ્લાઉઝ





સાડી સાથે જ્યારે સારા ફિટિંગ વાળું બ્લાઉઝ પહેરીયે ત્યારે જ ઓવરઓલ લુક સારો આવે છે. પ્રસંગ અને સાડીને અનુરૂપ તમે બ્લાઉઝની પસંદગી કરી શકો એટલેકે, કોન્ટ્રાસ્ટ કલરનું બ્લાઉઝ પહેરવું કે પછી સેલ્ફ ટુ સેલ્ફ જ કલર રાખવો છે. આ બધા સાથે બ્લાઉઝનું 'ફિટિંગ' પણ સારું હોવું ખૂબ જ જરૂરી છે. જો બ્લાઉઝ સીવડાવવાનું હોય તો બ્લાઉઝના કારીગર પાસે જ સીવડાવવું. બ્લાઉઝ જ્યારે સ્ટિચિંગમાં આપીયે ત્યારે જ ખ્યાલ આવે છે કે સીવવા આપવું કે નહીં. બધી જ મહિલાઓને બ્લાઉઝ સીવડાવવા એ સૌથી મોટો ત્રાસ લાગે છે. દરેક મહિલાઓમાં એક હાથના માપ કરતા બીજા હાથના માપમાં થોડો તફાવત હોય છે. જેથી કરી ફિટિંગમાં થોડો ઘણો ફેરફાર થાય છે. બીજું જો તમારે આ બધી માથાઝીંકમાં ન પડવું હોય તો તમે રેડીમેડ બ્લાઉઝ પહેરી શકો. રેડીમેડ બ્લાઉઝમાં પણ ઘણા ઓપશન આવે છે. કોટન ફેબ્રિકમાં, સિલ્ક ફેબ્રિકમાં અને સૌથી લોકપ્રિય છે સ્ટ્રેચેબલ હોઝિયરી બ્લાઉઝ છે. તમે પ્રસંગ અને સાડીને અનુરૂપ રેડીમેડ બ્લાઉઝની પસંદગી કરી શકો. અચાનક જ ક્યાંક પ્રસંગમાં જવાનું આવે તો રેડીમેડ બ્લાઉઝના હિસાબે અટકાવાતું નથી, બ્લાઉઝની કિંમત પોકેટ ફ્રેન્ડલી હોવાથી ૧ સાડી સાથે ૨ બ્લાઉઝ પણ વસાવી શકાય છે. ચાલો તો જાણીયે રેડીમેડ બ્લાઉઝ કયા પ્રકારના હોય અને તે કઈ રીતે પહેરી શકાય.

કોટન ફેબ્રિક- કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાં બ્લાઉઝના ઘણા ઓપશન આવે છે. સ્લીવ લેસ, હોલ્ટર, ફૂલ સ્લીવ્ઝ, શોર્ટ સ્લીવ્સ વગેરે વગેરે. કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ સાડી સાથે મિક્સ એન્ડ મેચ કરવા માટે સારા લાગે છે. યન્ગ યુવતીઓ પ્રિન્ટેડ હોલ્ટર સ્કર્ટ કે ડેનિમ સાથે પણ મિક્સ એન્ડ મેચ કરે છે. જ્યારે તમે પ્રિન્ટેડ રેડીમેડ બ્લાઉઝ લેવા જાવ છો ત્યારે તમને ઘણા ઓપશન મળે છે. તમારી બોડી ટાઈપ મુજબ તમે બ્લાઉઝની પસંદગી કરી શકો. જેમકે, જે યુવતી કે મહિલાનું સુડોળ શરીર હોય તેમણે, હોલ્ટર , શોર્ટ લેન્થ કે પછી સ્લીવલેસ બ્લાઉઝ પહેરી શકાય. જે મહિલાનું શરીર થોડું ભરેલું છે તેઓ એલ્બો સ્લીવ્ઝ પહેરી શકે. જેઓ ખૂબ જ પાતળા હોય તેઓ ફૂલ લીવ્ઝ પણ પહેરી શકે. કોટન પ્રિન્ટ ડબ્લૂઝની એ ખાસિયત હોય છે કે, તેની પ્રિન્ટ ખૂબ જ સુંદર હોય છે અને પ્લેન સાડી સાથે આ બ્લાઉઝ પહેરવાથી આખો લુક ચેન્જ થઇ જાય છે. જો તમારું શરીર ભરેલું હોય તો તમે ઝીણી પ્રિન્ટવાળા ફેબ્રિકમાંથી બનેલા બ્લાઉઝની પસંદગી કરી શકો. જો તમારું શરીર સુડોળ હોય તો તમે મોટા બુટ્ટાવાળી પ્રિન્ટ કે પછી બોલ્ડ જાલ પ્રિન્ટવાળું બ્લાઉઝ પણ પહેરી શકો.



સિલ્ક રેડીમેડ બ્લાઉઝ - પ્યોર સિલ્કમાં જે રેડીમેડ બ્લાઉઝ મળે છે તેમાં પ્રાઈઝમાં વેરિએશન હોય છે. બ્લાઉઝની કિંમત તેની પેટર્ન પરથી નક્કી થાય છે જેમકે, જો રો સિલ્કનું પ્લેન બ્લાઉઝ હોય અને તેમાં માત્ર ગોલ્ડન પાઇપિન હોય તો તેની કિંમત ઓછી હોય છે. સિલ્ક બ્લાઉઝમાં વર્ક પણ હોય છે. આવા બ્લાઉઝ ખાસ કરીને પ્રસંગોમાં જ પહેરવાંના હોય છે તેથી તેમાં વર્કવાળા બ્લાઉઝના ઓપશન વધારે હોય છે. આ બધા બ્લાઉઝમાં કલર ઓપશન પણ ઘણા હોય છે જેથી સાડી સાથે મેચિંગ પણ આસાનીથી થઈ જાય છે. તમારા પ્રસંગને અનુરૂપ તમે ઓછા કે વધારે વર્કવાળા બ્લાઉઝની પસંદગી કરી શકો. આ બ્લાઉઝની કિંમત પણ રિઝનેબલ હોય છે. જ્યારે રેડી બ્લાઉઝમાં કલર ઓપશન તમારી સામે હોય ત્યારે પસંદગી કરવી બહુ આસાન બની જાય છે. સિલ્ક ફેબ્રિકમાં સ્ટ્રેચેબલ ઇફેક્ટ નથી હોતી તેથી જ્યારે બ્લાઉઝ લેવા જાવ ત્યારે ખાસ કરીને બ્લાઉઝ માપીને લેવું. રેડી બ્લાઉઝમાં પૅડેડ અને નોન પૅડેડ પણ હોય છે. તમારા બોડીને અનુરૂપ તમે પૅડેડ અને નોન પૅડેડ બ્લાઉઝની પસંદગી કરી શકો.



સ્ટ્રેચેબલ બ્લાઉઝ- સ્ટ્રેચેબલ બ્લાઉઝ ખૂબ જ પ્રચલિત છે. સ્ટ્રેચેબલ બ્લાઉઝ ખાસ કરીને કોટન હોઝિયરી ફેબ્રિકમાંથી બનાવવામાં આવે છે તેથી પહેરવાંમાં ખૂબ જ કમ્ફર્ટેબલ લાગે છે. સ્ટ્રેચબલ બ્લાઉઝમાં બટન નથી હોતા, આવા બ્લાઉઝ ઉપરથી જ પહેરવાના હોય છે. કોટન હોઝિયરી ફેબ્રિકમાંથી બનેલા હોવાથી શરીર પર બરાબર બેસે છે. આ બ્લાઉઝમાં ઓપન નેક , ક્લોઝ નેક, સ્લીવ લેસ, શોર્ટ સ્લીવ્ઝ, અને ફૂલ સ્લીવ્ઝ એવા ઘણા ઓપશન આવે છે. આ બ્લાઉઝ ખાસ કરીને પ્લેન ફેબ્રિકમાં વધારે હોય છે. કોટન પ્રિન્ટેડ સાડી સાથે સ્ટ્રેચેબલ બ્લાઉઝ એક ફેન્સી અને અટ્રેક્ટિવ લુક આપે છે. આ બ્લાઉઝ પહેર્યા પછી એક ટી શર્ટ જેવો લુક આપે છે. કલર ઓપશન પણ સારા એવા હોવાથી તમારી સાડી સાથે કોઈ તો મિક્સ એન્ડ મેચ થઇ જ જાય છે. એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે, જો તમારું શરીર વધારે ભરેલું હશે અને જો તમે સ્ટ્રેચેબલ બ્લાઉઝ પહેરશો તો, વધારાની ચરબી હાઈલાઈટ થશે. તેથી સ્થૂળ શરીર વાળી મહિલા કે યુવતીએ સ્ટ્રેચેબલ રેડીમેડ બ્લાઉઝ પહેરવાનું ટાળવું. ■

# ભારત ૧૦મી વખત અન્ડર-૧૯ વર્લ્ડ કપની ફાઇનલમાં

## રેકૉર્ડ-બ્રેક ટાર્ગેટ ચેઝ કર્યોઃ સેમિમાં કેરળના આરૉનની વિનિંગ સેન્ચુરી અને અમદાવાદના વેદાંતનો વિનિંગ શૉટઃ શુક્રવારે ઇંગ્લૅન્ડ સામે ફાઇનલ



સેન્ચુરિયન આરૉન જ્યોર્જ

હરારેઃ મેન્સ અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપમાં ભારતે જબરદસ્ત પર્ફોર્મ કરીને ૧૦મી વખત ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ભારત પાંચ વખત ટાઇટલ જીત્યું છે અને ચાર વાર રનર-અપ રહ્યું છે. ઝિમ્બાબ્વેના હરારેમાં ભારતે ૩૧૧ રનનો લક્ષ્યાંક માત્ર ૪૧.૧ ઓવરમાં ત્રણ જ વિકેટના ભોગે (૫૩ બૉલ અને સાત વિકેટ બાકી રાખીને) મેળવી લીધો હતો. અન્ડર-૧૯ વર્લ્ડ કપના ઇતિહાસમાં ૩૧૧ રનનો સૌથી મોટો ટાર્ગેટ સફળતાપૂર્વક મેળવીને ભારતે નવો ઇતિહાસ રચ્યો છે. અમદાવાદના વેદાંત ત્રિવેદી (પાંચ અણનમ)એ વિનિંગ રન બનાવ્યો હતો.

ઓપનર આરોન જ્યોર્જ (૧૧૫ રન, ૧૦૪ બૉલ, બે સિક્સર, પંદર ફોર) આ જીતનો સુપરસ્ટાર હતો. તે ૪૦મી ઓવરમાં ભારતને ૩૦૦ રન સુધી પહોંચાડ્યા બાદ આઉટ થયો હતો. ભારતે આ સેમિ ફાઇનલ જીતી લીધી અને હવે શુક્રવારે, છઠ્ઠી ફેબ્રુઆરીએ (બપોરે ૧.૦૦ વાગ્યાથી) હરારેમાં જ ભારતનો ઇંગ્લૅન્ડ સામે ફાઇનલમાં મુકાબલો થશે.

વૈભવ સૂર્યવંશી (૬૮ રન, ૩૩ બૉલ, ચાર સિક્સર, નવ ફોર)ની વિકેટ ગુમાવ્યા પછી આરૉન જ્યોર્જ અને કૅપ્ટન આયુષ મ્હાત્રે (૬૨ રન, ૫૯ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૧૧૪ રનની મોટી ભાગીદારી થઈ હતી. સૂર્યવંશીની જેમ મ્હાત્રેએ પણ વિકેટ ગુમાવતાં પહેલાં ભારતને વિજય માટે મજબૂત પાયો નાખી આપ્યો હતો. તેની વિકેટ બાદ ઓપનર જ્યોર્જ સાથે વિહાન મલ્હોત્રા (૩૮ અણનમ, ૪૭ બૉલ, ત્રણ ફોર) જોડાયો હતો અને છેલ્લે વિહાને વેદાંત સાથે મળીને ૧૧ રનની મહત્ત્વપૂર્ણ અતૂટ ભાગીદારીથી ભારતની નૌકા પાર કરાવી હતી. અફઘાનિસ્તાનના નૂરીસ્તાની ઓમરઝાઇએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

એ પહેલાં, અફઘાનિસ્તાને બૅટિંગ લીધા બાદ ૫૦ ઓવરમાં ચાર વિકેટે ૩૧૦ રન કર્યા અને ભારતને ૩૧૧ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો ત્યારે એવું લાગતું હતું કે ભારત માટે આ ટાર્ગેટ મુશ્કેલ બની શકે. જોકે હાર્ડ હિટર્સથી ભરેલી ભારતીય ટીમની બૅટિંગ લાઇન-અપ આ ટૂર્નામેન્ટમાં શરૂઆતથી જ ભરોસાપાત્ર રહી છે અને આ લાઇન-અપ છેક છઠ્ઠા-સાતમા નંબર સુધીની હોવાથી ભારતના વિજયની સંભાવના વધુ હતી અને ભારતે જીતીને બતાવ્યું.

અફઘાનિસ્તાન વતી ફૈસલ શિનોઝાદા (૯૩ બૉલમાં ૧૧૦ રન) અને ઉઝૈરુલ્લા નિયાઝાઇ (૮૬ બૉલમાં અણનમ ૧૦૧)ની સેન્ચુરીએ ભારત માટે જીતવું મુશ્કેલ કરી દીધું હતું, પરંતુ ભારતના ટૉપ-ઑર્ડરે અફઘાનિસ્તાનને પરાજય તરફ ધકેલી દીધું. ભારતના છ બોલર અફઘાની બૅટ્સમેનોને કાબૂમાં નહોતા રાખી શક્યા. ફૈસલ-ઉઝૈરુલ્લા વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૪૮ રનની ભાગીદારી થઈ હતી. દીપેશ દેવેન્દ્રન તથા કનિષ્ક ચૌહાણને બે-બે વિકેટ મળી હતી. હેનિલ પટેલ, ખિલન પટેલ, આર. એસ. અંબરિશ અને કૅપ્ટન આયુષ મ્હાત્રેને વિકેટ નહોતી મળી. ઉલ્લેખનીય છે કે ઇંગ્લૅન્ડની ટીમ મંગળવારની સેમિ ફાઇનલમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને હરાવીને ફાઇનલમાં પહોંચ્યું હતું. ■

## બે ફ્રેન્ડ આજે વડોદરાની ફાઇનલમાં સામસામે



જેમિમા રૉડ્રિગ્સ અને સ્મૃતિ મંધાના વચ્ચે બહુ સારી મિત્રતા છે અને આ જોડીએ નવેમ્બરમાં ભારતને ઐતિહાસિક વર્લ્ડ કપ જિતાડ્યો હતો, પણ આજે ડબ્લ્યૂપીએલની ફાઇનલમાં તેઓ એકમેકની હરીફ કૅપ્ટન છે. જેમિમાના સુકાનમાં દિલ્હી અને સ્મૃતિની કૅપ્ટન્સીમાં વડોદરામાં આજે નિર્ણાયક મુકાબલો થશે.




## ૧૯૩૨માં ચોથી ફેબ્રુઆરીએ ભારતની પ્રથમ ટીમ સિલેક્ટ થઈ હતી!

મુંબઈઃ ક્રિકેટની સૌપ્રથમ ટેસ્ટ મૅચ માર્ચ, ૧૮૭૭માં રમાઈ હતી, પરંતુ ભારતે ટેસ્ટ-ક્રિકેટમાં છેક જૂન, ૧૯૩૨માં (બ્રિટિશરોના રાજ દરમ્યાન) ઝુકાવ્યું હતું અને તમને જાણીને નવાઈ લાગશે કે ભારતની (૯૪ વર્ષ પહેલાંની) એ સૌપ્રથમ ટેસ્ટ માટેની ટીમ ગઈ કાલની તારીખે (૪-૨-૧૯૩૨ના રોજ) સિલેક્ટ કરવામાં આવી હતી.

૧૯૩૨ની પચીસમી જૂને ક્રિકેટના મક્કા લૉર્ડ્સમાં ભારતની ઇંગ્લૅન્ડ સામેની ઐતિહાસિક ટેસ્ટ શરૂ થઈ હતી. કર્નલ સી. કે. નાયુડુ ભારતના સૌપ્રથમ ટેસ્ટ-કૅપ્ટન હતા અને તેમના નેતૃત્વ હેઠળની ટીમમાં ખેલાડીઓનો સમાવેશ આ મુજબ હતોઃ જનાર્દન નવલે (ઓપનર, વિકેટકીપર), નૂમલ જિઉમલ (ઓપનર, લેગ સ્પિનર), સૈયદ વઝીર અલી (વનડાઉન બૅટ્સમૅન), સી. કે. નાયુડુ (ચોથા ક્રમે બૅટિંગ, ઑફ સ્પિનર), સોરાબજી કોલાહ (બૅટ્સમૅન નંબર-પાંચ), નઝીર અલી (બૅટ્સમૅન નંબર-છ), ફિરોઝ પાલિયા (બૅટ્સમૅન નંબર-સાત, લેફ્ટ-આર્મ સ્પિનર), લાલ સિંહ (બૅટ્સમૅન નંબર-આઠ), જહાંગીર ખાન (બૅટ્સમૅન નંબર-નવ, પેસ બોલર), અમર સિંહ (બૅટ્સમૅન નંબર-દસ, પેસ બોલર) અને મોહમ્મદ નિસાર (બૅટ્સમૅન નંબર-અગિયાર, પેસ બોલર).

ભારતીય ટીમે ત્યારે પંચાવન વર્ષની અનુભવી ઇંગ્લૅન્ડની ટીમને પ્રથમ દાવમાં એના જ મુખ્ય મેદાન લૉર્ડ્સ પર માત્ર ૨૫૯ રનમાં ઑલઆઉટ કરી દીધી હતી. મોહમ્મદ નિસારે પાંચ વિકેટ લીધી હતી. તેમણે પહેલા માત્ર ૧૧ રનના



સ્કોરમાં ઇંગ્લૅન્ડના આઠ વર્ષના અનુભવી ટેસ્ટ ખેલાડી હર્બર્ટ સટક્લિફ (ત્રણ રન)ને તેમ જ ૧૧ વર્ષના અનુભવી ઓપનર પર્સી હૉમેઝ (છ રન)ને પૅવિલિયન ભેગા કરી દીધા હતા. ઇંગ્લૅન્ડના એક પણ બૅટ્સમૅન સેન્ચુરી નહોતા કરી શક્યા. કૅપ્ટન ડગ્લાસ જાર્ડિને ૭૯ રન કર્યા હતા અને તેમની વિકેટ હરીફ સુકાની સી. કે. નાયુડુએ લીધી હતી.

ભારતે પહેલા દાવમાં સી. કે. નાયુડુના ૪૦ રનની મદદથી કુલ ૧૮૯ રન બનાવ્યા હતા. બિલ બૉવેઝે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. બીજા દાવમાં ઇંગ્લૅન્ડે ૮/૨૭૫ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો. જહાંગીર ખાને સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. ભારતીય ટીમ ૩૪૬ રનના લક્ષ્યાંક સામે ૧૮૭ રન બનાવી શકી હતી અને ભારતનો ૧૫૮ રનથી પરાજય થયો હતો. જોકે એ સમયના તમામ ભારતીય ખેલાડીઓના પર્ફોર્મન્સને ક્રિકેટ જગતમાં બિરદાવવામાં આવ્યો હતો. ■

## ધોની કહે છે, કૉમેન્ટરી આપવાનું મારું કામ નહીં

નવી દિલ્હીઃ ભારતના જ નહીં, સમગ્ર ક્રિકેટ જગતના સર્વશ્રેષ્ઠ કૅપ્ટન-વિકેટકીપર-બૅટ્સમૅન તરીકે ઓળખાતો મહેન્દ્ર સિંહ ધોની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થયા પછી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ને બાદ કરતા ભાગ્યે જ ન્યૂઝમાં ચમકતો હોય છે અને સોશ્યલ મીડિયાથી તો તે દૂર જ રહે છે, પરંતુ એક યુટ્યૂબ ચૅનલ પરની તેની સાથેની વાતચીત દરમ્યાન જાણવા મળ્યું કે ધોની કૉમેન્ટરી બૉક્સથી પણ દૂર રહેવામાં માને છે. તે શા માટે કૉમેન્ટરી બૉક્સમાં જવાનું ટાળે છે એ માટે તેણે કેટલાંક વજૂદવાળાં કારણો આપ્યાં છે.

‘ કૂલ કૅપ્ટન’ તરીકે વિખ્યાત ધોનીએ કહ્યું છે કે તે માઇક્રોફોનથી અર્થાત કૉમેન્ટરી બૉક્સથી દૂર રહેવામાં માને છે. સામાન્ય રીતે ક્રિકેટરો નિવૃત્તિ પછી કોચ બનતા હોય છે અથવા કૉમેન્ટેટર બની જતા હોય છે. જોકે ધોનીનું કહેવું છે કે તેના માટે કૉમેન્ટેટર બનવું બહુ મુશ્કેલ કામ છે અને એનાં તેણે કેટલાંક કારણો આપ્યાં છે.

ધોની ૪૪ વર્ષનો છે. તેના નેતૃત્વમાં ભારત ત્રણ આઇસીસી ટ્રોફી જીતી ચૂક્યું છે. તેણે ૨૦૨૦માં રિટાયરમેન્ટ લીધા પછી માત્ર આઇપીએલ મારફત (ચેન્નઈ સુપર કિંગ્સ મારફત) ક્રિકેટ સાથે સંપર્ક જાળવી રાખ્યો છે. એ સિવાયના લગભગ ૧૦ મહિના તે પરિવાર સાથે હોય છે અને તેમની સાથે વિદેશોના પ્રવાસે જતો હોય છે. સામાન્ય રીતે તે ક્રિકેટને લગતા વિવાદ સંબંધમાં કે કોઈ ગંભીર ચર્ચા દરમ્યાન મંતવ્યો આપવાનું ટાળતો હોય છે.

પીટીઆઇના અહેવાલ અનુસાર ધોની સ્પોર્ટ્સ બ્રૉડકાસ્ટર જતીન સપ્રુને યુટ્યૂબ ચૅનલ પરની વાતચીતમાં કહે છે, ‘ મારી દૃષ્ટિએ કૉમેન્ટરી આપવી બહુ મુશ્કેલ કામ છે. કૉમેન્ટરી બૉક્સમાંથી ક્રિકેટ વિશેની સમજ આપવી કે પોતાના અનુભવો વર્ણવવા અને વ્યક્તિગત રીતે કોઈની ટીકા શરૂ કરી દેવી એ બન્ને મુદ્દા વચ્ચે મોટી રેખા છે. બન્ને કામમાં ફરક છે. ઘણી વાર એવું બને છે કે તમને કંઈક ખોટું લાગતું હોય તો તમે એ કહી દેવા માગો છો, પણ એ કેવી રીતે કહેવું એ એક કલા છે. ખૂબ વિનમ્રતાથી કહેવું અને એમાં શબ્દોનો



પ્રયોગ એવી રીતે કરવો કે કોઈને એવું ન લાગે કે તેને ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. ટીમ જો હારી રહી હોય તો એ પાછળ કેટલાંક કારણો જવાબદાર હોય છે અને કોઈને પણ ખોટું ન લાગે એ રીતે કારણો વર્ણવવાની આવડત કૉમેન્ટેટરમાં હોવી જરૂરી છે. એ જ તો કૉમેન્ટરીની ખરી કલા છે.’

### મને મારા આંકડા યાદ નથી રહેતાઃ ધોની

ધોનીએ એવું પણ કહ્યું કે ‘ હું આંકડાબાજીમાં નબળો છું. ઘણાને સચોટ આંકડા બહુ યાદ રહેતા હોય છે. મને મારા પોતાના આંકડા યાદ નથી રહેતા. મને જો મારી કરીઅરને લગતા આંકડા વિશે કોઈ પૂછે તો હું સંતોષકારક જવાબ ન આપી શકું. કેટલાકને માત્ર ભારતીય ક્રિકેટ ટીમ કે ભારતીય ખેલાડીઓને લગતા જ નહીં, સમગ્ર ક્રિકેટ યુગની પ્રત્યેક વ્યક્તિ વિશેના આંકડા યાદ હોય છે.’

### પોતાના માટે શું બેસ્ટ એ નક્કી કરવાનું ચાતુર્ય જરૂરી

ધોનીએ મુલાકાતમાં કહ્યું કે તેને બોલવા કરતાં સાંભળવું વધુ ગમે છે. તેણે કહ્યું, ‘ મને જે લોકો ઠીક લાગે તેમની સાથે ચર્ચા કરી લેતો હોઉં છું, પરંતુ મને બોલવા કરતાં સાંભળવું વધુ પસંદ છે. મને જે ટૉપિક પર ખાસ કંઈ ખબર ન હોય એના પર બોલવાનું ટાળું છું, કારણકે એ જ મુદ્દા પર હું વધુ સાંભળું તો વધુ જાણકારી મેળવી શકું છું. જેના વિશે ખાસ કંઈ જાણતો ન હોઉં તો પણ બોલવું એ મને પસંદ નથી. હંમેશાં સલાહ સૂચનો મેળવવા એ જરૂરી નથી. જેમની સાથે ચર્ચા-વિચારણા થતી રહેતી હોય તેમની સાથેની વાતચીતમાં આપોઆપ જાણકારીઓ મળી જ જતી હોય છે. પોતાના માટે શું બેસ્ટ છે એ નક્કી કરવાનું ચાતુર્ય વ્યક્તિમાં હોવું જ જોઈએ.’ ■

## સાઉથ આફ્રિકાએ ઇશાન, તિલક, સૂર્યા, અક્ષર અને હાર્દિકનો પરચો જોઈ લીધો

નવી મુંબઈઃ અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં બુધવારે મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાંની વૉર્મ-અપ મૅચમાં ૨૦૨૪ના વિશ્વ કપના રનર-અપ સાઉથ આફ્રિકાએ એ જ વર્ષના ચૅમ્પિયન ભારતના બૅટ્સમેનોની ધમાકેદાર બૅટિંગની ઝલક જોઈ લીધી હતી.

બે દિવસ પહેલાં અમેરિકાને પ્રથમ વૉર્મ-અપ મૅચમાં ૩૮ રનથી હરાવનાર ભારતે બુધવારની પ્રૅક્ટિસ-મૅચમાં ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૪૦ રન કર્યા હતા. આ પ્રૅક્ટિસ-મૅચ હોવાથી બન્ને ટીમે પોતાના કુલ ૧૫-૧૫ ખેલાડીને રમાડ્યા હતા જેમાં ૧૧-૧૧ ખેલાડીએ બૅટિંગ અને ૧૧-૧૧ ખેલાડીએ ફીલ્ડિંગ કરી હતી. ખાસ કરીને ઇશાન કિશન (૫૩ રન, ૨૦ બૉલ, સાત સિક્સર, બે ફોર), તિલક વર્મા (૪૫ રન, ૧૯ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર), સૂર્યકુમાર (૩૦ રન, ૧૬ બૉલ, બે સિક્સર, બે ફોર), અક્ષર (૩૫ અણનમ, ૨૩ બૉલ, બે સિક્સર, બે ફોર) અને હાર્દિક (૩૦ રન, ૧૦ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર)ના સૌથી ધમાકેદાર અને મોટા યોગદાન હતા. ઇશાન રિટાયર-આઉટ થયો હતો, પરંતુ ૨૪ રન કરનાર અભિષેક રિટાયર-હર્ટ થયો હતો.

ભારતના દાવ પછી સાઉથ આફ્રિકા માટે જીતવું કઠિન થઈ ગયું હતું. શનિવાર, સાતમી ફેબ્રુઆરીએ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે. ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| चोख | હરીફાઈ |
| चुकार | ચીકણું |
| चेंगट | સ્પષ્ટ |
| चेंगरणे | કામચોર |
| चुरस | ચગદાવું |

### જાણવા જેવું

ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્પર્ધામાં સહભાગી થતી ટીમ માટે હવે ૨૦૦ રનનો સ્કોર સહજ બનતો જોવા મળ્યો છે. જોકે, બેટ વિંઝવાની આ રમતમાં અત્યાર સુધીમાં ત્રણ ટીમ ૩૦૦થી વધુનો જુમલો નોંધાવી શકી છે. સર્વોચ્ચ ટોટલ ઝિમ્બાબ્વેના નામે છે જેણે ૨૦૨૪માં ગામ્બિયા સામે ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૩૪૪ રન કર્યા હતા.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. સ્ત્રીની સગ્ગી બહેનની એકમાત્ર ભાણેજના સસરાનો એકમાત્ર પુત્ર સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજો બ) જમાઈ
ક) ભાણેજ ડ) ભાઈ

### નોંધી રાખો

જીવનમાં એક વાત ગોખી રાખજો કે ગુમાવેલી અનેક વસ્તુ પાછી મળી જશે, પણ મા બાપ ગુમાવશો તો એ પાછા નહીં મળે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | ૯અ | ■ | ૧૦ | | |
| ■ | | ■ | ૧૧ | | | ૧૨ | ■ | | ■ |
| ૧૩ | ■ | ૧૪ | | | ■ | ૧૫ | | ■ | ૧૬ |
| ૧૭ | ૧૮ | | ■ | ■ | ■ | | ■ | ૧૯ | |
| ૨૦ | | ■ | ૨૧ | ■ | ૨૨ | ■ | ૨૩ | | |
| | ■ | ૨૪ | | | ૨૫ | ૨૬ | | ■ | |
| ■ | ૨૭ | ■ | ૨૮ | ૨૯ | | | ■ | ૩૦ | ■ |
| ૩૧ | | ૩૨ | ■ | ૩૩ | | ■ | ૩૪ | | ૩૫ |
| ૩૬ | | | | ■ | ■ | ૩૭ | | | |

**આડી ચાવી**

૧ આભારી (૪)
૪ મોહક આંખોવાળી (૪)
૮ વાટ, રાહ (૩)
૯ અનાદિ, નહીં જન્મેલું (૨)
૧૦ દૃષ્ટિ (૩)
૧૧ એક દેવિ (૪)
૧૪ -----નિરંજન! (૩)
૧૫ બુદ્ધિ (૨)
૧૭ એક રમત (૩)
૧૯ તંતુ, તાંતણો (૨)
૨૦ કાર્ય, કામ (૨)
૨૩ ઘોડાનું ઘર (૩)
૨૪ પાક (૨)
૨૫ સંપત્તિ (૩)
૨૮ -----થવું સફળ થવું, કામમાં આવવું (૪)
૩૧ જૈનોના એક તીર્થંકર (૩)
૩૩ નામીચું, પંકાયેલું (૨)
૩૪ સિંહ (૩)
૩૬ દાસી, નોકરડી (૪)
૩૭ ભમરો (૪)

**ઊભી ચાવી**

૧ બોચી, ગરદન (૨)
૨ ભેંસના---ભેંસને ભારે (૩)
૩ ફળની અંદરનો માવો (૨)
૫ દિવસ (૨)
૬ રાજા (૩)
૭ દૂધ (૨)
૯ આપત્તિ, અડચણ ખમી શકે તેવું (૪) (જો. છૂ)
૯ (અ) દુર્ગા (૨)
૧૧ ઉતરી ગયેલી જીર્ણ ચામડી, સાપની કાંચળી (૨)
૧૨ સુંદર સ્ત્રી (૩)
૧૩ ઘરેણાં, શણગાર (૪)
૧૪ જીદ્દ, હઠ (૨)
૧૬ મૃત્યુ પછીનો સ્વર્ગ વગેરે બીજો લોક (૪)
૧૮ હાથી (૨)
૧૯ શરણે, અંકુશમાં (૨)
૨૧ કુબેરની નગરી (૩)
૨૨ અનુચિત, મેળ ન ખાય તેવું (૪)
૨૩ ત્યારે (૨)
૨૬ આબરૂ (૨)
૨૭ ગણપતિનું વાહન (૩)
૨૯ રાખ, ભસ્મ (૨)
૩૦ પવિત્ર (૩)
૩૧ વેદનો મંત્ર (૨)
૩૨ ભરપૂર, પૂરિપૂર્ણ (૨)
૩૪ ----તો ચલતા ભલા (૨)
૩૫ કજિયાના ત્રણ છોરુંમાંનો એક (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | દ | ૨ ઘુ | ટ | ૩ ન | ■ | ૪ અ | ૫ શ | ર | ૬ ફી |
| દા | ■ | પ | ■ | સિ | ■ | ૭ મ | ઠ | ■ | શિ |
| ૮ હ | ૯ મા | લ | ■ | ૧૦ થ | ફી | ન | ■ | ૧૧ છા | યા |
| ૧૨ ર | સ | ■ | ૧૩ પ | ત | ■ | ■ | ૧૪ વ | વ | રી |
| ણ | ■ | ૧૫ ની | ર | ■ | ૧૬ સ | ૧૭ ર | વા | ણી | ■ |
| ■ | ૧૮ પ | ર | વ | શ | ■ | ૧૯ ત | રુ | ■ | ૨૦ અ |
| ૨૧ સ | હે | જ | ■ | ■ | ૨૨ પ | ન | ■ | ૨૩ ત | નુ |
| ૨૪ મા | રો | ■ | ૨૫ ના | મ | ના | ■ | ૨૬ ક | ર્ક | શા |
| રં | ■ | ૨૭ કા | જુ | ■ | ર | ■ | ઠો | ■ | સ |
| ૨૮ ભ | ર | ચ | ક | ■ | ૨૯ ખ | ત | ર | ના | ક |

### ઓળખાણ પડી?

ડચ સંસ્થાનની ગુલામી સામે જોરદાર લડત આપી દેશને મુક્તિ અપાવનારા વીસમી સદીના ઈન્ડોનેશિયાના મહાન નેતાની ઓળખાણ પડી?

અ) ટિટો
બ) અરાફત
ક) સત્તાર
ડ) સુકાર્ણો



### સુડોકુ-૯૨૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | ૬ | ૫ | | |
| ૯ | | | | ૧ | | | | |
| ૪ | | ૬ | ૮ | | | | | |
| | ૬ | ૭ | | | ૧ | | | |
| ૫ | ૨ | | | | | | ૮ | ૬ |
| | | | ૫ | | | ૯ | ૩ | |
| | | | | | ૭ | ૨ | | ૪ |
| | | | | ૪ | | | | ૧ |
| | | ૪ | ૧ | | | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૧ | ૨ | ૬ | ૮ | ૫ | ૭ | ૯ |
| ૫ | ૯ | ૮ | ૪ | ૩ | ૭ | ૧ | ૨ | ૬ |
| ૬ | ૭ | ૨ | ૯ | ૫ | ૧ | ૪ | ૩ | ૮ |
| ૨ | ૧ | ૩ | ૭ | ૪ | ૬ | ૯ | ૮ | ૫ |
| ૭ | ૬ | ૯ | ૫ | ૮ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૮ | ૪ | ૫ | ૧ | ૯ | ૩ | ૭ | ૬ | ૨ |
| ૯ | ૫ | ૭ | ૮ | ૨ | ૪ | ૬ | ૧ | ૩ |
| ૧ | ૨ | ૬ | ૩ | ૭ | ૫ | ૮ | ૯ | ૪ |
| ૩ | ૮ | ૪ | ૬ | ૧ | ૯ | ૨ | ૫ | ૭ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| चाट | ચકિત |
| चाप | ધનુષ્ય |
| चामखीळ | મસો |
| चारपायी | ખાટલો |
| चालना | ગતિ |

**ગુજ્બરાત મોરી મોરી રેઃ**
ભાભી

**ઓળખાણ પડી?**
શિન્ઝો આબે

**માઈન્ડ ગેમ :**
બર્નાર્ડ શો

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
લાદી

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં સ્ત્રીનો પર્યાય છુપાઈ બેઠો છે એ શોધી કાઢો.
શ્રમ કરનારને મોડુંવહેલું ફળ જરૂર મળે છે.

### માઈન્ડ ગેમ

અરવિંદ જોશી અભિનીત કયા નાટક પરથી યશ ચોપડાએ રાજેશ ખન્નાને લઈને સસ્પેન્સ હિન્દી ફિલ્મ બનાવી હતી એ કહી શકશો?

અ) ખેલંદો ૨) ધુમ્મસ ૩) રાહુ કેતુ ૪) બાણશૈયા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) જયવંત પદમશી ચિખલ (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપુર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નૈશધ દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) લજીતા ખોના (૧૨)હર્ષા મહેતા (૧૩) પુષ્પા પટેલ (૧૪) જ્યોતી ખાંડવાલા (૧૫) મીનળ કાપડીયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) ભરત કજરીયા (૧૯) મહેન્દ્ર લોઢવિયા (૨૦) તાહેર ઔરંગાબાદવાળા (૨૧) શીરીન ઔરંગાબાદવાળા (૨૨) પ્રવીણ વોરા (૨૩) અરવિંદ કામદાર (૨૪) વીણા સંપટ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) મહેશ સંઘવી (૨૭) નિતીન જયંતીલાલ બજરીયા (૨૮) અલકા વાણી (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) ડાયના સંતોક (૩૧) નયના ગિરીશ મિસ્ત્રી (૩૨) કિરીટ છેડા (૩૩) છેતના છેડા (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હીના દલાલ (૩૯) ભાવના કર્વે (૪૦) દિપીકા દોશી (૪૧) પુષ્પા પટેલ (૪૨) ડૉ. પ્રકાશ કટકીયા (૪૩) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪૪) મહેશ દોશી (૪૫) અબ્દુલ્લા એફ મુનામ (૪૬) કમલ મટાલીયા (૪૭) પ્રતીમા પમાની (૪૯) રસીક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૫૦) અંજુ ટોલીયા

# ગોરેગામમાં લિફ્ટમાં ગૅસ ભરેલા ફુગ્ગા ફાટ્યા

## ગુજરાતી યુવતી દાઝી




**ફુગ્ગામાં બ્લાસ્ટને કારણે આગનો ભયાનક ભડકોઃ સીસીટીવી ફૂટેજ વાયરલ**




**લીફ્ટમાં ફુગ્ગાનું જોખમઃ**
ઈમારતની લિફ્ટમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં ફુગ્ગા લઈને લિફ્ટમાં પ્રવેશતો યુવાન અને પછી ધડાકા સાથે આગની જ્વાળા સ્પષ્ટ જોઈ શકાય છે.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામમાં ઈમારતની લિફ્ટમાં ગૅસ ભરેલા ફુગ્ગાનો બ્લાસ્ટ થતાં ભયાનક ભડકો થયો હતો. આગની જ્વાળાને કારણે સુરતથી આવેલી ગુજરાતી યુવતી સહિત બે જણ દાઝતાં પોલીસે બેદરકારીથી લિફ્ટમાં ફુગ્ગા લઈ જનારા યુવાન વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. સદ્‌નસીબે લિફ્ટના દરવાજા બંધ થયા ન હોવાથી ઘટના સમયે હાજર ત્રણેય જણ જીવ બચાવી શક્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર ખાસ્સો વાયરલ થતાં અન્ય સોસાયટીઓના રહેવાસીઓમાં પણ ફફડાટ ફેલાયો હતો.

ગોરેગામ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બીજી ફેબ્રુઆરીની રાતે ૧૦.૫૦ વાગ્યે બનેલી ઘટનામાં હિમાની ગગન ટાપરિયા (૨૧) અને રાજુકુમાર મહાતો (૩૨) દાઝ્યાં હતાં. સુરતથી આવેલી હિમાનીના જમણા હાથ, ગળા ફરતે અને પેટ પર દાઝવાને કારણે ઇજા થઈ હતી. આ પ્રકરણે હિમાનીની ફરિયાદને આધારે ફુગ્ગાવિક્રેતા વિરુદ્ધ બેદરકારીનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર ગોરેગામ પશ્ચિમમાં પટેલ પેટ્રોલ પમ્પ સામેની અનમોલ ટાવર ઈમારતના ૧૦મા માળે રહેતા એક પરિવારે ફુગ્ગાનો ઑર્ડર આપ્યો હતો. કહેવાય છે કે જન્મદિનની ઉજવણીમાં સજાવટ માટે ફુગ્ગા મગાવવામાં આવ્યા હતા. અંધેરી પશ્ચિમમાં વીરા દેસાઈ રોડ ખાતે રહેતો ડિલીવરી બૉય રાજુકુમાર મહાતો ફુગ્ગા લઈને આવ્યો હતો. ફુગ્ગા લઈને તે બિલ્ડિંગની લિફ્ટમાં પ્રવેશ્યો એની બીજી જ સેકન્ડે જોરદાર ભડકો થયો હતો.

લિફ્ટમાં લાગેલા સીસીટીવી કૅમેરામાં આ ભયાનક ઘટના કેદ થઈ હતી. કૅમેરાનાં ફૂટેજ બાદમાં સોશ્યલ મીડિયા પર ખાસ્સા વાયરલ થયા હતા. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પરથી એક યુવતી ટ્રૉલી બૅગ સાથે લિફ્ટમાં પ્રવેશે છે અને તેની પાછળ ફુગ્ગા સાથે યુવાન લિફ્ટમાં ઘૂસે છે. પછી અન્ય એક યુવક લિફ્ટમાં આવે છે. લિફ્ટનો દરવાજો બંધ થવા પહેલાં જ એકાએક ફુગ્ગા ફાટે છે, જેને કારણે આગનો ભડકો થાય છે.

સદ્‌નસીબે દરવાજા બંધ થવા પહેલાં આ ઘટના બની હતી, જેને કારણે ત્રણેય જણ જીવ બચાવી લિફ્ટની બહાર દોડી ગયાં હતાં. બન્ને યુવક અને યુવતી લિફ્ટ બહાર ગયા પછી દરવાજો બંધ થાય છે અને લિફ્ટમાં સળગતા ફુગ્ગાના ટુકડા ફૂટેજમાં નજરે પડે છે. ફુગ્ગામાં હાઈડ્રોજન ગૅસ ભરેલો હોવાથી આ ઘટના બની હોવાનું પ્રથમદર્શી જણાય છે. ■

### ગૅસ ટૅન્કર અકસ્માત

## પુણે-મુંબઈ ટ્રાવેલ ટાઈમ નવ કલાક

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર આડોશી ટનલ નજીક ગૅસ ટૅન્કર ઊંધું વળી ગયા બાદ તેમાંથી ગૅસ લીકેજને કારણે ૨૪ કલાકથી વધુ સમય સુધી ટ્રાફિક જૅમ સર્જાતાં વાહનચાલકો અટવાઇ ગયા હતા. ટૅન્કરમાંથી સતત થઇ રહેલા ગૅસ લીકેજને રોકવા માટે એનડીઆરએફ, એસડીઆરએફ તથા બીપીસીએલના નિષ્ણાતોની ટીમે ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. અકસ્માતને કારણે કલાકો સુધી બંધ કરાયેલા મુંબઈ (જુઓ પાનું ૪) ▶▶

## એસટીની ૧૩૯ બસસેવા રદ

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે પર ગૅસ ટૅન્કર પલટી થયા બાદ થયેલા ટ્રાફિક જૅમને પગલે મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટની ૧૩૯ બસ સર્વિસ રદ કરવામાં આવી (જુઓ પાનું ૪) ▶▶

## લાડકી બહિણ યોજનાનું નામ બદલવા સરકાર વિચારશેઃ ફડણવીસ

મુંબઈઃ લાડકી બહિણ યોજનાનું નામ બદલીને સ્વર્ગસ્થ નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી નેતા અજિત પવારના નામ પર રાખવાની માગ પર સરકાર વિચાર કરશે એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું. એનસીપીના વિધાન પરિષદના સભ્ય અમોલ મિટકરીએ મંગળવારે માગ કરી હતી કે મહિલાઓને નાણાકીય સહાય માટે સરકારની મુખ્ય મુખ્યમંત્રી માઝી લાડકી (જુઓ પાનું ૪) ▶▶

## રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારનો સૂત્રધાર શુભમ લોણકર ચીનમાં સંતાયો?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુમાં આવેલા નિવાસસ્થાને ગોળીબાર કરવાનું ષડ્યંત્ર રચનારો કથિત સૂત્રધાર શુભમ લોણકર ચીનમાં સંતાયો હોવાની શક્યતા મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે વ્યક્ત કરી હતી. સોશ્યલ મીડિયાના માધ્યમથી સાગરીતોના સંપર્કમાં રહેલા લોણકરે જ નાણાં પૂરાં પાડવાની વ્યવસ્થા કરી હોવાનું તપાસમાં જણાયું હતું.

જૂહુમાં મેહમૂદ ચોક ખાતે આવેલા શેટ્ટી ટાવર પર શનિવારની મધરાતે ૧૨.૪૫ વાગ્યે ગોળીબાર કરવામાં આવ્યો હતો. પિસ્તોલમાંથી પાંચ રાઉન્ડ ફાયર કરી શૂટર ફરાર થઈ ગયો હતો. ગોળી ચલાવનારો શૂટર હજુ હાથ લાગ્યો નથી, પરંતુ ઘટના સાથે સંકળાયેલા ચાર શકમંદ સ્વપ્નિલ સકટ (૨૩), સમર્થ પોમાજી (૧૯), સિદ્ધાર્થ યેનપુરે (૧૯) અને આદિત્ય ગાયકી (૧૯)ની ક્રાઈમ બ્રાન્ચની ખંડણી વિરોધી પથકે ધરપકડ કરી હતી.

ગોળીબારનું કાવતરું બિશ્નોઈ ગૅન્ગના સભ્ય શુભમ લોણકરે ઘડ્યું હોવાનું પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું. શુભમ લોણકર શેટ્ટી સહિત ઑક્ટોબર, ૨૦૨૪માં (જુઓ પાનું ૪) ▶▶

## ગોળીબારમાં દેશી બનાવટની અત્યાધુનિક પિસ્તોલનો ઉપયોગ

મુંબઈઃ ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના ઘરે ગોળીબારની ઘટનાની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચને આંચકાજનક માહિતી જાણવા મળી હતી.

ફાયરિંગ માટે દેશી બનાવટની અત્યાધુનિક પિસ્તોલનો ઉપયોગ કરવામાં (જુઓ પાનું ૪) ▶▶

## જાન્યુઆરીમાં ૨૧ ખેડૂતોની આત્મહત્યા

નાગપુરઃ પૂર્વી મહારાષ્ટ્રના યવતમાળ જિલ્લામાં જાન્યુઆરી મહિનામાં ૨૧ ખેડૂતોએ આત્મહત્યા કરી હોવાનું નોંધાયું છે. એક કાર્યકર્તાએ બુધવારે આ જાણકારી આપતા સરકાર પર કૃષિ સંકટને ઉકેલવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો હતો. રાજ્ય સરકારના વસંતરાવ નાઈક શેટ્ટી સ્વાવલંબન મિશનના કિશોર તિવારીએ ગયા મહિને જિલ્લામાં આત્મહત્યા કરનારા ખેડૂતોની યાદી શેર કરી હતી. કલેક્ટર વિકાસ મીણાએ પુષ્ટિ કરી હતી કે જિલ્લામાં ૨૦૨૬ ના પહેલા મહિનામાં ૨૧ ખેડૂતોની આત્મહત્યા નોંધાઈ છે.

પશ્ચિમ વિદર્ભ, જ્યાં કપાસ અને સોયાબીન મુખ્ય પાક છે, ત્યાં ૧૯૯૮ થી ખેડૂતોની આત્મહત્યાના કિસ્સાઓ નોંધાઈ રહ્યા છે, અને યુપીએ તેમજ એનડીએ સરકારોના તમામ રાહત પેકેજો ઇનપુટ ખર્ચ, સિંચાઈ, માટી આરોગ્ય, લઘુતમ ટેકાના ભાવ, સ્થાનિક સંગ્રહ અને પ્રક્રિયા સુવિધાઓ અને સરકારી ખરીદી જેવા મુખ્ય મુદ્દાઓને સંબોધવામાં નિષ્ફળ ગયા. વારંવાર લોન માફ કરવાને બદલે, લાંબા ગાળાની ક્રેડિટ નીતિ હોવી જોઈએ અને રોકડિયા પાકોથી બાજરી અને કઠોળ તરફ વાળવા માટે યોગ્ય પ્રોત્સાહન આપવું જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું. ■

## આઈઆઈટી બૉમ્બેના વિદ્યાર્થીએ હોસ્ટેલની અગાશી પરથી પડતું મૂક્યું

મુંબઈઃ આઈઆઈટી બૉમ્બેના વિદ્યાર્થીએ હોસ્ટેલની અગાશી પરથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના પવઈ વિસ્તારમાં બની હતી.

પવઈ પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની મધરાતે દોઢ વાગ્યાની આસપાસ બની હતી. મૃત્યુ પામેલા સ્ટુડન્ટની ઓળખ નમન અગરવાલ (૨૧) તરીકે થઈ હતી. પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (આઈઆઈટી)ના સિવિલ એન્જિનિયરિંગમાં બીટેકના બીજા વર્ષમાં ભણતો નમન હોસ્ટેલ નંબર-૩માં રહેતો હતો. મંગળવારની રાતે હોસ્ટેલ નંબર-૪ની અગાશી પર ગયો હતો અને ત્યાંથી કથિત રીતે કૂદકો માર્યો હતો.

હોસ્ટેલના વિદ્યાર્થીઓ અને સિક્યોરિટી ગાર્ડે નમનના જમીન પર પટકાવાનો અવાજ સાંભળ્યો હતો. સિક્યોરિટી ગાર્ડ અને વિદ્યાર્થીઓ તરત દોડી આવ્યા હતા અને નમનને ગંભીર જખમી અવસ્થામાં જોયો હતો. તાત્કાલિક તેને રાજાવાડી હૉસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. તેના શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયું હોવાનું પોલીસનું કહેવું છે. નમન રાજસ્થાનના પિલાનીનો વતની હતો. તેના પરિવારને ઘટના અંગે જાણ કરવામાં આવી હતી. હોસ્ટેલ નંબર-૩માં રહેતો નમન હોસ્ટેલ નંબર-૪માં શા માટે ગયો તે બાબતે પોલીસ તેના રૂમમેટ્સ અને અન્ય સ્ટુડન્ટ્સની પૂછપરછ કરી રહી છે. ■

### ૨૦૨૧નો ચકચારી હત્યાકેસ

## ગુનાના સ્થળે વાળના ગુચ્છા જાહ્‌ન્વી કુકરેજા પર ક્રૂર હુમલો સૂચવે છેઃ કોર્ટ

મુંબઈઃ ઘટનાસ્થળેથી મળી આવેલા વાળના ગુચ્છા 'પુરાવા' સાબિત થયા છે, જે દર્શાવે છે કે ૨૦૨૧માં ટીનેજર જાહ્‌ન્વી કુકરેજાની હત્યા પહેલા તેના પર ક્રૂર હુમલો કરવામાં આવ્યો હતો, એમ જાહ્‌ન્વીના મિત્ર શ્રી જોગધનકરને આ કેસમાં આજીવન કારાવાસની સજા સંભળાવતી વખતે કોર્ટે નોંધ્યું હતું. જોકે કોર્ટે જાહ્‌ન્વી કુકરેજાની બહેનપણી અને કેસની સહ-આરોપી દિયા પાડણકરને 'ગુનામાં તેની સંડોવણી શંકાસ્પદ' હોવાનું નોંધી નિર્દોષ જાહેર કરી હતી.

એડિશનલ સેશન્સ જજ સત્યનારાયણ નાવંદકરે ભારતીય દંડસંહિતાની સંબંધિત જોગવાઇઓ હેઠળ હત્યા માટે જોગધનકરને દોષી ઠેરવ્યો હતો.

કોર્ટે નોંધ્યું હતું કે ઘટનાસ્થળે તેમ જ પહેલા અને બીજા માળે દાદરા પર મળેલા વાળના ગુચ્છા આરોપીઓ દ્વારા કરાયેલા ક્રૂર હુમલાનો સંકેત આપે છે. વાળના છૂટાછવાયા ગુચ્છા હિંસાના પુરાવા છે, જે દર્શાવે છે કે પડી જતાં પહેલા જાહ્‌ન્વી પર કેટલી ક્રૂરતાથી હુમલો કરવામાં આવ્યો હતો. ખાર પશ્ચિમ સ્થિત ૧૬મા રોડ પર આવેલી ભગતવી હાઇટ્સ ઇમારતમાં ૩૧ ડિસેમ્બરની મોડી રાતે જાહ્‌ન્વી કુકરેજાની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ખાર પોલીસે જાહ્‌ન્વીના મિત્ર જોગધનકર અને પાડણકરની ધરપકડ કરી હતી.

સાંતાક્રુઝમાં રહેનારી ૧૯ વર્ષની જાહ્‌નવી હ્યુમન સાઇકોલોજીની વિદ્યાર્થિની હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રાતે અગિયાર વાગ્યાની આસપાસ જાહ્‌ન્વીના ઘરે જોગધનકર અને પાડણકર પહોંચ્યાં હતાં અને ત્યાંથી તેઓ જાહ્‌ન્વીને લઇને ખારમાં ઇમારતના ટેરેસ-ફ્લેટમાં થર્ટીફર્સ્ટની પાર્ટીમાં ગયાં હતાં. જોગધનકર અને પાડણકરને વાંધાજનક સ્થિતિમાં જોયા બાદ જાહ્‌ન્વીનો તેમની સાથે ઝઘડો થયો હતો. ઝઘડો ઉગ્ર બનતાં તેઓ જાહ્‌ન્વીને પાંચમા માળેથી સીડી પરથી ખેંચીની નીચે લઇ આવ્યા હતા. ■

## મુંબ્રામાં વિસ્ફોટકો મળવાના કેસમાં ત્રણનો નિર્દોષ છુટકારો

થાણેઃ એક વાહનમાં સંતાડેલા વિસ્ફોટકોથી જમીનમાલિકને હાનિ પહોંચાડવાના કાવતરાના ૨૦૧૭ના કેસમાં સેશન્સ કોર્ટે ત્રણ આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. સાક્ષીદારોનો અભાવ અને આરોપીઓ તેમ જ જપ્ત સામગ્રીઓ વચ્ચે નક્કર કડી સ્થાપિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયો હોવાનું કોર્ટે નોંધ્યું હતું. એડિશનલ સેશન્સ જજ એ. એસ. ભાગવતે આ કેસમાં આપેલા ચુકાદાની નકલ બુધવારે પ્રાપ્ત થઈ હતી. કેસ ૬ ઑગસ્ટ, ૨૦૧૭નો છે. થાણે જિલ્લામાં મુંબ્રા ખાતેના ગૌસિયા કમ્પાઉન્ડમાં પોલીસે રેઇડ કરી હતી, જ્યાં લાંબા સમયથી ઉપયોગમાં ન લેવાયેલી કારમાં સંતાડેલી એક બૅગ મળી આવી હતી. બૅગમાંથી વિસ્ફોટક પાઉડર અને નવ ડિટોનેટર્સ જપ્ત કરવામાં આવ્યાં હતાં.

ફરિયાદ પક્ષે આરોપ કર્યો હતો કે આરોપી મહિંસા રાજેસાબ ગનુર ઉર્ફે મહેશ (૫૭), શાહઆલમ મેહમૂદ શેખ (૪૯) અને આરીફ નવાબઅલી ખાને (૪૦) જમીનમાલિક ઈસ્માઈલ મોહમ્મદ શેખને જાનમાલનું નુકસાન પહોંચાડવા માટે વિસ્ફોટકો ભેગા કર્યા હતા. કોર્ટે અવલોકન કર્યું હતું કે ફરિયાદ પક્ષના પુરાવામાં મોટું અંતર છે અને કથિત ગુનામાં કોઈ પણ નજરે જોનારા સાક્ષીદારો રજૂ કરાયા નથી. (પીટીઆઈ)■

## ફડણવીસ એનસીપીના વિલીનીકરણ મામલે કેમ ચાંચ ડુબાડે છે?: શરદ પવાર

બારામતીઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના બે જૂથ વચ્ચેના વિલીનીકરણની ચર્ચામાં સહભાગી નહોતા એટલે તેમને એ મામલે ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી એમ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ - એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારે બુધવારે જણાવ્યું હતું.

બારામતીમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને દાવો કર્યો હતો કે એનસીપી (એસપી) નેતા જયંત પાટીલ અને તેમના ભત્રીજા તેમજ એનસીપી અધ્યક્ષ અજિત પવાર વિલીનીકરણ વાટાઘાટોનું નેતૃત્વ કરી રહ્યા હતા. અજિત પવારનું ૨૮ જાન્યુઆરીએ પુણે જિલ્લાના બારામતી ખાતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું.

ફડણવીસની ટિપ્પણી વિશે શરદ પવારે કહ્યું હતું કે 'મને સમજાતું નથી કે તેમને મારું નામ લેવાનો અધિકાર કોણે આપ્યો? કારણ કે તેઓ વિલીનીકરણની વાટાઘાટ વખતે તેઓ હાજર નહોતા. તેથી તેમને ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી. એનસીપી (એસપી) નેતા જયંત પાટીલ અને એનસીપી અધ્યક્ષ અજિત પવાર વિલીનીકરણ વાટાઘાટોનું નેતૃત્વ કરી રહ્યા હતા.

શું વિલીનીકરણ હવે થશે તે અંગે પૂછવામાં આવતા શરદ પવારે કહ્યું કે 'હાલમાં પ્રાથમિકતા એકબીજાને ટેકો આપવાની છે અને પછી આગળ કેવી રીતે વધવું તે નક્કી કરવામાં આવશે. અમે કોઈની સાથે રાજકીય ચર્ચા નથી કરી રહ્યા.'. (પીટીઆઈ)■

## 'સુનેત્રા પવારે જ એનસીપીનું નેતૃત્વ કરવું જોઈએ'

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે જ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું નેતૃત્વ કરવું જોઈએ કારણ કે એનસીપી કાર્યકરોની એવી ઇચ્છા છે એમ વિધાન સભ્ય પ્રતાપ ચિખલીકરે જણાવ્યું છે. વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અસ્થિઓનું વિસર્જન કરતા પહેલા તેઓ મંગળવારે નાંદેડમાં સંવાદદાતાઓ સાથે વાત કરી રહ્યા હતા.

એનસીપી નેતાએ વધુમાં જણાવ્યું હતું કે 'સુનેત્રા પવારને એનસીપીનું નેતૃત્વ કરવા અમે બધાએ વિનંતી કરી છે.' મુંબઈની બેઠકનો ઉલ્લેખ કરી ચિખલીકરે જણાવ્યું હતું કે પ્રફુલ પટેલ સહિત તેમના વરિષ્ઠ નેતાઓ અને ત્યાં હાજર અન્ય લોકોનો અભિપ્રાય હતો કે સુનેત્રા પવારને જ સંગઠનના અધ્યક્ષ બનાવવામાં આવે. અજિત પવારના મૃત્યુના થોડા દિવસો પછી જ સુનેત્રા પવારને ડેપ્યુટી સીએમ તરીકે નિયુક્ત કરવાના નિર્ણયની તરફેણ કરી વિધાનસભ્યએ જણાવ્યું હતું કે 'એ સાચું છે કે નિર્ણય ઉતાવળમાં લેવામાં આવ્યો હતો, પરંતુ જો આપણે પરિવારની સંભાળ રાખવા માગતા હોઈએ, તો આપણે કોઈને નેતૃત્વ સોંપવું પડશે. દરેકની લાગણીઓનો આદર કરી તેમણે આ જવાબદારી સ્વીકારી.'(પીટીઆઈ)■

## મેયર, ડેપ્યુટી મેયર સહિત સમિતિના અધ્યક્ષ માટે નવાં વાહનોની ખરીદી

### પાલિકાની તિજોરીને અઢી કરોડનો ફટકો પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના મેયર અને ડેપ્યુટી મેયર માટે આગામી અઠવાડિયા ચૂંટણી થવાની છે અને ત્યારબાદ વૈધાનિક સમિતિ અને વિશેષ સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી પાર પડવાની છે. તેથી મેયર સહિત નવા ચૂંટાઈ આવનારા સમિતિના અધ્યક્ષો માટે લગભગ અઢી કરોડ રૂપિયાના ખર્ચે નવા વાહનો ખરીદવામાં આવવાના છે. તેમાં મેયર માટે નવી ઈનોવા ખરીદી કરવામાં આવી છે. તો ડેપ્યુટી મેયર સહિત સમિતિના અધ્યક્ષો માટે સ્કૉર્પિયો ગાડી રહેશે અને તેના પર ખાસ ભગવા કલરની પટ્ટીઓની ડિઝાઈન કરવામાં આવી છે.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પાર પડયા બાદ હવે મેયર અને ડેપ્યુટી મેયર પદ માટેની ચૂંટણી ૧૧ ફેબ્રુઆરીના થવાની છે. ત્યારબાદ સ્થાયી સમિતિ, શિક્ષણ, સુધાર તેમ જ બેસ્ટ સમિતિના અધ્યક્ષની ચૂંટણી થવાની છે. ત્યારબાદ વિશેષ સમિતિ અને ૧૮ પ્રભાગની ચૂંટણી થશે. તેથી છેલ્લાં ચાર વર્ષમાં નગરસેવક અને મેયર ન હોવાથી અગાઉનાં વાહનોનો ઉપયોગ પાલિકાના અધિકારીઓ જ કરી રહ્યા હતા. તેથી હવે નવા ચૂંટાઈ આવનારા મેયર તેમ જ ડેપ્યુટી મેયર સહિતના લોકો માટે નવાં વાહનોની ખરીદીની પ્રક્રિયા પાલિકાના ઘનકચરા વ્યવસ્થાપન વિભાગ દ્વારા પાર પાડવામાં આવી હતી. મેયર માટે નવી ઈનોવા -એન ગાડીની ખરીદી કરવામાં આવી રહી છે, જેની કિંમત લગભગ ૩૦ લાખ રૂપિયાની આસપાસ છે. આ ગાડી ઈવી તેમ જ પેટ્રોલ પર આધારિત છે. આ પ્રકારની ઈનોવા ગાડી હાલ એડિશનલ કમિશનર કરી રહ્યા છે. તો વૈધાનિક અને વિશેષ સમિતિના અધ્યક્ષ માટે સ્કૉર્પિયો ગાડીનો ઉપયોગ થવાનો છે. એક ગાડીની કિંમત લગભગ ૧૮ લાખ રૂપિયા છે. તેના પર ખાસ ભગવા કલરની પટ્ટીઓની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. તમામ ગાડીઓ માટે બે કરોડ ૧૬ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે. ■

## પ્રોપર્ટી ટેક્સ ડિફોલ્ટરો સામે આકરાં પગલાં લેવાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં અનેક રહેવાસીઓને કમર્શિયલ પ્રોપર્ટી ધારકોએ અનેક વખત નોટિસ મળ્યા બાદ પણ હજી સુધી તેમનો પ્રોપર્ટી ટેક્સ પાલિકાને ચૂકવ્યો નથી. તેથી પ્રોપર્ટી ટેક્સ ડિફોલ્ટરોને જો તરત તેમનો ટેક્સ ચૂકવ્યો નહીં તો તેમની સામે આકરાં પગલાં લેવામાં આવશે એવી ચેતવણી થાણે પાલિકા પ્રશાસને આપી છે.

થાણે પાલિકામાં છેલ્લા એક-બે મહિનાથી પ્રોપર્ટી ટેક્સની વસૂલી અપેક્ષા કરતાં ઓછી થઈ રહી હોવાથી નારાજ થયેલા થાણે પાલિકાના કમિશનર સૌરભ રાવે જે લોકો ટેક્સ ચૂકવતા નથી તેવા રેસિડેન્શિયલ પ્રોપર્ટી ટેક્સ ધારકોના નળના જોડાણ કાપી નાખવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે કમર્શિયલ ડિફોલ્ટરોની પ્રોપર્ટીની જપ્તિ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. વર્ષ ૨૦૨૫-૨૬ના આર્થિક વર્ષમાં પ્રોપર્ટી ટેક્સ વસૂલી માટે કમિશનરે મંગળવારે બેઠક કરી હતી, જેમાં છેલ્લા એક-બે મહિનાથી પ્રોપર્ટી ટેક્સની વસૂલી ઓછી થઈ રહી હોવા બદ્દલ તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. ડિફોલ્ટરો સામે તાત્કાલિક જપ્તિ, વોરન્ટ બજાવવા, નળના જોડાણ કાપી નાખવા, પાણી પુરવઠો ખંડિત કરવા જેવાં આકરાં પગલાં લેવાનો તેમણે નિર્દેશ આપ્યો હતો. કમર્શિયલ(નોન-રેસિડેન્શિયલ) પ્રોપર્ટી બાબતે થાણે પાલિકાએ વિશેષ ઝુંબેશ હાથ ધરી છે,જે ૧૦ ફેબ્રુઆરી સુધી ચાલવાની છે. આ ઝુંબેશ હેઠળ ડિફોલ્ટરોની પ્રોપર્ટી જપ્તિથી લઈને અન્ય આકરાં પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ■

## કુણાલ કામરાને સમન્સ

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાન પરિષદની વિશેષાધિકાર સમિતિએ સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા અને શિવસેના (યુબીટી)ના નેતા સુષ્મા અંધારેને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિરુદ્ધ તેમની કથિત અપમાનજનક ટિપ્પણી બદલ સુનાવણી માટે હાજર રહેવા સમન્સ પાઠવ્યું હતું.

ભાજપના એમએલસી અને વિશેષાધિકાર સમિતિના અધ્યક્ષ પ્રસાદ લાડે જણાવ્યું હતું કે કામરા અને અંધારેને ૧૫ દિવસ પહેલા નોટિસ જારી કરવામાં આવી હતી. તેમને ગુરુવારે બપોરે ૨ વાગ્યે સુનાવણી માટે સમિતિ સમક્ષ હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે. ''જો તેઓ બે સમન્સ પછી હાજર ન થાય, તો સમિતિ તેમની સામે કાર્યવાહીનો નિર્ણય લેશે,'' લાડે કહ્યું.

ભાજપના એમએલસી પ્રવીણ દરેકરે શિવસેના નેતા શિંદે, વિરુદ્ધ 'અપમાનજનક ટિપ્પણીઓ' કરવા બદલ કામરા અને અંધારે વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ દાખલ કરી હતી.

સત્તા વિરોધી વિચારો માટે ઘણીવાર વિવાદમાં રહેતા કામરાએ ગયા વર્ષે એક ગીતની પેરોડીમાં શિંદે પર નિશાન સાધ્યું હતું, અને તેમનું નામ લીધા વિના પરોક્ષ રીતે તેમને દેશદ્રોહી ગણાવ્યા હતા. શિવસેના (યુબીટી) ના નેતા અંધારેએ કામરાને ટેકો આપ્યો હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બ્લુચીપ આઈટી શૅરોના જોરદાર ધોવાણ બાદ બેન્ચમાર્ક માંડ માંડ પોઝિટિવ ઝોનમાં ટકી શક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા સાથેની ટ્રેડ ડીલની અસરે બજારને માંડ માંડ કળ વળી હતી ત્યાં ઇન્ડેક્સ હેવીવેઇટ બ્લુચીપ આઇટી શેરોના જોરદાર ધોવાણને કારણે બજારમાં અફડાતફડી મચી ગઇ અને સેન્સેક્સ ૮૩,૯૪૮ પોઇન્ટની ઊંચી અને ૮૩,૧૨૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ માંડ માંડ પોઝીટીવ ઝોનમાં ટકી શક્યો હતો.

જોકે સતત ત્રીજા દિવસે પણ તેજી જોવા મળી. શરૂઆતના વેપારમાં બંને અગ્રણી સૂચકાંકો ઘટ્યા હતા, પરંતુ સત્ર દરમિયાન નીચા મથાળે ખરીદી વધતાં બજારો ઝડપથી સુધર્યા હતા. મહિનાઓની વાટાઘાટો પછી સોમવારે ભારત અને અમેરિકા વચ્ચે સીમાચિહ્નરૂપ વેપાર કરાર થયા પછી સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. સેન્સેક્સ ૭૮ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા વધીને ૮૩,૮૧૮ પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૪૮ પોઈન્ટ અથવા ૦.૨ ટકા વધીને ૨૫,૭૭૬ પર બંધ થયો. બીએસઇ પર, ૨,૭૧૨ શેર વધ્યા, ૧,૪૯૦ ઘટ્યા અને ૧૬૪ યથાવત રહ્યા.

યુએસ-ઇન્ડિયા ટ્રેડ ડીલ, એઆઇ ડિસરપ્શનની ચિંતા અને અમેરિકા-ઈરાન તણાવમાં વધારા જેવા પરિબળોને કારણે બજારમાં ભારે અફડાતફડી જોવા મળી હતી. જોકે, મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં વેલ્યુ બાઇંગ ચાલુ રહી હતી. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઇલ અને ગેસ, મેટલ્સ અને ઓટો સેક્ટરમાં સેક્ટરલ લેવાલી દેખાઈ હતી. જોકે, એન્થ્રોપિક દ્વારા નવા એઆઇ સંચાલિત ઓટોમેશન ટૂલ્સ રજૂ કર્યા પછી પરંપરાગત આઉટસોર્સિંગની માગમાં ઘટાડો થવાની ચિંતા વચ્ચે આઇટી શેરોમાં નબળાઈને કારણે બજાર અંકુશમાં આવી ગયું હતું. આગળ જતાં, બજારની ચાલનો આધાર રિઝર્વ બેન્કના નીતિ નિર્ણય અને નવા જાહેર કરાયેલા યુએસ-ભારત વેપાર કરાર પરની વધુ સ્પષ્ટતા પર રહેશે.

ઇન્ફોસિસ, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, એચસીએલ ટેક અને ટેક મહિન્દ્રા જેવા સેન્સેક્સના શેરોમાં સાત ટકા જેવા જંગી કડાકા પડ્યા હતા અને સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું. જ્યારે ઇનર્ટલ, ટ્રેન્ટ, એનટીપીસી, અદાણઈ પોર્ટ, પાવર ગ્રીડ અને મારુતિ ટોપ ગેઇનર રહ્યા હતા. એક તબક્કે ટીસીએસના માર્કેટ કેપિટલમાં રૂ. ૭૦,૦૦૦ કરોડનું ધોવાણ નોંધાયું હતું. બુધવારે દલાલ સ્ટ્રીટ પર આઇટી કંપનીઓના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો, નિફ્ટી આઇટી ઇન્ડેક્સ સાત ટકા જેટલો ગગડ્યો અને બજાર મૂલ્યમાં લગભગ બે લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો. માર્ચ ૨૦૨૦ના કોવિડ-૧૯ ક્રેશ પછી આ ક્ષેત્રનો સૌથી મોટો એક દિવસનો ઘટાડો હતો.



પ્રાઇમરી માર્કેટની હલચલમાં ફરી વધારો જોવા મળ્યો છે. એઆઇ સોલ્યુશન પ્રોવાઇડર ફ્રેક્ટલ એનાલિટિક્સ રૂ. ૧૫,૫૦૦ કરોડના આઇપીઓ સાથે બુધવારે મૂડીબજારમાં પ્રવેશ કરી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૫૭થી રૂ. ૯૦૦ છે. જાહેર ભરણું નવમીથી ૧૧મી ફેબ્રુઆરી સુધી ખુલ્લું રહેશે. ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની માહિતી અનુસાર કંપનીના કલાયન્ટ્સમાં માઇક્રોસોફ્ટ, એપલ, એનવિડિઆ, આલ્ફાબેટ, એમેઝોન, મેટા અને ટેસ્લાનો સમાવેશ હતો. નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપની આય ફાઇનાન્સ લિમિટેડ નવમી ફેબ્રુઆરીએ રૂ. ૧૦૧૦ કરોડના આઇપીઓ સાથે બજારમાં પ્રવેશી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૨૨થી રૂ. ૧૨૯ છે અને મિનિમમ લોટ ૧૧૬ શેરનો છે. ભરણું ૧૧મી તારીખે બંધ થશે અને શેરનું લિસ્ટિંગ બીએસઇ તથા એનએસઇ પર થશે. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળાવારે રૂ. ૫૨૩૬.૨૮ કરોડની લેવાલી નોંધાવી હતી. જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારા (ડીઆઇઆઇ)એ રૂ. ૧૦૧૪.૨૪ કરોડની લેવાલી કરી હતી. નોંધવું રહ્યું કે, ભારત-અમેરિકાના સીમાચિહ્નરૂપ વેપાર કરારને પ્રતાપે બજારમાં પાછલા સત્રમાં મંગળવારે તેજીનો જુવાળ જોવા મળ્યો હતો. યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે અણધારી રીતે વેપાર કરારની જાહેરાત કરી હતી, જેમાં ભારતીય માલ પરના પારસ્પરિક ટેરિફ ઘટાડીને ૧૮ ટકા જાહેર કરવામાં આવ્યા હતા. આ જાહેરાતને પગલે સત્રમાં તેજીના ઉછાળા સાથે ૪,૨૦૫.૨૭ પોઈન્ટ અથવા ૫.૧૪ ટકાની દિવસની ૮૫,૮૭૧.૭૩ ટોચ બનાવ્યા બાદ સેન્સેક્સ ૨,૦૭૨.૬૭ પોઈન્ટ અથવા ૨.૫૪ ટકાના વધારા સાથે ૮૩,૭૩૯.૧૩ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી દિવસ દરમિયાન, તે ૧,૨૫૨.૮ પોઈન્ટ અથવા ૪.૯૯ ટકા વધીને ૨૬,૩૪૧.૨૦ની ઊંચી સપાટીને સ્પર્શ્યા બાદ અંતે ૬૩૯.૧૫ પોઈન્ટ અથવા ૨.૫૫ ટકાના વધારા સાથે ૨૫,૭૨૭.૫૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. શેરબજારમાં ભારે અફડાતફડી વચ્ચે આઇટી અને ફાર્મા સિવાયના ક્ષેત્રોમાં સારી લેવાલી જોવા મળી હતી. આઈટી, ફોકસ્ડ આઈટી અને હેલ્થકેર સિવાય બધા ઈન્ડેક્સ વધ્યા હતા. જ્યારે યુટિલિટીઝ અને ઓઈલ-ગેસ શેરોમાં ઉછાળો જોવા મળ્યો હતો. માર્કેટ કેપમાં રૂ.૨.૦૨ લાખ કરોડનો વધારો થયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈટર્નલ ૫.૨૨ ટકા, ટ્રેન્ટ ૪.૯૮ ટકા, એનટીપીસી ૨.૪૪ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૩૬ ટકા, પાવર ગ્રીડ ૨.૧૫ ટકા, મારુતિ ૧.૭૪ ટકા, ટાઈટન ૧.૬૪ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૪૬ ટકા, ભારતી એરટેલ ૧.૪૧ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૩૭ ટકા અને રિલાયન્સ અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૩૦ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ફોસિસ ૭.૧૯ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૬.૯૫ ટકા, એચસીએલ ટેકનોલોજી ૪.૨૨ ટકા, ટેક મહિન્દ્ર ૪.૧૨ ટકા, એક્સિસ બેન્ક ૧.૨૭ ટકા કોટક બેન્ક ૦.૭૫ ટકા અને બજાજ ફાઈનાન્સ ૦.૧૨ ટકા ઘટ્યા હતા.

બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૩,૭૩૯.૧૩ના બંધથી ૭૮.૫૬ પોઈન્ટ્સ (૦.૦૯ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૩,૨૫૨.૦૬ ખૂલી નીચામાં ૮૩,૧૧૯.૯૫ અને ઊંચામાં ૮૩,૯૪૭.૫૩ સુધી જઈને છેવટે ૮૩,૮૧૭.૬૯ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૩ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે સાત સ્ક્રિપ્સ ઘટી હતી. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૭.૧૪ લાખ કરોડથી રૂ.૨.૦૨ લાખ કરોડ વધીને રૂ.૪૬૯.૧૬ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડેક્સમાં માત્ર આઈટી ઈન્ડેક્સ ૫.૦૬ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૩૭ ટકા અને હેલ્થકેર ૦.૧૪ ટકા ઘટ્યા હતા, જ્યારે મુખ્યત્વે યુટિલિટીઝ ૨.૭૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૩૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૩૬ ટકા, પાવર ૨.૧૮ ટકા, એનર્જી ૧.૯૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૫૬ ટકા, મેટલ ૧.૨૭ ટકા, ઓટો ૧.૨૨ ટકા, રિયલ્ટી ૧.૧૯ ટકા અને કોમોડિટીઝ ૧.૧૧ ટકા વધ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૬૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૨,૬૬૭ સ્ક્રિપ વધી હતી, ૧,૫૩૫ સ્ક્રિપ ઘટી હતી અને ૧૬૪ સ્ક્રિપ સ્થિર રહી હતી. ૮૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૯૦ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૦ સ્ક્રિપને ઉપલી અને ૮ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૬૧ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૫૪ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૧ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૩ ટકા વધ્યો હતો.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૭૭.૧૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૩૬૯ સોદામાં ૧,૬૪૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૮,૨૦,૨૪૭ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૨,૧૮,૭૧,૯૭૪.૫૦ કરોડનું રહ્યું હતું.

# ક્રૂડતેલમાં ભાવ વધી આવતા ડૉલર સામે રૂપિયો ૧૫ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા સાથેની ટ્રેડ ડીલના પ્રોત્સાહક અહેવાલે ગઈકાલે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૧૭ પૈસાનો ઉછાળો આવ્યા બાદ આજે કોર્પોરેટ ક્ષેત્ર ઉપરાંત આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળવાની સાથે વિશ્વ બજારમાં ગઈકાલે અમેરિકા-ઈરાન વચ્ચેનો તણાવ સપાટી પર આવતા ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૬૬ ડૉલરની પાર ગયા હોવાથી આજે રૂપિયામાં વધ્યા મથાળેથી ૧૬ પૈસાની પીછેહઠ જોવા મળી હતી અને ૯૦.૪૭ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકા સાથે ટ્રેડ ડીલના અહેવાલ છે, પરંતુ હજુ સુધી કરાર પર સહીસિક્કા થયા ન હોવાથી બજારમાં સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું.

વધુમાં ગત જાન્યુઆરી મહિનાનો સર્વિસીસ ક્ષેત્રનો પીએમઆઈ આંક આગલા ડિસેમ્બર મહિનાના ૫૮ પૉઈન્ટ સામે વધીને ૫૮.૫૦ની સપાટીએ બંધ રહ્યો હોવાના અહેવાલ હતા. જોકે, આંકમાં જોવા મળેલી વૃદ્ધિ બજારની અપેક્ષા કરતાં ઓછી હોવાથી પણ રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૩૨ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે ૯૦.૩૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૬૪ અને ઉપરમાં ૯૦.૨૬ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૫ પૈસાના ઘટાડા સાથે ૯૦.૪૭ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે સર્વિસીસ પીએમઆઈ આંકમાં બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ તેમ જ ગઈકાલે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા બાદ આજે ધીમો ઘટાડો જોવા મળતાં રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલની સ્થિતિ જોતા રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળી શકે છે તેમ છતાં અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ વધતાં જો ક્રૂડતેલના ભાવ વધે તો રૂપિયો નરમ પડે તેવી શક્યતા નકારી ન શકાય. તેમ છતાં અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૦થી ૯૦.૬૦ આસપાસની રેન્જમાં રહે તેવી અમારી ધારણા છે.

# અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ સપાટી પર આવતા વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૧૮,૪૯૭ ઉછળી, સોનું ₹ ૫૦૯૬ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે મોડી સાંજે અમેરિકા અને ઈરાન વચ્ચે ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સલામતી માટેની માગને ટેકે સોનાના ભાવમાં ૧૭ વર્ષનો સૌથી મોટો એક દિવસીય ૫.૯ ટકાનો ઉછાળો આવ્યો હતો તેમ જ આજે પણ લંડન ખાતે સોનાના ભાવમાં વધુ ૨.૪ ટકાની તેજી આવી હતી અને ચાંદીના ભાવ ૪.૫૦ ટકા વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૭૬થી ૫૦૯૬ વધી આવ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૮,૪૯૭ ઉછળી આવ્યા હતા.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ પુનઃ ચાંદીમાં સટ્ટાકીય આકર્ષણ જામતા હાજરમાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૧૮,૪૯૭ની ઝડપી તેજી સાથે રૂ. ૨,૮૨,૪૬૨ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે તેજીના માહોલમાં માત્ર ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ જોવા મળી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૦૭૬ વધીને રૂ. ૧,૫૫,૯૯૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૦૯૬ વધીને રૂ. ૧,૫૬,૬૨૫ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં માત્ર રોકાણલક્ષી છૂટીછવાઈ માગ રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે ન્યૂયોર્ક ખાતે સોનાના ભાવમાં ૫.૯ ટકાનો ઉછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવ વધુ ૨.૪ ટકા વધીને ઔંસદીઠ ૫૦૫૭.૫૦ ડૉલર અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ત્રણ ટકા વધીને ૫૦૮૦.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૪.૫ ટકા વધીને ઔંસદીઠ ૮૮.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે બજારમાં અમેરિકી ફેડરલ રિઝર્વની સ્વાયત્તતા સામેના પ્રશ્નાર્થ ઉપરાંત ગઈકાલે અમેરિકી લશ્કરે અરબી સમુદ્રમાં અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર તરફ આવતા ડ્રોનને તોડી પાડ્યું હોવાનું જણાવતાં ભૂરાજકીય તણાવ સપાટી પર આવ્યો હતો અને કિંમતી ધાતુઓમાં સલામતી માટેની પ્રબળ માગ રહેતાં ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું વિસ્ડમ ટ્રીનાં સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે જણાવ્યું હતું.

જોકે, હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના ખાનગી રોજગારના ડેટા પર સ્થિર થઈ છે. તેમ છતાં આ વર્ષે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજજદરમાં કાપ મૂકીને હળવી નાણાનીતિ અપનાવે તેવા આશાવાદને ધ્યાનમાં લેતા આ વર્ષના અંત સુધીમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૬૨૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ વ્યક્ત કરી હતી.

# નિકલ, બ્રાસ અને કોપરની અમુક વેરાઈટીઓમાં આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. ચારના ઘટાડાને બાદ કરતાં કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો, જ્યારે ટીન, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને માગ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી ૨૫ ઘટી આવ્યા હતા અને એલ્યુમિનિયમમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૬૧૦, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને અનુક્રમે રૂ. ૧૨૨૫ અને રૂ. ૧૨૧૨, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૨૩૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૭૩૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૩૦૦ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૮૪૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૪૭૦૦, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૯૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૧૧૬ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૨૯ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૨૦ અને રૂ. ૨૪૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ખાંડમાં મથકોથી વિપરીત મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની પ્રબળ માગ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ તથા ગુણવત્તાને ધ્યાનમાં લેતાં હાજર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્મોલ ગ્રેડ અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૦ અને રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ઉપલા મથાળેથી બન્ને ગ્રેડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૫ ઘટી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૭૦થી ૩૯૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૪૨માં ગુણવત્તાનુસાર થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૫થી ૩૮૫૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૫થી ૩૯૫૫માં થયા હતા.



# દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૨૯ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં સાત રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૫, અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૧ અને ગોકુલ એગ્રો તથા ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૨૫ અને રૂ. ૧૩૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા હતા.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૯૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૩૬,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર દેશાવરો અને સ્ટોકિસ્ટોની માગ જળવાઈ રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૬૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં થયા હતા.

વધુમાં આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૫, સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦, સિંગતેલના રૂ. ૧૭૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સરસવના રૂ. ૧૫૨૫ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ગુજરાત હાઈ કોર્ટના આદેશના પગલે કંડલા બંદર પર માલની ઓછી ડિલિવરી બદલ એમ.વી. નિકેટોર જહાજની અટક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વડોદરાની એક ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા કરવામાં આવેલા દાવા બાદ પશ્ચિમ કાંઠાના મહાબંદર કંડલા પર આવેલા એક માલવાહક જહાજને નામદાર ગુજરાત હાઈ કોર્ટના આદેશથી અટકાયતમાં લેવાતાં શિપિંગ જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, કંડલા બંદર ખાતે લાંગરેલા, માર્શલ આઈસલેન્ડના એમ.વી નિકેટોર નામના બલક કેરિયર જહાજને જપ્ત કરવાનો હુકમ ગુજરાત હાઈ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. વડોદરાસ્થિત નંદેસરી ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા જહાજ વિરુદ્ધ કંપનીએ ફરિયાદ નોંધાવી હતી જેમાં ઓમાનના સોહાર બંદરથી કંડલા મગાવવામાં આવેલા જથ્થાના પ્રમાણમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આ મામલે ન્યાયમૂર્તિ એન.આર. મહેતાએ જહાજને અન્ય આદેશ ન થાય ત્યાં સુધી કંડલા બંદરે જ રોકી રાખવા અને તેની અટકાયત કરવા માટે પોર્ટ ઓફિસર તથા કસ્ટમ્સ સત્તાવાળાઓને ઈ-મેલ દ્વારા તાકીદ કરી છે. વડોદરાની કંપનીએ ઓમાનથી અંદાજે ૯,૮૦૦ મેટ્રિક ટન બ્રાઈટ યલો ક્રૂડ સલ્ફેટનો જથ્થો મંગાવ્યો હતો. જહાજના કેપ્ટન દ્વારા આપવામાં આવેલી પહોંચ મુજબ માલ પૂરેપૂરો હોવાનું જણાવાયું હતું, પરંતુ ગત ૨૮ જાન્યુઆરીના રોજ જ્યારે કંડલા બંદરે માલનું વજન કરવામાં આવ્યું ત્યારે તેમાં ૪૦૭.૩ મેટ્રિક ટન જેટલો જથ્થો ઓછો માલૂમ પડ્યો હતો. આ ઓછી ડિલિવરીના કારણે કંપનીને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું હોવાનું જણાવી હાઈ કોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. હાઈ કોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે જો જહાજ માલિકો અથવા જવાબદાર પક્ષ અદાલતમાં કુલ રૂ. ૨,૮૯,૬૩,૦૨૨ જમા કરાવે તો જ આ જપ્ત કરવાની કાર્યવાહી રોકી શકાશે. આ રકમમાં માલની કિંમત, કસ્ટમ ડ્યુટી, ટેક્સ અને કાયદાકીય ખર્ચનો સમાવેશ થાય છે. કોર્ટે જહાજના એન્જિન, મશીનરી અને ઉપકરણો સહિત તમામ મિલકત જપ્ત કરવા માટે રજિસ્ટ્રારને વોરંટ ઈસ્યુ કરવા નિર્દેશ આપ્યો છે. હાલમાં આ જહાજ કંડલા બંદરની ભારતીય જળસીમામાં જ છે અને અદાલતે આ કેસની વધુ સુનાવણી ૬ ફેબ્રુઆરી પર મુલતવી રાખી છે. કચ્છના બંદરીય વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં આ કેસ હાલ ચર્ચાનો વિષય બન્યો છે. ■



જૂનાગઢ ગિરનાર શિવરાત્રી મેળામાં હવે થોડા દિવસ બાકી છે ત્યારે સાધુ સંતોનું આગમન શરૂ થઈ ગયું છે. સાધુ સંતો દ્વારા ધોળા બનાવવાની કામગીરીનો પ્રારંભ થયો છે.

(તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# જૂનાગઢ જિલ્લા કલેક્ટરે મહાશિવરાત્રી મેળાના સમગ્ર રૂટનું નિરીક્ષણ કર્યું, યાત્રાળુઓની સુવિધાના નિર્દેશ આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ શહેરમાં ગરવા ગિરનારની ગોદમાં અને ભવનાથ તળેટીમાં યોજાતો પારંપરિક મહાશિવરાત્રીનો મેળો વધુ ભવ્યતા અને દિવ્યતા પ્રાપ્ત કરવા જઈ રહ્યો છે, ત્યારે આજે આ મેળાની વિશેષ તૈયારીઓના ભાગરૂપે જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવાસિયાએ ગિરનાર દરવાજાથી ચાલીને ભવનાથ મંદિર સુધી અને રવેડીના રૂટનું ચાલીને જાત નિરીક્ષણ કર્યું હતું. કલેક્ટરની સાથે અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા. મેળાની વિવિધ કમિટીના અધ્યક્ષોએ કલેક્ટર સાથે ચાલીને રૂટનું નિરીક્ષણ કર્યું હતું અને રસ્તામાં જ્યાં જ્યાં ભાવિકોની સગવડતાની વિશેષ આવશ્યકતા હતી ત્યાં સંબંધિત અધિકારીને કામગીરી માટે સૂચના આપી હતી. આ રૂટ નિરીક્ષણ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને સાથે રાખીને કરવામાં આવ્યું હતું, મહાશિવરાત્રીના મેળામાં પધારતા ભાવિકોને કેન્દ્રમાં રાખીને તેમને જરૂરી સુવિધાઓ મળી રહે તે માટે જિલ્લા કલેક્ટરશ્રીએ સ્થળ પરથી જ જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા.

જિલ્લા કલેકટરે ખાસ મહાશિવરાત્રીના મેળામાં પધારતા શ્રદ્ધાળુઓ માટે પીવાના પાણી, આરોગ્ય, શૌચાલય પાર્કિંગ, પરિવહન સેવા સહિતના મુદ્દે રૂટ નિરીક્ષણ દરમિયાન સ્થળ પરથી જ જરૂરી સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત મહાશિવરાત્રીનો મેળાની જે ભવ્યતા વધવાની છે તેના સંદર્ભમાં સુશોભન લાઇટિંગ વગેરે માટે પણ જિલ્લા કલેકટરે જરૂરી નિર્દેશ આપ્યા હતા. ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધી સમગ્ર મેળાનો વિસ્તાર રહેશે. ૩.૫ કિમી. રોડ પર ગિરનાર દરવાજાથી જ ભવનાથ મંદિર સુધી ભાવિકોને લીંબુપાણી છાસ સહિતની



(તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ)

સગવડતા મળી રહે તે માટે સંસ્થાઓ સાથે સંકલન કરાશે. રૂટ ઉપર પણ મેળાની ગરિમા મુજબ સુશોભન કરાશે. મહાશિવરાત્રી મેળાના પ્રથમ દિવસે સાંજે સાધુ સંતોની ભવનાથ પ્રવેશ દ્વારથી ભવનાથ મંદિર સુધીની યોજાનાર ડમરૂ યાત્રા, મહાઆરતી અને ધર્મસભા ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમને આખરી ઓપ આપવાના સંદર્ભમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટરે ગિરનાર દરવાજાથી રૂટ નિરીક્ષણ શરૂ થયું હતું. જે દરમિયાન દામોદર કુંડ, રામટેકરી સર્કલ, રવેડીનો જે વધારવામાં આવ્યો છે તે નવો રૂટ, મૃગીકુંડ સહિતની જગ્યાના નિરીક્ષણ દરમિયાન ભાવિકોને અગવડતા ન પડે તે માટે પરામર્શ કરવામાં આવ્યો હતો અને સંલગ્ન અધિકારીઓને જરૂરી ફેરફારો કરવા માટે પણ નિર્દેશ આપ્યા હતા. ■

# કચ્છના માલધારીના ખારાઈ ઊંટ મહારાષ્ટ્રના નંદુરબારમાં કાયદાની આંટીઘૂંટીમાં ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મહારાષ્ટ્ર, છત્તીસગઢ, તેલંગાણા અને છેક આંધ્ર પ્રદેશ સુધી પોતાના પશુધનને ચરાવવા માટે ભાતીગળ પ્રદેશ કચ્છના સેંકડો રબારી માલધારી પરિવારો સતત સ્થાળાંતર કરતા હોય છે અને તેમના માલ-સામાન ઉપરાંત પશુના બચ્ચાંઓને લઇ જવા માટે અફાટ સમુદ્રમાં લાંબા અંતર સુધી તરી શકવાની ક્ષમતા ધરાવતી વિશ્વની એકમાત્ર ઊંટ જાતિ તરીકે પ્રખ્યાત ખારાઈ ઊંટનો મોટાપાયે ઉપયોગ કરે છે.પોતાના પશુધન સાથે મહારાષ્ટ્ર પહોંચેલા કચ્છના લખપત તાલુકાના જાડવા ગામના રબારી ભારા મંગુ અને તેમના પુત્ર રબારી મંગલ ભારા વિરુદ્ધ નંદુરબાર જિલ્લાના શહાદા પોલીસ મથકમાં ફરિયાદ નોંધીને તેમના ૩૨ જેટલા ઊંટને કતલના ઇરાદે લઇ આવ્યા હોવાની આશંકામાં જપ્તી કરી હતી, પોલીસ નિગરાની હેઠળ રાખવામાં આવતાં આ કચ્છી માલધારી પરિવાર ભારે તકલીફમાં મુકાયો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા.

તપાસકર્મી પોલીસ ટુકડીએ આ ઊંટ કતલ માટે નહીં, પરંતુ મહારાષ્ટ્રમાં વસતા રબારી માલધારીઓને માઈગ્રેશનમાં ઉપયોગ કરવા માટે લઈ જાય છે, તેવો સ્પષ્ટ રિપોર્ટ રજૂ કરતાં કોર્ટે ઊંટને મુક્ત કરવાનો ઓર્ડર આપ્યો હતો, પરંતુ ફરિયાદીઓ વારંવાર અપીલમાં જતાં હોઈ આ મામલો હજુ પણ અદાલત સમક્ષ પેન્ડિંગ છે. ■

## ગાંધીધામમાં બે મોટરસાઇકલ ટકરાતાં રસ્તા પર ફંગોળાયેલા યુવાન પર ટ્રક ફરી વળતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામના ટ્રાન્સપોર્ટ નગર પાસે બે મોટરસાઇકલ ટકરાતાં માર્ગ પર ફંગોળાયેલા અજયકુમાર રામકુમાર પુરીલ (ઉ.વ.૨૯) પરથી બાજુમાં પસાર થતી ટ્રક ફરી વળતાં તેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત થયું હતું. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંધીધામના ભારત નગર વિસ્તારમાં રહેનાર અજયકુમાર સવારે ગળપાદર તરફથી પોતાની મોટરસાઇકલ (નંબર જીજે-૧૨-સીસી-૭૮૧૧) પર ઘર પરત આવી રહ્યો હતો, ત્યારે સામેથી આવતી અન્ય મોટરસાઇકલ સાથે ટક્કર થતાં અજયકુમાર રસ્તા પર ફંગોળાયો હતો, તેવામાં ત્યાંથી પસાર થનાર ટ્રકના તોતિંગ પૈડાં યુવકના માથા પરથી ફરી વળતાં તેનું કમકમાટીપૂર્ણ મોત થયું હતું. પોલીસે બનાવ અંગે નોંધ કરી, ફરિયાદ નોંધવા સહિતની આગળની વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભુજમાં સગીરા સાથે અડપલાં કરવાના મામલે આરોપીને બે વર્ષની સખત કેદઃ ૨૦ હજારનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એકાદ વર્ષ અગાઉ ભુજમાં ઘરે ઘૂસીને સગીરા સાથે અડપલાં કરવાના પ્રકરણમાં આરોપી કરણ મનજી સોલંકીને સ્પેશિયલ પોક્સો કોર્ટે તક્સીરવાન ઠેરવીને બે વર્ષની સખત કેદ તથા ૨૦ હજારનો દંડ ફટકારતાં ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો. એકાદ વર્ષ પૂર્વે એ-ડિવિઝન પોલીસ મથકે સગીરાના પિતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની ૧૬ વર્ષની પુત્રી ઘરે હતી ત્યારે આરોપી કરણે પાછળના દરવાજામાંથી અંદર આવી શારીરિક અડપલાં કરતાં સગીરાએ બૂમાબૂમ કરતાં યુવક નાસી છૂટયો હતો. અગાઉ પણ સગીરા શાળાએ જતી ત્યારે કરણ તેનો પીછો કરીને પ્રેમ કરતો હોવાનું કહીને છેડતી કરીને પુત્રીને હેરાન-પરેશાન કર્યા કરતો હતો. આ ફરિયાદ બાદ પોલીસે પોક્સો સહિતની વિવિધ કલમ તળે ગુનો દાખલ કરી તપાસના અંતે પૂરતા પુરાવા હોવાથી નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં જજ જે. એ. ઠક્કર સમક્ષ ચાલી જતાં ફરિયાદ પક્ષે ચાર દસ્તાવેજી પુરાવા તથા આઠ સાક્ષી તપાસી વિવિધ કલમમાં આરોપી કરણ મનજી સોલંકી (ઉ.વ. ૨૧, રહે. જૂની રાવલવાડી, ભુજ)ને તક્સીરવાન ઠેરવી બે વર્ષની સખત કેદની સજા તથા ૨૦ હજારનો દંડ જે ભોગ બનનારને વળતર તરીકે ચૂકવવા આદેશ આપ્યો હતો. આ ઉપરાંત ભોગ બનનારને ૫૦ હજારનું વળતર ચૂકવવા ડી.એલ.એસ.ઓ.ને ભલામણ કરવાનો હુકમ કર્યો હતો. ■

# મુંદરા અદાણી બંદરેથી એક જ માસમાં ૨૫,૭૬૨ મોટરકારની નિકાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરા ખાતેના અદાણી પોર્ટ્સ ઍન્ડ સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન લિમિટેડે ઓટોમોબાઇલ નિકાસ ક્ષેત્રે નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે અને છજ્ઞછજ્ઞ (છજ્ઞહહ-જ્ઞક્ષ/છજ્ઞહહ-જ્ઞરર) ટર્મિનલએ ગત જાન્યુઆરી ૨૦૨૬માં ૨૫,૭૬૨ જેટલી મોટરકારની નિકાસ કરીને માસિક સર્વાધિક રેકોર્ડ નોંધાવ્યો હતો.

આ અગાઉના મે ૨૦૨૪ના ૨૪,૪૮૯ કારના વિક્રમને વટાવી દીધો છે. આ ઉપરાંત, એક જ જહાજમાં ૫,૭૦૧ કારના કાર્ગોને હેન્ડલ કરીને પણ નવો રેકોર્ડ સ્થાપિત કરીને નવેમ્બર ૨૦૨૫માં થયેલા ૫,૬૨૨ કારના કાર્ગોના હેન્ડલિંગના અગાઉના બેન્ચમાર્કને પણ પાર કરી દીધો હતો.

ટર્મિનલ પરના આ ઓપરેશન દરમિયાન સુરક્ષા, સલામતી અને કાર્યક્ષમતાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખીને યાર્ડથી જહાજ સુધી કારના બેચનું સરળ પરિવહન કરવામાં આવ્યું હતું.

ભારતમાં ઉત્પાદિત થઇ રહેલી મોટરકારો સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, ફ્રાન્સ, ઇજિપ્ત, ઇન્ડોનેશિયા, જાપાન, મોરેશિયસ અને ગલ્ફ દેશો સહિત વિવિધ આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચી રહી છે. આ વધતી નિકાસે મુંદરા અદાણી બંદરને ભારતના ઓટોમોબાઇલ નિકાસ માટે મુખ્ય હબ તરીકે સ્થાપિત કર્યું છે અને ભારતીય ઓટોમોબાઇલ ઉદ્યોગની વૈશ્વિક સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવી છે. બીજી તરફ, મુંદરા લિક્વિડ ટર્મિનલે પણ જાન્યુઆરી ૨૦૨૬માં ૧.૧૨૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગોને સફળતાપૂર્વક હેન્ડલ કરીને નવો વિક્રમ નોંધાવી, ભારતના વેપાર અને નિકાસ વૃદ્ધિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ■

# રાજસ્થાનના યુવક સાથે સસ્તાં સોનાના નામે ૨૯ લાખની છેતરપિંડી કરનારી ભુજની ગેંગનો ફરાર સાગરીત ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વૈશ્વિક બજાર ભાવની તુલનાએ ઓછી કિંમતે ૨૪ કેરેટનું શુદ્ધ સોનું આપવાના નામે લોકો સાથે ઠગાઈ કરતી રહેતી કચ્છની કુખ્યાત ગેંગ દ્વારા થોડા દિવસો પૂર્વે એક રાજસ્થાની યુવક સાથે રૂ.૨૯ લાખની છેતરપિંડી કરવાના પ્રકરણમાં ફરાર આરોપી એવા અનવરખાન આમદખાન પઠાણની સ્થાનિક ગુનાશોધક શાખાએ ધરપકડ કરી લીધી હતી.

આ અંગે એલ.સી.બી.ના પોલીસ સબ ઇન્સ્પેકટર એચ.આર.જેઠી પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, સસ્તાં ઈમ્પોર્ટેડ સોનાંની લાલચ આપી, ખોટાં નામની ઓળખ સાથે રાજસ્થાનના સીકર જિલ્લાના શાબાઝ ગુલામ મુર્તઝા ચૌહાણને વિશ્વાસમાં લઈને યોગેશ અને હાજી સાહેબ નામ ધારણ કરનારા રમજુ કામસશા શેખ અને અનવરખાન આમદખાન પઠાણ (રહે. બંને ભુજ) અને સમાધાનના મુદ્દે વચેટિયાની ભૂમિકા ભજવનાર આમદશા જુસબશા શેખ (રહે. ધમડકા, તા. અંજાર) વિરુદ્ધ ૨૯ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાયા બાદ ગણતરીના કલાકોમાં જ રમજુ તથા આમદશાને રોકડા રૂ. ૨૪ લાખ સાથે ઝડપી લીધા હતા, જયારે ફરાર થઇ ગયેલા ત્રીજા આરોપી અનવરખાનને પૂર્વ બાતમીના આધારે ભુજની મુસ્લિમ એજ્યુકેશન ચોકડી પાસેથી ઝડપી લેવામાં આવ્યો હતો. ■

# ચોટીલાના ડેપ્યુટી કલેક્ટરે સરકારની ખાતરીની ઐસીતૈસી કરીને ગૌશાળા તોડી પાડતાં હાઈ કોર્ટ લાલઘૂમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચોટીલાના ડેપ્યુટી કલેક્ટરે સરકારની ખાતરીની ઐસીતૈસી કરીને ગૌશાળા તોડી પાડતાં હાઈ કોર્ટ લાલઘૂમ થઈ હતી. હાઈ કોર્ટે પક્ષકારોને ગાયો માટે ટેમ્પરરી સ્ટ્રક્ચર ઊભું કરીને તેના ફોટો કોર્ટ સમક્ષ મૂકવા જણાવ્યું હતું, સાથે જ સ્ટેટસ જાળવી રાખવા માટે હુકમ કરવામાં આવ્યો હતો.

આ કેસમાં અરજદારે હાઈ કોર્ટમાં રજૂઆત કરી હતી કે કોઈપણ જાતની નોટિસ વિના તંત્રએ શિયાળાની ઋતુમાં ગૌશાળાનો શેડ કાઢી નાખ્યો હતો. અરજદારે સ્વીકાર્યું હતું કે તેમનું બાંધકામ સરકારી જમીન પર છે પરંતુ તેના પર ૮૦ વર્ષથી કબજો છે, જેથી કોઈ નોટિસ પણ બતાવવામાં કે આપવામાં આવી નથી. સામે પક્ષે સરકારી વકીલે કહ્યું હતું કે લેન્ડ ગ્રેબિંગ એક્ટ અંતર્ગત નોટિસ અપાઈ હતી. ટ્રસ્ટનું કહેવું હતું કે નોટિસ મળી જ નથી, જે બાબતે કોર્ટે કહ્યું કે શિયાળામાં તેઓ ગાય ક્યાં મૂકશે.

આ ઉપરાંત અરજદાર ટ્રસ્ટને આશ્વાસન મળ્યું હતું કે હાલ કોઈ એક્શન લેવામાં આવશે નહીં, પણ તેમ છતાં ૧ વાગ્યે ગૌશાળા તોડી પાડવાનો વીડિયો તેમના અસીલ તરફથી મળ્યો હતો. હાઈ કોર્ટે પક્ષકારોને ગાયો માટે ટેમ્પરરી સ્ટ્રક્ચર ઊભું કરીને તેના ફોટો કોર્ટ સામે મૂકવાનો નિર્દેશ હતો. કોઈ નોટિસ વગર બાંધકામો તોડવાની કામગીરી કરવામાં આવતા દેખીતી રીતે જવાબદાર ઓથોરિટી દ્વારા કાયદાનું ઉલ્લંઘન કરાયું હતું. જે બાદ કોર્ટે મામલતદારને ટકોર કરી કે, ‘કોઈપણ પ્રોસિડિંગ વગર તમે જે હુકમ કર્યો છે એ શંકાસ્પદ છે. બાકીની ૧૩ વર્ષ નોકરી કરવાની છે કે કેમ, તમે જવાબ આપશો કે પ્રોસિડિંગ કેમ ના થઈ, નોટિસ વગર બાંધકામ કેમ તોડી પાડ્યું, તમારી સામે ખાતાકીય પગલાં પણ લેવાઈ શકે છે, તેવા સવાલ કોર્ટે કર્યા હતા. કોર્ટ સમક્ષ પણ ખોટું બોલ્યા છો તમે ભવિષ્યમાં સસ્પેન્ડ પણ થઈ શકો છો. તમને જે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે એનો ખુલાસો આપો, નહીં તો તમારી સામે તપાસના ઓર્ડર કરવામાં આવશે. આ અંગે વધુ સુનાવણી ૦૯ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવશે.

અરજદારના વકીલે હાઈ કોર્ટને જણાવ્યું હતું કે ડેપ્યુટી કલેક્ટર એચ ટી મકવાણા જાતે જ ઘણું બધું વિચારે છે. તેઓ સરકારનું જોરદાર કામ કરવાનો દેખાડો કરે છે, કાયદો હાથમાં લે છે. ગાડીમાંથી ઊતરે એટલે સિંઘમનાં ગીતો વગાડે છે. ■

# સુરેન્દ્રનગર સબ જેલમાં કેદીઓ વચ્ચે હિંસક અથડામણઃ ત્રણ કેદી ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાની સબ જેલમાં કેદીઓ વચ્ચે થયેલી અથડામણને કારણે જેલ પ્રશાસનમાં ભારે દોડધામ મચી ગઈ હતી. જેલની અંદર જ રીઢા કેદીઓએ એકબીજા પર ઘાતક હથિયારો વડે હુમલો કરતા ત્રણ કેદીઓ લોહીલુહાણ થયા હતા. ઇજાગ્રસ્ત થયેલા યાકુબ પઠાણ, અજીત મકવાણા અને ચેતનસિંહને તાત્કાલિક સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, પૈકી એક કેદીની હાલત વધુ ગંભીર જણાતા તેને વધુ સારવાર અર્થે રાજકોટ રીફર કરવામાં આવ્યો છે.

આ હુમલાની ઘટના પાછળ જેલમાં ક્ષમતા કરતા વધુ કેદીઓનો ભરાવો હોવાનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. સુરેન્દ્રનગર સબ જેલની કુલ ક્ષમતા ૧૨૫ કેદીઓની છે, જેની સામે હાલ ૩૦૦થી વધુ કેદીઓને ત્યાં રાખવામાં આવ્યા છે. ધ્રાંગધ્રાની જેલ બંધ થતા ત્યાંના કેદીઓને પણ અહીં શિફ્ટ કરાતા અવારનવાર ઘર્ષણના બનાવો બની રહ્યા છે. પ્રાથમિક તપાસમાં એવું પણ બહાર આવ્યું હતું કે, જેલમાં સવલતો ન મળતી હોવાથી જેલનું તંત્ર ખોરવવા અને જેલની બહાર આવવાના કાવતરાના ભાગરૂપે આ હુમલો કરાયો હોઈ શકે છે.

ઘટનાને પગલે સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. ઇજાગ્રસ્ત કેદીઓ ગંભીર ગુનાના આરોપીઓ હોવાથી હોસ્પિટલમાંથી નાસી ન જાય તે માટે સિટી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

બીજી તરફ, જેલના ઉચ્ચ અધિકારીઓએ જેલની મુલાકાત લઈ તપાસ શરૂ કરી છે. જેલની અંદર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગાડનારા કેદીઓની ઓળખ કરી લેવામાં આવી છે.

હુમલાની ઘટના બાદ જેલ પ્રશાસને હવે કડક વલણ અપનાવતા માથાભારે કેદીઓની યાદી તૈયાર કરી છે. આ તોફાની કેદીઓને ટૂંક સમયમાં અમદાવાદની સાબરમતી જેલ અથવા રાજ્યની અન્ય જેલોમાં ટ્રાન્સફર કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાને પણ આ અંગે રજૂઆત કરવામાં આવી છે, જેથી જેલની શિસ્ત જળવાઈ રહે અને ભવિષ્યમાં આવા બનાવો અટકાવી શકાય. ■

# જૂનાગઢમાં ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ગાય સહિત પશુઓના મૃતદેહો, વિપક્ષે કરી ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં આવેલા મહાનગરપાલિકાની ડમ્પિંગ સાઈટ મામલે વિવાદ જાગ્યો છે. વિપક્ષોએ આ મામલે તંત્રને આડે હાથ લીધું છે તો હિન્દુ સંગઠનોમાં પણ રોષ જોવા મળ્યો હતો.

અહીંની ડમ્પિંગ સાઈટમાં ગાયો સહિતનાં પશુઓના મૃતદેહ અવાર નવાર દેખાયા કરે છે. ખાસ કરીને ગાયોના મૃતદેહો ગમે તેમ રઝળતા મુકાતા હોવાથી વિપક્ષોએ સ્થાનિક તંત્રને જવાબ દેવા કહ્યું હતું.

આ જગ્યા પર ઊભા રહેવા કે શ્વાસ લેવો પણ અઘરો થઈ પડે તેની સ્થિતિ છે. આસપાસના લોકોએ આ મામલે રજૂઆત કરી હોવા છતાં કોઈ ફરક પડતો ન હોવાની ફરિયાદો સ્થાનિકો પણ કરી રહ્યા છે.

વિપક્ષના નેતાઓએ કરેલા આક્ષેપો અનુસાર પશુઓના મૃતદેહોના નિકાલ માટે અગનભઠ્ઠી એક કરોડના ખર્ચે બનાવવામાં આવી હોવાનો બજેટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ ગાયોના મૃતદેહ આ રીતે રઝળતા છોડવામાં આવે છે.

એક તરફ પશુઓને આ રીતે છોડી મૂકવામાં આવે છે, જેને લીધે આસપાસના વિસ્તારોમાં ગંદકી ફેલાય છે અને આ વિસ્તારોમાં રહેતા લોકો બીમારીનો ભોગ બને છે. આ મામલે તંત્રએ તાત્કાલિક પગલાં લેવા જોઈએ, તેવું સ્થાનિકોએ જણાવ્યું હતું. ■

# સુરેન્દ્રનગરમાં બિલ વગરના પાન-મસાલા સાથે ત્રણ ઝડપાયા

અમદાવાદઃ સુરેન્દ્રનગર એસઓજી પોલીસે બિલ વગરના અને ડુપ્લિકેટ જેવા લાગતા પાન-મસાલા અને બીડીનું વેચાણ કરતા ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે કુલ રૂ. ૪૧,૮૫૫નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂની સૂચના અને માર્ગદર્શન હેઠળ સ્ટાફ સુરેન્દ્રનગર ટાઉનમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ દિલુભા ઝાલાને માહિતી મળી હતી કે કેટલાક ઇસમો ગેરકાયદેસર રીતે બિલ વગરની અને ડુપ્લિકેટ જેવી ચીજવસ્તુઓનું વેચાણ કરી રહ્યા છે.

આ માહિતીના આધારે દરોડો પાડીને જાદવભાઈ ચતુરભાઈ બારૈયા (ઉં. ૫૩, રહે. રતનપર, મૂળ નવાણિયા), જયપાલભાઈ મનહરભાઈ કણઝરિયા (ઉં. ૨૪, રહે. રતનપર), અને ગોરધનભાઈ ધનાભાઈ નદિયાણિયા (ઉં. ૫૩, રહે. લક્ષ્મીપરા, સુરેન્દ્રનગર)ને પકડી પાડવામાં આવ્યા હતા.

પકડાયેલા મુદ્દામાલમાં બિલ વગરના અને ડુપ્લિકેટ જેવા લાગતા સિગારેટ, તમાકુ, જર્દો, પાન-મસાલા, બીડી વગેરેનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂ. ૪૧,૮૫૫ છે.

આ તમામ મુદ્દામાલ કબજે કરીને જોરાવરનગર પોલીસ સ્ટેશન ખાતે બી.એન.એસ.એસ. કલમ ૩૫(૧)(ઈ) અને ૧૦૬ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કેસમાં વધુ તપાસ ચાલુ છે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી. ■